સ્વદેશ બાળ કેસરી પત્રના અધિપતી ઉપર મુંબઈ હાઈકોર્ટમાં નામદાર જજ દીનશાહ ધનજીભાઈ દાવર સન્મુખ ચાલેલ

બાળ ગંગાધર
તીલક કેસ.

સંપૂર્ણ હકીકત તેમજ તેમનો ફેંસલો સાથે, ઉપરાંત મુંબઈમાં થએલ હુલ્લડો અને પંજાબીય લાગણી, પડેલી હડતાલો તેમજ એડવોકેટ જનરલને કરેલી અપીલ, તેમનો ચુકાદો, અને તેના ઉપર પ્રીવીકાઉન્સીલમા લઇ જવામાં આવનાર અપીલ, તીલકની તુરંગની મુલાકાતે પ્રસંગ, તેમની ધૈર્યતા, અને દેશના વર્તમાન પત્રોની આ બનાવ ઉપર તુકતેચીની વગેરે વગેરે વગેરેનો

સંગ્રહ કરી-પ્રગટ કર્તા

જૈન શુભેચ્છક પત્રની ઓફીસ

ભાવનગર.

કીંમત ચાર આના


શ્રી 'વિદ્યા વિજય' છાપખાનું-ભાવનગર

સૌંદર્ય વાર્તામાળા.

હિંદનું પ્રાચિન ગૌરવ સૂચવતી, અને દરેક રસના શોખીનોને તૃપ્ત કરતી કસ એવી કલમથી લખાએલી મનોરંજક વાર્તાઓ, જેવીકે **શુરવીર શીવાજી, હૃદય હારીણી. મયંક મોહીની, જયા, ચપંગલતા, નંદકુમાર** વગેરે ઓછે ખર્ચે પુરી પાડવાનુ નામ સૌંદર્ય વાર્તા માળા નામે પાક્ષીક કરેછે કે જે પાક્ષીક ભાવનગરમાં એ નામીઆના આશ્રયમાં મહીનામાં બે વખત બહાર પડેછે, અને તેના ગ્રાહકોને દર માસે છપાતા પોતીકને લગતી રસાળ વાર્તાઓના સંપુર્ણ ગ્રંથો મળે છે. આ પાક્ષીક (ચોપાનીઆ)નુ લવાજમ વર્ષના ફક્ત રૂ૨ બે અને ટપાલ ખર્ચ ૭ આના જુદું રસીક બંધુઓએ તાકીદે નામ લખી મોકલવા

પુરૂષોત્તમદાસ ગીગાભાઈ શાહ
સંપાદક "સૌંદર્ય વાર્તા માળા"
ભાવનગર

મૂળ પીઠિકા



" સ્વદેશ અને સ્વદેશ સેવા " એજ જીંદગીની સં... એવો પ્રશ્ન જે પ્રશ્નમાં કેવાયો છે, તે શબ્દોનો ... વાણીઓએ કર્યા છે, અને જેની નસેનસમાં નિષ્પક્ષપાત ભાવથી ... જન્તુઓમાં સ્નેહભાવ જોવાના શુભ વિચારો સર્વદા વાસો કરી ... તે દેશ કે પ્રાન્ત નાનો હો અથવા તો મોટો હો, ગરીબીનું ... સ્વદારીના હો, કે સશસ્ત્ર હો વાનો નિઃશસ્ત્ર હો પરંતુ તે ... દરેકની હરીફાઈમાં અંતે સ્નેહ પામે છે આ મહાન ... પ્રદેશો ચાનુભર્યા છે ત સહજમાં અપૂર્વ પ્રકાશથી આગળ ... અમેરિકા જેવો અંધારે પડેલો પ્રદેશ આજે ચારે રહ્યો છે ... જેવા જરા જેટલા ભાગનું નામ અત્યારે દરેક જીભે ગવાય છે. ... જેનું યુરોપને ખુણે પડેલું આધિપત્ય અત્યારે દરેક ભૂમિમાં પોતાનો પ... ધરાવે છે, આ મહાન અને અદ્ભૂત યુદ્ધના ભણકાર જાણે ... ઉપર પડયો હોય તેમ ... આ ... સ્મરણ ... અને નીતિ... કરતાં શીખેલ છે અને તેની ... વિશ્વ ... ... પાનાઓમાં કોતરાતી જાય છે.

આ સમયમાં પરિવર્તન ... જે પૂર્વ આવી રહી છે તેને અંગે ... દર ... નામે ... અને તેના પ્રતિનિધિઓ ... ... વચ્ચે બનતી ભિન્નતા થતી જોવાય છે. અધિકારી વર્ગ ... ગમે તેના પૂજ્ય ... પ્રત્યે ... અને તિરસ્કારની ન

જોતા શીખે છે, જ્યારે તેને અંગે વધતા જતા [illegible] વ્યવહાર જાપતાથી પ્રજા અસંતોષની લાગણીમાં મુકાએલી જણાય છે. આવા સંજોગો વચ્ચે પૂના ખાતે પ્રગટ થતા "કેસરી" પત્રના માલેક અને [illegible] મી. બાળગંગાધર તીલકનો રાજદ્રોહી લખાણ લખ [illegible] તની ચાલેલો મુકદમો હિંદ જ નહિ પણ યુરોપમાં એ દરેક [illegible] ખેંચી રહ્યો છે. કેમકે આ મુકદમામાં થએલ કામકાજ અને [illegible] રજુ કરેલ લાંબુ ભાષણ હિંદની વર્તમાન [illegible] ભવિષ્યની રૂપરેખા બતાવવાને પ્રમાણ શાસ્ત્રની [illegible] કહેવાય છે તે ભાષણને હિંદુઓ રામાયણ કે મહા [illegible] એક પર્વરૂપે અને મુસલમાનો કુરાનની શિક્ષાના ભાવે માટે [illegible] થી આ કેસ આ ગ્રંથમાં સવિસ્તર પ્રગટ કરવામાં આવ્યો છે એટલું જ નહિ પણ તેમાં કેસના છેવટ પછીના બનાવો હિંદની અશાંતિ અને અપીલની હિલચાલના ખબર પણ પ્રકાશમાં મૂકયા છે.

આવો કિમતી ગ્રંથ દરેક કુટુંબમાં અને દરેક ઘરમાં નિત્ય પાઠ તરીકે ઉપયોગમાં આવે તે અમારા આ સાહસનો હેતુ છે અને [illegible] શ્રમ ફળીભૂત થશું તેમ ઇચ્છી વિરમીશું.

ता. २२-७-१९०८ रात्रीथी ६ वर्ष

स्वदेश सेवा माटे देशनीकाल थयेला

मानवंत बाळगंगाधर तीलक



पुना खाते प्रगट थता "केसरी"

मालेक अने अधिपती.

તીલક કેસ

પૂના ખાતે પ્રગટ થતાં જાણીતા મરાઠી "કેસરી" [illegible] માલેક અને અધિપતી દેશ ભક્ત શ્રી. બાળગંગાધર [illegible] ઉપર પોતાના પત્રના તા. ૧૨મી મે અને તા [illegible] અંકમાં આવેલા લેખો [illegible] રાજદ્રોહી ઠરાવતાં [illegible] ફોજદારી કાયદાની કલમ ૧૨૪એ અને કલમ ૧૫૩એ [illegible] સૂદ્દી પકડવાનું વારંટ કાઢવામાં આવેલ હતું તેને [illegible] તેઓ જ્યારે મુંબઇ આવ્યા ત્યારે "કેસરી" પત્રની [illegible] ઇમા પણ સારા પ્રમાણમા વહેંચાય અને વંચાય છે. તેમ [illegible] તેઓ તા. ૨૪ની જુનના સન ૧૯૦૮ના રોજ સાંજના [illegible] કલાકે સુબાઇ સીતારામ બીલ્ડીંગમાં આવેલા સરદાર [illegible] "કાળ" પત્રના અધિપતી શ્રી. મહાદેવ સદાશીવ પરાંજપે [illegible] એના સામે પણ રાજ દ્રોહી લખાણના ગુન્હા માટે કામ [illegible] અને તે દીવસે જામીન ઉપર છુટા હતા, તથા તેમની સાથે [illegible] કરતા હતા, તેવામાં તે વારંટના આધારે છુપી પોલીસના [illegible] સ્લોન અને ઇન્સપેક્ટર શ્રી. પેટીગરાએ તેમને કબજે લીધા [illegible] તેમને તેઓએ વારંટ બતાવતાં શ્રી. તીલકે જણાવ્યું કે " [illegible] **દરેક ક્ષણે તમારી રાહ જોતો હતો** " અને તુર્ત [illegible]

૨

... શરો થઇ જતા તેમને તે રાગી ...

...શાંના હુકમ (વારંટ) ને શરટ થઇ જતા તેમને તે રાગી
...ની પોલીસ કોર્ટની ગોઠીમા ગજવામા આવ્યા હતા
તા ૨૫મી જુને તેમને વડા માજીસ્ટ્રેટ મી. એસ્ટન હજુર
...ના મુકદમો ચલાવવાને સરકાર તરફથી સોલીસીટર મી.
મી૦ જહાંગીર દાવર તથા અને મી૦ તીલક તરફથી પિલ્ડર
...પટીશ્ના, તેમજ વકીલો મી હિકીનુ તથા મી ગોડબ
હાજર થયા હતા

રજુ થયેલ મુકદમો.

મી તીલક પકડાયાના ખબર ગામમાં વીજળીની ઝડપે
...મ્યું હતું ... અનેક પ્રકારની વાતો ચલાવવા લાગ્યું હતુ.
જવાથી ટોળે ... કેસ રજુ થતી વખતે ...
... ત્રીજે દીવસે કોર્ટમા મુકદમો રજુ થતી વખતે ... પરંતુ
...લોકોની મોટી મેદની ... ભાગી હતી
...મે બંદોબસ્ત ઠીક જાળવી રાખ્યો હતો
સરકાર તરફથી પોલીસ વડા મી. ... ને મુકદમની ...
... શ્રી તીલકની ઓળખાણ આપતા જણાવ્યું કે તેના
...આનમા મી તીલકની ઓળખાણ આપતા જણાવ્યુ કે તેના ...
...ની પુષ્કળ નકલો મુંબઇમા આવે છે અને ખપે છે ... છે
...આમથી હું પણ તે ખરીદ કરૂં છું, તા ૧૨મી મેના અંકમાં

આપણા દેશનુ કુદૈવ

એ હેડીંગની નીચે લેખ હતો (જે આ પ્રમાણે છે)
... સ્વભાવથીજ ગરીબ અને શાતતા પ્રીય હીંદુસ્તા
...ની રૈયતની ... પહોંચાડવા લાગ્યો છે તે દુ...

કોઇને પણ અસ્વસ્થતા અને દુઃખ થયા વગર રહેશે નહીં. તેમા મુઝફ્ફરપોરમાં બે નીરપરાધી ગોરી સ્ત્રીઓ બૉંબ ગોળાની ભોગ થઇ પડી તેથી તો વળી ઘણાને બંડખોર પક્ષના લોકો માટે તીરસ્કાર છુટશે એ નીરવીવાદ વાત છે. આવા પ્રકારની બાબતો યુરોપી રૂશીઆમાં બનેલી છે અને હજી પણ બનેછે જે ઇતીહાસ પ્રસિદ્ધ વાત છે. પણ હીંદુસ્તાનનુ રાજકિય પ્રકરણ આ હદે પહોંચશે તેમ વકી ન હોતી.

અમારા ગોરા અધિકારીઓનો (bureaucracy) હઠ અને દુરાગ્રહ સ્વદેશોત્કર્ષ માટે સહન કરનારા તરૂણોને પૂર્ણ ના ઉમેદ કરીને બંડ ખોરના માર્ગમાં આટલા જલદી પ્રવરતાવશે એવું અમને લાગતું નહોતું, પણ ઇશ્વરના ઘરનો નિયમ કાંઇ જુદોજ છે, મુઝફ્ફરપોરમાં જે બૉંબ ગોળો ભિડાવવામાં આવ્યો તે કોઇ પણ વ્યકતી માટેના અગર એકાદ બદમાશ માથા ફરેલનાં કૃત્યથી થવા પામ્યું હોય એવુ સદરહુ બાબતમાં પકડાએલા લોકોની જુબાની ઉપરથી દેખાઇ શકતું નથી. મી. કેનેડીના ઘરની બે નિરપરાધી સ્ત્રીઓનો ભોગ અપાયો તે માટે ખુદ બૉંબ ફેંકનાર દેશમુખ ખુદીરામને પણ ગાહુ લાગ્યું છે, તો પછી બીજાઓ માટે શું લખવુ ? જે તરૂણ ગ્રહસ્થે એક ગુપ્ત મંડળી સ્થાપીને આ કામ ઉપાડ્યું, તેનાથી આવા અઘોર કૃત્ય વડે ઇંગ્રેજી સરકારનું રાજ્ય આ દેશમાંથી નાબુદ કરી શકાશે નહિ તેમ એ સારી રીતે જાણતો હોય તેવુ તેની પોતાની જુબાની ઉપરથી સીધ થાય છે, આ એકાદ ગુપ્ત મંડળી નીકળી તેટલાથી જુલમી અધિકા

शिविर लगाये जायें जिसके लिए क्रम बना लो तो अच्छा होगा।

सुबह

માણસોમાંથી કોઈએ પણ
વર્ગનો નાશ થશે એવું પકડાએલા માણસોમાંથી કોઈએ પણ
કહ્યું નથી. કેટલાક એંગ્લો ઈંડીયન વર્તમાન પત્રકારોએ "સો
બંદૂકો અથવા દશ પાંચ બોમ્બ ગોળા કર્યાથી ઇંગ્રેજરાજ જાય છે
કે શું ?" એવા ઉચ્છૃંખલ પણાથી પ્રશ્ન કરીને આ તરૂણોની
મશ્કરી કરી છે, પણ સદરહુ પત્રકારોને અમારી નમ્ર વિનંતિ છે
કે આ કાંઈ મશ્કરીનો પ્રસંગ નથી. જે બંગાળી તરૂણ ગૃહસ્થો
જે આવી ભયંકર બાબતો કરનારાઓ છે તે કાંઈ ચોર અથવા બદ
માસ વર્ગ માંહેલા નથી, જો તેવું હોતતો પોલીસ આગળ તેઓ
એ હમણાના જેવો ખુલ્લો ખુલ્લો જવાબ પણ દીધો ન હોત. બં
ગાળના તરૂણોનું ગુપ્ત કાવતરૂં રૂશીઆના બંડખોર લોકો પ્રમાણે
અધીકારીઓના ગુપ્ત ખુન કરવા માટે કદાચ હોય તો પણ તે
સ્વાર્થ માટે નહિ પણ અનિયંત્રીત અને બલાઢય ગોરા અધિકા
રી વર્ગની એકહથ્થી સત્તાથી ઉત્પન્ન થયેલા સંતાપથી થએલ છે,
એ તેઓએ આપેલી જુબાની ઉપરથી સ્પષ્ટ જણાય આવે છે.
રૂશીઆમાં (નીહીલીસ્ટ) લોકના વારવાર જે હુલ્લડ અને બંડ
થાય છે તે આવાજ કારણ માટેજ થાય છે તે સર્વની જાણમાં
છે, અને આવી દ્રષ્ટીથી જોઈએ તો સ્વદેશી અધિકારી વર્ગ
ના જુલમથી રૂશીઆમાં જે સ્થીતિ થઈ છે તેવીજ પરદેશી
અધીકારીઓના જુલમથી હીંદુસ્તાનમાં થવાની હવે શરૂઆત
થઈ છે એમ કહ્યા વગર ચાલતું નથી. ઇંગ્રેજ સરકારનું સામર્થ્ય
ઘણું મોટું અને અગાધ છે,
નાન સરકાર પ્રમાણે ઘણું મોટું અને અગાધ છે,

વાતની કોઇને પણ ખબર નથી એમ નથી પણ મનુષ્ય માત્ર ની ન્હન શીળતાની પણ કઈ હદ હોયછે અનીય રીત સત્તા ચલાવવા વાળા રાજ કર્તાએ હમેશા લક્ષમા રાખવુ જોઈએ કે બગબંગ થયો ત્યારથી બંગાળી લોકોના મન અતિ ક્ષુબ્ધ થયેલા હોવાથી ભાગવા કાયદા સર રીતથી રદ કરાવવા માટેના તેમના સર્વે યત્નો નિષ્ફળ થયા અને પછીન મે રલી અથવા હવે લોર્ડ મોરલીએ પણ તે ભાગલાએ ને માટે દુર્લક્ષ કર્યું જે જગજાહેર છે આવી સ્થિતિમા બગાળના થોડા લોકોના માથા ફરી જવાથી તેઓએ અત્યાચારમા પ્રવર્તન થવુ એવુ અધિકાર મદથી મગ્ન થયેલા ગોરા અધિકારીઓ શીવાય આ જગતમા બીજાં કોઇને પણ લાગનારનથી ઘરમાં પુરેલા બિલાડાને પણ પુરનારના સામે દોડી જઈને મારવાનો પ્રયત્ન કરવો પડે છે, એવો અનુભવ છે તો પછી બંગાળી લોક ગમે તેવા નીર્બળ બની લેવાસાં આવેલા હોય તો પણ તે માણસો છે, અને બીજા મનુષ્ય પ્રમાણેજ તેના મનોવિકાર પ્રસંગાનુસાર તીવ્ર અને સૌમ્ય થઈ શકે છે, એવું અંગ્રેજીકારી વર્ગે મનમા ગણવાની જરૂર નહોતી શુ ? હિંદુસ્તાન દેશ આજ ઘણા વર્ષ થયા પરદેશી રાજાના અમલ નીચે હોવાથી હીદુ લોકોના શરીરનુ તેજ અને આવેગ કમી થઈ ગયો છે ખરો, પણ ગમે તેમ થાય તે પણ આ સંતાપ નષ્ટ થવો સંભવિત નથી વયો વૃદ્ધ અને વજનદાર આગેવાનોના અનુભવથી અથવા વિચારથી આ સંતાપ કેટલીક હદ સુધી કાયમ

ખતા આવડશે, પણ દેશના બધા લોકોથી પોતાનો અ. સંતાપ અથવા ચીડ એવી રીતે હદમા હમેશાં રાખી શકાશે નહિ. કીંબહુના આવી રીતે આ સંતાપ જે દેશમાં સદૈવ વિવક્ષીત મા રહી શકે છે, તે દેશના લોકોના નસીબે બ્રહ્મદેવે કાયમની ગુલામગીરી લખેલી છે એવું કહેવાને કોઇ જાતની હરકત નથી. અમારા રાજકર્ત્તાને આનુ તત્વ ખબર નથી એમ નથી. ઇંગ્રેજી રાજ્ય આ દેશમાં પારકુ અને પરધર્મી છે, એ ધ્યાનમાં રાખીને જ ઇંગ્રેજી રાજ્યપદ્ધતીનુ ધોરણ ઇંગ્રેજી મુત્સદીઓએ ઠરાવેલ છે એક દેશે બીજા દેશ ઉપર રાજ્ય કરવામા સ્વાર્થ એજ રાજ્યકર્ત્તાનો પ્રધાન હેતુ હોય છે, પણ તે હદમા રાખેલો હોય છે. કેટલાક ઇંગ્રેજી ગ્રંથકારોએ ઉદાત સ્વાર્થ (Enlightened self-interest) એવું નામ દીધું છે. હીંદુસ્તાન દેશમાનું ઇંગ્રેજી રાજ્ય એજ તત્વ ઉપર ચાલેલું છે, પણ તેમા જે મોટી ભુલ થાય છે તે એ છે કે પ્રજાની અથવા પ્રજાના આગેવાનોની સલાહ કે મત ઇંગ્રેજી અધીકારી વર્ગ અમારા રાજ્ય કારભારમાં બીલકુલ લેતો નથી. પ્રજાનુ હિત શેમા છે એ ઠરાવવ નો સર્વ ઇજારો ગોરા અધિકારીઓએ પોતાના હાથમાં રાખેલો છે. અને તેઓને એવો ગુમાન છે કે અમે અમારા ડહાપણથી અથવા અતિ સ્વાર્થબુદ્ધિથી જે જે કાઇ કરીએ અથવા જે જે ધોરણ રાખીએ તેજ પ્રમાણે હીંદુસ્તાનના લોકોએ તકરાર વગર અંગીકાર કરીને અમને ફુવા દેવી જોઇએ. પરંતુ પાશ્ચિમાત્ય શિક્ષણના પ્રસારથી આ સ્થિતિ રહેવી હવે અશક્ય છે રાજ્યકર્ત્તાનો સ્વાર્થ ગમે તેટ

હોય છે તો પણ હીંદુસ્તાન દેશને તેથી કરીને નુકસાન છે, અને આ નુકસાન અટકાવવામાં ગોરા અધિકારી વર્ગના હાથમાંની સત્તા હળવે હળવે અમારા હાથમાં આવવી જોઇએ, તે સિવાય ચાલે તેમ નથી એવી સમજણ આજકાલ ઘણા હિંદીવાનોની થઇ જવા પામી છે, આવા પ્રકારની સમજણથી પરિણામે રાજકર્તા અધિકારી વર્ગને નુકસાન હોવાથી સદરહુ સમજ ઉભી કરનારા લેખ, વ્યાખ્યાનો કે અલ્પ સાધનો તદન ઉખેડી નાંખવાને અહીંનો ગોરો અધિકારી વર્ગ ઉત્સુક થએલો છે. રાજકારભારનું સર્વ ગાડું કેવળ તેઓના મત ઉપર હાંકતું રાખ્યું હોત અને સભા પ્રતીબંધ કાયદા પ્રમાણે આજ સુધીમાં અનેક જુલમી કાયદાઓ થયા હોત તો હિંદુસ્તાન પણ રૂશીઆ બની ગયું હોત. પરંતુ ઇતિહાસનો અનુભવ, વિલાયતનું પ્રજાપક્ષિય લોકમત અને જાપાન જેવા પડોશી રાષ્ટ્રના અભ્યુદયથી એશીયાખંડમાં થએલી જાગૃતિએ અમારા ગોરા અધિકારી વર્ગના જુલમી ધોરણની આડે આવીને સદરહુ અધિકારી વર્ગના બાદશાહી અમલમાં કેટલી અડચણ નાંખેલી છે, તથાપી ઉત્તરોત્તર સ્વરાજનો હક્ક મળવાની લોકોની ઇચ્છા અધીકાધીક પ્રબળ થવાથી લોકની ઇચ્છા પ્રમાણે જો તેમને હળવે હળવે હક્ક મળતા જશે નહિ તો પ્રજામાંના કેટલાક લોકો સંતાપથી દુખીત થઇને સારાસારનો વિચાર ન કરતાં ઘોર કૃત્ય તરફ થયા વિના રહેનાર નથી. ખુદ ના૦ ગોખલેએ વરીષ્ઠ કાયદા કાઉનસીલ આગળ આપેલાં એક ભાષણમાં આવાજ પ્રકારની એક ઇશારત વાઇસરોયની સમક્ષ અમારી સરકારને કીધેલી

—

હતી, અને લાલા લજપતરાયને વગર ચોકસીએ કાળે પાણીએ મોકલી સભા બંધીની જાહેરનામા જ્યારે બહાર પાડયાં ત્યારેજ અમારા પ્રમાણે બીજા દેશી વર્તમાન પત્રકારોએ સરકારને એમ સ્પષ્ટ જાહેર કર્યું હતું, કે સરકાર જો આ પ્રમાણે જુલમી રૂશીઅન રાજપદ્ધતી અંગીકાર કરશે તો હીંદુસ્તાનની પ્રજાને પણ રશીઅન પ્રજાનું કેટલેક અંશે અનુકરણ કરવાની ફરજ પડશે! "જેવા બી રોપીએ તેવો પાક ઉતરે છે" તે કહેવત સુપ્રસિદ્ધ છે. અમને ગમશે તેવા જુલમો અમો કરીશું, અમને ગમશે તેને ચોકશી વગર કાળા પાણીએ મોકલશું. અમને ગમશે તે પ્રમાણેના કાગદા કરશું, અમને ગમશે તે સભા બંધ કરશું અને અમને ગમશે તેઓ ઉપર રાજ દ્રોહના કેસો કરીને તેઓને તુરંગમાં મોકલીશું. તમે માત્ર આ બધી વાતો મુગાં રહી સહન કરજો પણ તમારા ... પો અને આવેશોને હદ બહાર જવા દેશો નહીં. એવું રાજકરતાઓ પોતાની પ્રજાને કહેવા નીકળવું, એટલે સામાન્ય મનુષ્ય સ્વભાવની પોતાને ઓળખ નથી એવું લોકોને પ્રદર્શીત કરવું એવું થાય છે. મુઝફ્ફરપુર બાબત ઉપર લખતાં એંગ્લો ઇન્ડીયન પત્રકારોએ આવી મોટી ભુલ કરેલી છે. આ ત્રેઉ અધીકારી વર્ગના ત્રાસદાયક વર્ણન ઉપર અધવા શીરજોરપણા ઉપર કડક ટીકા કરનારા હિંદી આગેવાનોના લેખોથી ...ના લખ.ણોથીજ હાલની ભયંકર સ્થિતિ થવા પામી છે. આવા ... તેઓએ સદરહુ આગેવાનો ઉપર મૂક્યાં છે, અને વધુ

એવી ભલામણ કરી છે કે આગેવાનોના ભાષણો અને લેખો ઉપર અથવા હીલચાલ ઉપર આપણી સરકારે વધુ સખત બનવું જોઇએ. અમારા મત પ્રમાણે આ સૂચના કેવળ ઘેલાપણાની છે. અતીશય વરસાદ પડવાથી નદીમાં આવેલા પુરને લઇને નદીના બંધ ઘસાઇ પડવા માટેનો દોષ પુરને માથે ન ચઢાવતાં જે પ્રમાણે વરસાદને આપવો જોઇએ તે પ્રમાણે બેદરકાર અને અનીયંત્રીત અધિકારી વર્ગના જુલમી કૃત્યોથી જે અસંતોષ અને સંતાપ ઉત્પન્ન થાય છે, તેથી પ્રજામાં કોઇક ઠેકાણે કાયદાની મરજાદાનું ઉલંઘન થાય તો તેનો દોષ અનીયંત્રીત અધિકારી વર્ગની રાજપદ્ધતી ઉપર મૂકવા જોઇએ. કોઇ પણ મનુષ્ય પોતે પોતાની સ્થિતી જોઇ શકતો નથી તે ખરૂં છે. પૃથ્વી ગમે તે ફરનાર કરોડો લોકોને પોતે નથી ફરતાં અને જગત ફરે છે એવું લાગે છે પણ જાણકારોએ આવા ભરમમાં ન પડતાં કોઇ પણ વાતોનું ખરૂં કારણ શોધી કાઢવા તરફ પોતાનું લક્ષ પહોંચાડવું જોઇએ. નક્શામાં સાપસાપ કરીને દોરી ઉપર તોડન કરતાં બેસવામાં કોઇ પણ ફાયદો નથી.

હિંદુસ્તાનમાંના અનીયંત્રીત લોગ અધીકારી વર્ગની સત્તા દહાડે દહાડે લોકોને અસહ્ય થતી ચાલી છે આ સત્તા અધીકારી વર્ગ પાસે ન રહેતાં પ્રજાના પ્રતિનીધિઓના હાથમાં આવે એવા પ્રયત્ન હિંદુસ્તાનના સર્વ વિચારી પુરૂષો કરી રહ્યા છે કેટલાકોને એમ લાગે છે કે આવા મદાધ અધિકારી વર્ગની બીનગતી કરીને અથવા તેઓની ઉપર દેખરેખ રાખનારી જે બીલાયત સરકાર છે તેને અરજ કરીને ચેળવી શકાશે. બીજા કર

લોકોને આ વાત અસંભવિત લાગતી હોવાથી નાક પકડયા મોઢું ઉઘડતું નથી એ કહેવત મુજબ હાલના રાજકરતાના ગાડાં ને કોઇ પણ ઠેકાણે ઘાંચ આણ્યા વગર પોતાનો ઇષ્ટ હેતુ પાર પડનાર નથી એવું તેઓના મનને લાગ્યું છે. જે જોઈતું હોય તે સ્પષ્ટ રીતે માગી લેવું અને અડચણો નાખવાનો માર્ગ હાથ ધરીને તે પ્રાપ્ત કરી લેવું એવું આ પક્ષનું કહેવું છે પણ દેશમાંના ત્રીસ કરોડમાંથી એકપણ પુરૂષે આ રાજ્ય પદ્ધતીથી ઉત્પન્ન થતા સંતાપના અથવા આવેશના ઉભરાથી ઉપરના બે માર્ગોની પેલી બાજુએ જવું નહી એવું કહેવું એટલે હિંદુસ્તાનમાંના ત્રીસ કરોડ લોકનો સંતાપ અને આવેશ સદૈવ અમુક ડીગ્રીની અંદર રહેવો જોઇએ એવું કહેવા જેવું થાય છે. ઉનાળામા સુર્યનારાયણ મધ્યાન કાળે આવે ત્યારે મારવાડનો રૂક્ષ પ્રદેશ દારજીલીંગ અથવા સીમલા તરફના પ્રદેશ જેટલો જ ઠંડો રહેવો જોઈએ એવી જો કોઇ પણ ઇચ્છા કરે કીંવા પ્રયત્ન કરે તે જેવી રીતે વ્યર્થ થાય, તેવીજ રીતે લોકોને અપ્રીય થઇ પડે એવી રાજ્યપદ્ધતિથી પ્રજાના મનમાં ઉત્પન્ન થએલો સંતાપ અને આવેશ અમુક એક હદનીજ અંદર બેશાને માટે સર્વ સ્થળે રહેવો જોઇએ એવી ઇચ્છા કરવી કે પ્રયત્ન કરવો એ વ્યર્થ છે. મુજફરપુરના બોંબ ગોળાના પ્રકરણ ઉપરથી અને તેમાં સપડાયેલાં તરૂણ બાહુરશ્યોની જુબાની ઉપરથી .મારા રાજકર્તાએ કાંઇપણ બોધ લેવો હોય તો તે નોજ છે. અમે ફરી ફરીને આજ વાત તેઓના કાને નાખવાની નમ્રપણે .ગી લઇએ છીએ. અમને ખબર છે કે મુઝફ્ફરપુરમા થયા

મેલા પ્રકારનું અનર્થ અમારી સરકારથી ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને-સખતાઇથી તાબડ તોબ બંધ કરી શકાશે, પણ શંતતા રાખવાને આવા ઉપયોગની હાલમાં જો જરૂર હોય તોપણ તેથી ગુસ્સાનું મૂળ કોઇપણ રીતે નીર્મૂળ થવાનું નથી. અને શરીરનો રોગ જ્યાં સુધી નીર્મૂળ થયો નથી ત્યાં સુધી એક- ઠેકાણાનું ગુમડુ કાપી નાંખીયે તો પણ બીજે ઠેકાણે તે ફરીથી ઉદ્દભવનાર નથ એવી ગેરેંટી કોઇથી પણ આપી શકાવાની નથી. હીંદુસ્તાન સરખા ગરીબ અને કેવળ રાજનિષ્ટ અને ઘોર કર્મથી પરાંગમુખ રહેલા દેશમાં આવા દિવસો આવે એ પ્રજા અને રાજા એ બેઉના મોટા દુર્દૈવ છે. દેશમાં શાંતતા રાખવાની જેઓ ઉપર જવાબદારી છે તેઓએ આવા પ્રકારના અનર્થ થાય કે તાબડતોબ બંધ કરવા જોઇએ, તે માટે કોઇનો પણ મતભેદ નથી, પણ આવા ભયંકર અનર્થની પુનરાવૃત્તી ન થવા માટેનાં ઈલાજ કરવા જોઇએ, તે માત્ર દુરદર્શીપણાથી અને વિચારોથી કરવાં જોઇએ. હીંદુસ્તાનની રાજ્યપદ્ધતી પ્રજાને અપ્રીય થઇ પડેલી છે, એટલુંજ નહી પણ સદરહુ રાજપદ્ધતિમાં સુધારણા થાય તે માટે લોકોએ અનેક વખતે કરેલી વિનંતિઓ બનાદર થવાથી કેટલાક શુશીક્ષિત લોકપણ સંતાપના ઉસરામાં દેહભાન વીસરી જઇને ભયંકર કૃત્યો કરવાને પ્રવૃત થવા લાગ્યા છે એ હવે ખુલ્લું થયું છે. રાષ્ટ્રના સમાધાન અથવા બીચારી પુરૂષોને આવા પ્રકારનું આતતાઇ પણ ઠીક લાગશે નહી, કીંબહુના આવા પ્રકારના આતતાઇપણાથી પ્રતીકાર ન થતાં કેટલોક વખત સુધી જુલમ થવાનો

છે, પણ રૂશીઆના ઇતિહાસ તરફ નજર કરીએ છીએ તો એમ જણાય છે કે આવા પ્રકારનો અત્યાચાર અથવા આતતાઇપણું ...કો ઉપર અધિકાધિક જુલમ કરવાથી કાંઇ બંધ થતાં નથી, રાજકીય હક્ક સંપાદન કરવા માટે લાખો વખત સુધી ખટપટ કરવી જોઇએ છીએ, અને તે ખટપટ પણ શાંતપણે, ધીમેપણે, અને રીતીસરની સનંદશીર રીતિથી ...ી જોઇએ છીએ, તે ખરૂં છે! પણ આવી ખટપટ ચાલની ...ને દરમિયાન સમાજમાંથી કોઈ પણ માણસ ઉપર બળ થશે નહિ એવી જોખમદારી ન લેવા થી રાજકીય હક્ક માટે ખટપટ કરનારા સર્વ લોક રાજદ્રોહી છે એવું કહેવું સુક્ત કેમ થઇ શકશે એ અમને સમજાતું નથી, શોક થી અંતઃકરણ અતિશય સંતાપ થાય ત્યારે મનુષ્યની આંખોમાંથી એકાદ આંસુ પણ પડવું ન જોઇએ એવો પ્રતીબંધ નાંખવો જે પ્રમાણે ...છે, તે પ્રમાણે હીંદુસ્તાન ઊપર બળજબરીથી અને ...રલેર પણાથી રાજ્ય કરનારી અમીરઉમરાવ રાજ્યપદ્ધતિની લોકોને ...ટલીક મહાશય કે જેથી કરીને કોઇ પણ માણસ સંતાપથી અ...ચાચારમાં પ્રવૃત ન થાય એવી આશા રાખવી વ્યર્થ છે. કેટલીક ...દી વર્તી સીવાય દેશમાં તો સુશીક્ષિત અને અશીક્ષિત વર્ગ ...ણુ સુધી કાયદેસર અથવા સનંદશીર મરયાદાનું ઉલંઘન કરવાને ...ત થયો નથી. કોંગ્રેસના એવી ઇચ્છા પણ તેઓનાં મનમાં ...હજી નથી એમ કહેવું તો પણ ચાલશે આવી સ્થિતીમાં મુઝ...ફરના ભયંકર પ્રકરણની જવાબદારી આ વર્ગ ઉપર નાંખવી, ...નેઓના હાથ ઉપર રાખ દેવા જેવું છે. વીસમી સદીની

શાણી સરકારને આ વાત સમજાતી નથી એવું નથી. પણ અની યંત્રીત સત્તાનો મદ અને સ્વજાતી માટે ફાયદો કરવાની હોંશ એટલી વીલક્ષણ હોય છે કે તેથી શાણા લોક પણ પ્રસંગે આવળા બની જાય છે. હાલનો હીંદુસ્તાનનો પ્રસંગ એવોજ છે. મોટા મોટા ગોરા અધિકારીઓનાં ખૂન કર્યાથી અંગ્રેજ રાજ્યની ઇમારત ધસી પડનાર નથી. એક ગયો તો તેની જગોએ બીજો આવશે, બીજો ગયો તો તેની જગોએ ત્રીજો આવશે, એટલું ન સમજાય એવું સુર્ખ કોઇપણ નથી પણ રાજકીય હક્ક મેળવવા માટે કરેલી શાંતતાની સર્વ હીલચાલો નીષ્ફળ થાય છે, એવું નજરે આવવા પછી અને બીજા વોના સર્વ માર્ગો નાબુદ થયા પછી હરણ જે પ્રમાણે પરાધી ઉપર પોતાના પ્રાણની તદ્દન પરવાર ન રાખતા તેના ઉપર તુટી પડે છે તેજ પ્રમાણે તરૂણોમાંના કેટલાક લોકોના મન આતતાઇપણા તરફ લાગ્યા છે, આ વાત મુજફરપુરના પ્રકરણ ઉપરથી સરકારે લક્ષમાં લેવી જોઇએ. આ અત્યાચારમાં કોઇપણ સમજુ રાજી હોય તેમ નથી પણ આ નિરૂપાયની ઘાંચ (એટલે તે પણ સંતાપ અને નીરાશાથીજ ઉત્પન્ન થાય છે) નાખવા જવા તદ્દન ટાળવી પ્રજાનેજ નહીં પણ રાજાને પણ ખરાબ છે. ખરી રાજ્યનિતિ મટે કહીએ તો આવા પ્રકાર ઉપર આ વાત ન આવવા દેવી એજ છે. અમે તેજ નીતિ સરકારને મોકળા મનથી અને સ્પષ્ટપણાથી આ પ્રસંગે સુચવીએ છીએ મુઝફરપુરમાં બનેલો બનાવ ભયંકર હોવાથી તેનો અમો નિષેધ કરીએ છીએ એવું સરકારને નમ્રપણે જણાવ્યું

વવા પ્રજા તરફથી પોતાનું સર્વ કર્તવ્ય કરી ચુકયાનું અમને લાગતું નથી. આવા ભયંકર પ્રકારો બનવા ન પામે અથવા આટલી હદ સુધી જવાનો પ્રજામંના કોઇને પણ પ્રસંગ ન આવે એવી સર્વની અંતઃકરણપૂર્વક ઇચ્છા છે, પણ રાજયકર્ત્તા અધિકાર વર્ગની ઇચ્છા પ્રજાની ઇચ્છા બાજુપર મુકી તેની કસોટી કરવાની છે, તેનો પણ આવે વખતે વીચાર થવો જરૂરનો છે, તે શીવાય રાજકર્તા અને પ્રજા વચ્ચેના વ્યવહારો સરલ રીતે ચાલી શકવાના નથી. મુઝફરપુરમાં બનેલો બનાવ ખેદજનક છે. યોગ્ય નથી એમ અમે ઉપર કહી ગયાજ છીએ, પણ તે જે કારણોથી થવા પામ્યો તેના કારણો જેવાને તેવાજ હવે પછી કાયમ રાખવામાં આવશે તો પછી આવા ભયંકર પ્રસંગો તદન બંધ થવા અમારા મત પ્રમાણે શકય નથી. અને તેથીજ આવા અની ષ્ટ પ્રકાર તદન બંધ કરવા માટે જે તજવીજો કરવી જોઇએ તે અમે સરકારને આજે વખતે સૂચવીએ છીએ રૂશીયા, જરમની, ફ્રૅન્સ, વીગેરે દેશોમાં " નીહીલીસ્ટો " નો જે પક્ષ ઉપસ્થીત થયો છે તેવોજ હવે અહીંયા ઉભો થવાનો વખત અમારાં દુરદૈવે આવી લાગ્યો છે, જેથી આ વખત ટાળવા માટેની અને વીષવૃક્ષ વધવાં ન દેવા માટેની વાત સર્વસ્વ સરકારનાજ હાથમાં છે, જુલમથી અથવા શકિતથી દેશને થનાં આ ગુમડાંઓ કદી પણ કાયમને માટે સારાં થનાર નથી. રાજ્ય પદ્ધતિમાં સુધારણા કરવી એ આ રોગ ઉપર આવાની દવા છે અને સદરહુ દવાનો અધિકારી વર્ગ ઉપયોગ આવે વખતે નહી કરશે તો તે અમારૂં સર્વનું

મોટું દુર્દૈવ સમજવું જોઇએ અમારૂં આ લખવું સરકારી વર્ગ ને કદાચીત અપ્રીય લાગશે પણ તેને માટે અમારો ઈલાજ નથી. કારણ એકજણ કહી ગયેલો છે તે પ્રમાણે મીઠું અને હિત કારક એવું ભાષણ દુર્લભ છે. અમોએ જે કાંઇ ઉપર કહેલું છે તે અમારા મત પ્રમાણે ખરૂં અને વ્યાજબી હોવાથી પરીણામેં રા જકરતાઅને પ્રજા એ બેઉને હીતકારક છે, આટલાથી જો અમારા લખવાનો કાંઇપણ ઉપયોગ ન થાય તો દેશના મોટા દુરદૈવ સમજવાં. બીજું શું ? અને એક વખત દુરદૈવ થયું એટલે પછી શું શું થવા પામશે તે પણ કોણ કહી શકશે ? અનરથો અથવા સંકટો કોઇને પણ પ્રિય હોતા નથી, પણ તે ટાળવાનું-કામ કોઇ કોઈ વખત ઇશ્વર અમારે હાથ સોંપતો નથી, હાલનો પ્રકાર આવોજ થતો ચાલ્યો છે અને સરકારી અધીકારી વર્ગને આની કદર રહેશે નહિ તો તેને અમે પણ શું કરીશુ?

ઇસારો કરવો એ અમારૂં કામ છે અને પરમેશ્વરને અને સત્યને સ્મરીને અમે તે કર્તવ્ય બજાવીએ છીએ. દેશની સ્થિતિ કષ્ટમય ન થાય તે અમને પણ ઇષ્ટ છે પણ તે સાથે હાલની દુઃખાની સ્થિતિ જલદી સુધરવી જોઇએ. એવો આગ્રહ પ ..નો જે અમારો હક્ક છે તે પણ અમારે બજાવવો જોઇએ. ..ના કારણ ભાભરી જવામા કાંઈ અર્થ નથી. ગોરા અધિકારી .. કીવા એ ગ્લો ઇન્ડીયન પત્રકારો મુજફ્ફરપુરબાબતમાં મોટી ..તાથી અમારા પ્રયત્નોની તીવ્રતા ઓછી કરવાના કામમાં .. . કરી લેશે એ અમારી જાણમાં છે. કેમકે તેમાં

સ્વાર્થ પણ રહેલો છે. પણ મુઝફ્ફરપોરના, કેસોનો નીરીધ કરતા વસ્તુ સ્થિતીનું એંગ્લો ઇન્ડીયન લોકો તરફથી જે આ વીપરયાસ થાયછે તેનો પણ જોરથી નીષેધ કરવો એ અમારૂં કર્તવ્ય છે. રાજ્ય કરતા અધિકારીઓનું ખુન ન થાવા દેવામાં પ્રજાએ સહાયકર થી જોઇએ. જે પ્રમાણે પ્રજાનો ધર્મ છે, તેજ પ્રમાણે રાજ્યપદ્ધતિ બેદરકાર ન રાખતાં ચાલુ વખતને ઓળખી જઇને તેમાં લોક મતનો પણ સમાવેશ કરવો એ રાજ કર્તાનુ જ કર્તવ્ય છે, આ કર્તવ્ય વીસરી જઇને દુર્લક્ષ કરીને રાજ્ય કર્તા પુરૂષોએ પ્રજાનો ધર્મ માત્ર તેઓ પાસેથી અપેક્ષાપ્રમાણે પળાવવો શક્ય નથી, એટલુંજ નહિ પણ બેમાના કોઇને પણ ફાયદા કારક નથી એવુ રાજ્ય ધર્મ શાસ્ત્ર કહી રહ્યુ છે. ધર્મનો જ્યા નાશ થાય છે ત્યાં કોઇને કોઇ વખતે પણ મુઝફ્ફરપુરના જેવા અનર્થો થાય, તેમાં નવાઇ જેવું નથી, માટે આ પ્રકારો ન બને તેવી જો રાજકર્તાની ઇચ્છા હોય તો પોતાની હાલની રાજ્યપદ્ધતિનોજ તેઓએ પહેલાથી અટકાવ કરવો એવી અમારી તેઓને સુચના છે અને તેટલાજ હેતુથી આજનો લેખ લખ્યો છે. ”

મુકદમો મુલતવી

ઉપરના લખાણને દોષિત જણાવવા પછી સરકારી ટ્રાન્સલેટર મી. બોવને પોતે મુકદમો ચલાવવા જેટલો તે તૈયાર ન હોવાથી મુલ્તવી રાખવાને નામદાર કોર્ટને અરજ કરી હતી. જેના સામે મી. દાવરે વાંધો લેવા પછી જજે રીતસર જુબાની ફરીયાદ પક્ષે રજુ કરવી જોઇએ તેમ જણાવી મુકદમો તા. ૨૯ મી ઉપર મુલ્ત

વી રાખ્યો હતો. એટલા ઉપરથી મી. દાવરે મી. તીલકને જામીન ઉપર છોડવાની અરજ કરી હતી અને તે માટે ઉંચટ

એક લાખ રૂપીઆના જામીન

આપવાની પણ તેમણે તૈયારી બતાવી હતી. પરંતુ મી. એમને આરોપ ગંભીર છે તેમ જણાવવાથી માજીસ્ટ્રેટે જામીન ઉપર છોડવાની અરજ ના મંજુર કરી હતી. આટલા ઉપરથી મી. મરાઠે વકિલ વગેરે મી. તીલકને પોતાના કેસના સંબંધમાં માહિતી આપવા માટેના ઠીકાણીઓની મુલાકાત લેવી જોઈએ અને તે માટે તેમને તુરંગમાં લઈ જવાથી અગાઉ આવે ગયા કોર્ટની ઓફીસમાં રાખવા અરજ કરી હતી. પરંતુ તેમ થવાથી બંદોબસ્ત બહુ સારી રીતે જળવાશે નહિં એમ તેની અગાઉ પોલીસ સુપ્રીન્ટેન્ડંટે બતાવવાથી માજીસ્ટ્રેટે તુરંગમાં માત્ર વકીલોને મળવા જવાને રજા આપી હતી જેથી મેસર્સ ખરે, બેપટીસ્ટા, કોરથ, ડિલિન, બાપટ અને મી. ગાંધી વગેરેએ મી. તીલકની મુલાકાત લીધી હતી. ત્યારે ફરી મુલાકાત માટે શનીવારે દશ વાગતે મી. તીલકને કોર્ટમાં બોલાવી આપવાને માજીસ્ટ્રેટે જણાવવા પછી તેમને તુરંગમાં લઈ જવામાં આવ્યા હતા. કે જે વખતે મી. તીલકનાં દર્શન કરવાને માર્ગ ઉપર હજારો લોકો ખડા રહ્યા હતા. અને વંદેમાતરમ્ તથા "તિલક મહારાજકી જય" ના હુરા ઉચ્ચારી પોકાર કરતા હતા.

ઘર તથા ઓફિસની પુનામાં જડતી.

મુંબઈની છુપી પોલીસના ઈન્સ્પેક્ટર મી. સુપીસન તેજ સાંજના ગાડીમાં તીલકની પુના ખાતેની ઓફિસમાં જડતી લેવાનું કામ

રેસી પકડી ટ્રેનમાં પૂને કપડી ગયો હતો અને ત્યાંના પોલીસ અમલદારો મી૦ કેનાસ અને મી૦ પાવરને સાથે લઇ મી૦ તીલકની ઓફીસને જપ્ત કરી સીલ મા૨્યાં હતાં, અને તેને હથિયાર બંધ પોલીસની અટકાયત નીચે મૂકી તેઓ ત્યાંથી મી૦ તીલકના રહેઠાણના મકાને ગયા હતા. અને ત્યાં તેમના કુટુંબને બહાર કાઢી મકાન જપ્ત કરવામાં આવ્યું હતું. અને તે પછી બંને ઠેકાણે તપાસ ચલાવી કેટલાક કાગળો વગેરે હાથ કરવામાં આવ્યા હતા

આ બનાવથી પૂનામાં મોટી ઉશ્કેરણી ફેલાઇ રહી અને ટોળાબંધ લોકો તેમની ઓફિસ નેગજ ઘર પાસ એકઠા મળી "તીલક મહારાજકી જય" "શીવાજી મહારાજકી જય" તેવા પોકારો કરવા લાગ્યા. બજારમાં દુકાનો બંધ થવા લાગી અને થોડા વખતમાં હડતાલ પડી ગઇ હતી. બીજી તરફથી પોલીસ પાયદળ ઘોડેસ્વાર લશ્કરની ટુકડીઓ ચોતરફ ફરી વળી અને પોલીસ તથા પ્રજાના સહજ તોફાન સાથે ભિન્ન પમાર થયો હતો જ્યારે મજૂર પછી મી૦ સાલીવાન અને બીજા પોલીસ અમલદારો મોટરમાં બેસી શિવાજી સમાધી વાળા સિંહગઢ કે જ્યાં મી૦ તીલકના કેટલાક ઘરો છે ત્યાં જઇ ત્યાંથી કેટલાક નવું કાગળો મેળવી મુંબઇ ઉપડી ગયા હતા

શનીવારની હકીકત.

ગુરૂવારે નામદાર માજીસ્ટ્રેટે હુકમ આપવા પ્રમાણે શનીવારે બપોરના જેલમાંથી મી૦ તીલકને સેન્ટ્રલ પોલીસ કોર્ટની ચોકીમાં લાવ્યા હતા અને તે વખતે ધરના હિમાયતી તરીકે મી૦ કરંડીકર મી૦ ગાડગીલ, મી૦ દીક્ષીત, મી૦ ખરે, મી૦ બાપટ, મી૦ ગાંધી વગેરે એમુલાકાત લેવા પછી તેમને પાછા જેલમાં લઇ જવામાં આવ્યા હતા

બીજું તોહોમત.

શનીવાર તા૦ ૨૭ મીએ સાંજે ડીટેક્ટીવ સુપ્રીન્ટેન્ડેન્ટ મી૦ સ્લોન તથા સરકારી સોલીસીટર મી૦ બ્રેવન એ ચ્નેગો મેદાનની પોલીસ કોર્ટમાં વડા માજીસ્ટ્રેટ મી૦ એસ્ટન પાસેથી કેમ્પ પત્રના તા૦ ૯ મી જુનના અંકમાં આવેલો એક બીજો ફકરો રાજ્ય દ્રોહી છે. તેમ જણાવી ફોજદારી કાયદાની કલમ ૧૨૪ એ અને ૧૫૩ મુજબના આરોપ માટે વારંટ મેળવ્યું હતું. જે લખાણ નીચે મુજબ હતું.

"આ અહંકારગેરી સરકારે વળી પાછી જુલમતાની રાજનીતી શરૂ કીધી છે. જનતાનો શેતાન હીંદી સરકારના દીલમાં દર પાંચ કે દસ વરસે ભરાય છે. હાલનો પ્રસંગ પણ તેવાજ પ્રકારનો છે જાહેર સભા સામે અટકાવ નાખનારો કાયદો લોર્ડ મોરલી હીંદી પ્રધાન થયા તે પછી પસાર કરવામાં આવ્યો હતો તથા હમણાં હીંદી વર્તમાન પત્રોને લગતો કાયદો પસાર થયો છે લીબરલ ટોળી રાજ્યાસન ઉપર છે તથા મી૦ મોરલી જેવો એક ફીલસુફ તથા લીબરલ પક્ષના નાયકોનો શિખામણ કારોબારની લગામ ધરાવે છે તયારે જનતાની રાજનીતિના દિવસ તીઓ બરોબર જોવામાં આવે તે ઉપરથી અમારા વાંચનારાઓ બરાબર ખ્યાલ કરી શકશે કે અમલ ચલાવનારાઓ પોતાની રાજનીતિ પોતેજ ટેકી ઉલટાવી નાખે છે. [illegible] સાર્થ વાણિજ્યનો વધ એ કરાવવાનોજ નહી પણ આગળ થયેલી ખીલવણી પણ તોડી નાખવાનો હેતુ છે. જે સબબોએ હીંદી પ્રજાને જન્મ આપ્યો છે, જેણે પ્રજાની ખીલવણી કીધી છે તથા પ્રજાના ઉદય માટેનો પ્રયત્ન ઉત્પન્ન કર્યો છે તેની ભવિષ્યની ખીલવણી અટકાવવાનો તથા તેના પાયા તોડી પાડી એ કારણોને પછાત હઠાવવાના કામને [illegible]

વનારી અથવા જાગતાની રાજનીતિની ઉપમાં આપી શકાશે. ભાષા તથા છાપાની ખીલવણી પ્રજાને બુદ્ધિનો જન્મ આપે છે તથા તેને પુખ્ત કરે છે આવા માગણાથી હિંદમાં એક પ્રશ્ન ઉભી થતી હતી એવું જોઇ અમલદાર વર્ગ ઘણા દિવસ થયાં એ જાતનો નાશ કરવાની ખ્વાહેશ રાખતો હતો અને પોતાની આ મજકુર ખ્વાહેશ અમલમાં મુકવાની તક તેણે બંગાળામાં બોંબ ફેંકવાના બનેલા બનાવોથી હાથ ધરી છે. હવે સવાલ એ ઉભો થાય છે કે આ જાતના કાયદાથી અમલદાર વર્ગ જે ઇરાદો રાખે છે તે પાર પડશે કે કેમ? અમલદાર વર્ગની પેહલી ખ્વાહેશ એ છે કે હીંદમાં બોંબ ફેંકવાના બનાવ બનતા બંધ પાડવા તથા એવા બોંબ બનાવવા ઉપર કોઇના મગજની વલણ નહી રહે તેવું કરવું સત્તાવાળાઓ એવી ખ્વાહેશ ધરાવે તે કુદરતી છે અને વ્યાજબી એમ પણ છે, પણ જેમ એક જણને ઉત્તર તરફ જવાનું હોવા છતાં તે દક્ષિણ તરફનો રસ્તો લે છે, તથા પૂર્વ તરફ જવાનું હોય છે તો પશ્ચિમ તરફ જાય છે તેમ સત્તાવાળાઓએ પોતાનો ઇરાદો પાર પાડવા માટે માર્ગથી તદ્દન ઉલટોજ રસ્તો લીધો છે, તે આપણે મગજશક્તિની ખાસીઅત ઉપર દોરવાઇ જતાં જોઇ શકીએ છીએ તે છે. મગજ શક્તિઓ આવી રીતે દોરવાય છે કે વારિયાના નાશનો આધારને [illegible] કરે એ સરકારે જાગતાની રાજનીતી અખત્યાર કીધી છે તે ઉપરથી અમને ભારે ખેદ સાથે વીચાર આવે છે કે હવે તો નેશનલ મતવાળાઓને હવેથી વધારે ભેદકારક ક્રિયાઓ લેવા પડશે. સરકારની [illegible] ગતિ કેવી ભૂંડાઇ ભરેલી બની ગઇ છે તે જુઓ. સત્તાવાળાઓએ ખોટી ખબર ફેલાવી છે કે

"બાગીઓ તરફથી ફેંકાયા આવતા" બોંબ [illegible] ભંડારનો

* [illegible] ના [illegible] નાશ કરવા માટે યુરોપનાં વ-

પરાતા તમા બંગાળના ગોળા વચ્ચે આસમાન જમીનનો ફરક છે. બંગાળમાં ગોળા ફેંકવાનું મૂળ, દેશ માટેની અતી જનૂનીશાનીનું છે, જ્યારે યૂરોપમાં ગોળા ફેંકવાનું મૂળ આપસ્વાર્થી લક્ષાધીપતીઓ સામેના ધીક્કારનું છે. બંગાળીઓ કાંઇ "એનારકીસ્તો" નથી પણ તેઓ એનારકીસ્ટોનાં હથિયારોનો ઉપયોગ કરે છે એટલુંજ છે. જે એનારકીસ્ટો ફ્રાન્સના રાજકર્તાને તે રાજકર્તા હતો તેજ સબબે પેરીસમાં મારી નાખ્યો હતો તે એક કીસમનો શખ્સ છે, જ્યારે પોર્ટુગાલના રાજા ઉપર એવા દોષ સબબે ગોળો ફેંકયોકે તેણે રાજસભાબંધ કીધી હતી તે જુદીજ કીસમનો માણસ છે જે એનારકીસ્ટ અમેરીકામાં એક લક્ષાધિપતીનું તે ફકત લક્ષાધિપતી હોવા માટેજ ખુન કરે છે તે એક કીસમનો માણસ છે જ્યારે ઝાર ઉપર આવેલો રૂશિયન દેશહિતકારી શખ્સ, જે ઓટલા માટે નીરાશ થઇ ગોળા ફેંકે છે કે રૂશિયન શેહેનશાહના અમલદારો રૂશિયન રાજસભાને હકો બખ્શતા નથી. તે જુદીજ કીસમનો માણસ છે. કોઇએ પણ આ વાત ભુલી જવી જોઇતી નથી કે બંગાળમાં ગોળા ફેંકવાના બનાવ પેહેલા વર્ગમાં નહી પણ બીજા વર્ગમાં બનતા જોવામાં આવે છે. પોર્ટુગાલમાં ફેંકવામાં આવેલા ગોળાએ પોર્ટુગાલમાં રાજકારોબારની કટીમા ફેરફાર આણ્યો હતો તથા પછી રાજગાદી ઉપર આવેલા છોકરાના પ્રધાન મંડળને જબરતાની ...ગલી રાજનીતિ છોડી દેવી પડી હતી. રૂશિયાના મર્વથી બળવંત શેહેનશાહને પણ ગોળા આગળ નમી જવાની ફરજ પડી હતી ...જસભા બાળી નાખવાની કોશેશ કરવાનું છોડી દઇ આખરે તે... ...કરવાની ફરજ પડી હતી. ગોળા ફેંકવાનું પોર્ટુગાલમાં બંધ અથવા તો રૂશિયામાં ગોળા ફેંકવાના બનાવો વધવા નહી ... માત કોઇ પણ શખ્સ જબરતાની રાજનીતિને આપણે જે

તરફથી મી. બીનીંગબારીસ્ટર, સોલીસીટર, મી. બ્રાવન, અને ડીટેકટીવ સુપ્રીન્ટેન્ડેન્ટ મી. સ્ટ્રોન હાજર થયા હતા, ત્યારે મી. તીલક તરફથી મી. જહાંગીર દીનશા દાવર, મી. ગાડગીલ અને મી. ઇન્દ્રજીત બારીસ્ટર, તેમજ મી. કરંડીકર અને મી. આપટે વકીલો હતા.

શરૂઆતમાં વર્તમાન પત્રોના રિપોર્ટરોએ કોર્ટમાં થતું કામ અને બનવા બનાવો ઉપર રિપોર્ટ લેવા ઉપરાંત બીજી કબુલ નોંધ કે ટીકા ન કરવી તેમ સુચના કરવા પછી મી. બીનીંગની માગણી પ્રમાણે બન્ને ગુન્હાની જુદી તપાસ કરવાનું ઠરાવ્યું હતુ. ત્યારબાદ મી. તીલકે કેસરી પત્રના પ્રીન્ટર અને પબ્લીશર તરીકે છેલ્લું નોંધાવેલું ડેકલેરેશન રજુ કર્યું હતું. જ્યારે સરકારના ઓરીએંટલ ટ્રાન્સ લેટરના વડા કલાર્ક મી. ભાસ્કરરાવ વિશ્નુરામ જોશીએ કેસરી પત્રના તા ૧૨મી મેના અંકમાં ચોથા અને પાંચમા પાના ઉપર પ્રગટ થયેલા લેખોનો તરજુમો અંગ્રેજીમાં મેં કરેલો છે તેમ કબુલ કર્યું હતુ. જે પછી બંને પક્ષના બારીસ્ટરોની સમત્તિથી. માજીસ્ટ્રેટે મુકદમો શેશનમાં નોંધ્યો હતો

જે પછી કેસરી પત્રના મુંબાઇ ખાતેના એજંટ નારાયણ જગન્નાથ દાંતેએ જણાવ્યું કે હું ઠાકોરદ્વારમાં રહું છું અને કસ્ટમ્સના રીપોર્ટર જનરલની ઓફીસમાં કલાર્ક છું તે ઉપરાંત કેસરી અને મરાઠા પત્રનો એજંટ છું. કેસરી પત્રની મારા હસ્તક ૧૨૫૦ નકલ ખપે છે. અને તે માટે મને મહીને રા. ૩૦) ત્રીસ મળે

પેપરનું લવાજમ વર્ષ દહાડે રૂા. પોણા બે અને છુટક કોપી પૈસા ત્રણની એક મુંબઈમાં વહેંચાય છે.

ત્યારબાદ પોલીસ ઇન્સ્પેક્ટર મી. સાલીવાને પોતાની તપાસમાં પૂનામાં તેમણે મી. તીલકના ઘરની જડતી લેતાં હાથ આવેલ મુદ્દાઓ સેસનમાં રજુ કરવા જણાવ્યું હતુ, ત્યારે એક પોસ્ટ કાર્ડ મુદ્દતમાં દાખલ કરવા કોર્ટમાં રજુ કર્યો હતો.

તે પછી બીજા ગુન્હા માટેનો મુકદમો રજુ થતાં તેની પણ રીતસર નોંધ લેવાયા પછી તે મુકદમો પણ સેશનમાં નોંપ્યો હતો. ત્યારે કેસરી પત્રના એજ ટે તા. ૯ મી જુનના અંકની ત્રણ હજાર કોપી તેના માર્ફત મુંબઈમાં વહેંચાએલી જાહેર કરી હતી.

જામીન ઉપર છોડવાને ફરી માગણી

મુકદમો શેશનમાં નોંધવાથી જામીન ઉપર છોડવાને મા ગણી કરવાને પોલીસ કોર્ટના નામદાર વડા જડજે આપેલી પર વાનગીને અનુસરી તા. ૧ લી ના રોજ મી. દીનશાહ દાવર જડ્જના પ્રમુખપણા નીચે મળેલી ત્રીજી ફોજદારી શેસનમાં બેસતાં મી. તીલક તરફથી—

મેસર્સ રાઘવ યા, મી૦ બીમજી અને મી નગીનદાસ સોલીસીટરોની ફરમાસ થી મી૦ મહમદઅલી ઝીના બારીસ્ટરે હાજર થઈ મી૦ તીલકને જામીન ઉપર છોડવાને અરજ કરેલ તે અરજ લેવાના વખતના સં . મી૦ ઝીના અને મ જીસ્ટ્રેટ વચ્ચે કેટલીક બોલચાલ થઇ પછી તીલકને જો અરજ બદલ રહેશે તોજ કોર્ટ ઉપર સહી કરવા ફરી બોલાવવામાં આવશે તેમ ના. જડજે જણાવ્યું હતુ.

થએલા છે અને તે બાબદમાં લંબાણ તકરારો સાંભળી તે નામદારે ઠર.
છે કે જામીન આપવાની બાબદમાં તપાસ દરમ્યાન આરોપી હાજર
કે નહી ? તે તપાસવું ક.પટો એવું અનુમાન કરે છે કે એક આરોપ
જ્યાં સુધી તેના ઉપર અપરાધ પુરવાર ન થાય ત્યાં સુધી
તેને બીનતકસીરવાર ગણવો જોઇએ. સરકાર તરફથી જે સોગંદનામું
કરવામાં આવ્યું છે તેમાં એવો કાંઇ એશારો કરવામાં આવ્યો નથી
કે આરોપી તપાસ વખત કોર્ટમાં હાજર થશે નહી. આથી મી૦ તીલકને
જામીન ઉપર છોડવાની હું અરજ કરું છું, અને જે કોર્ટ માગે તેવા
સધ્ધર જામીન આપવા તૈયાર છે.

અત્રે મી૦ લાનરન, એડવોકેટ જનરલ ઉપલી અરજની
સામા ઉઠયા હતા, પણ નામદાર જજે તેમને જણાવ્યું કે તેવણ તેમને
તસદી આપવા માગતા નથી.

કોર્ટનો ચુકાદો.

નામદાર જજે ચુકાદો આપતાં જણાવ્યું કે, મી૦ તીલક સામે
ફોજદારી કાયદાની ૧૨૪ એ૦ અને ૧૫૩ એ૦ કલમ મુજબ રાજદ્રોહી
લખાણ કરવાના બે જુદા જુદા આરોપ મુકવામાં આવ્યા છે અને તે
સંબંધમાં મી૦ તીલક તરફથી તેને જામીન ઉપર છોડવાની અરજ હાઇકોર્ટને
કરવામાં આવી હતી. આ બાબદ ઉપર મેં પુરતો વીચાર કર્યો છે.
અને જો ચોકસ દરજાની લાગણીનો તે એક સ્વાલ હોય તો હું કહું
છું કે હું હાઇકોર્ટને કાંઇ પણ અંકોશ વગરની જે સત્તા છે તે આરો
પીના લાભમાં શામાટે ઉપયોગમાં નહી લેવામાં આવે તેનું કારણ બતા
વવામાં ન આવે ત્યાં સુધી એક આરોપીને તેની તપાસ થવા અગાઉ તેને
કેદ રાખવા હું ખુશી નથી. ક્રીમીનલ પ્રોસીજરની ૪૯૮ મી કલમ
મુજબ બેશક હાઇકોર્ટને અંકોશ વગરની સત્તા એક આરોપીને

જામીન ઉપર છોડવા માટે આપવામા આવી છે, આ જે સત્તા આપવામા આવી છે. તે ન્યાયી સત્તા છે. તે સત્તા વાપરતા ઘણી સંભાળ અને ચોકસાઈ રાખવાની જરૂર છે. મરહુમ મી૦ જેસ્ટીસ બદરૂદીન તૈયબજીના ચુકાદાથી હું પુરો માહેતગાર છું; અને મી૦ તીલક માટે તે વખતે કરવામા આવેલી જામીનની અરજની તકરાર અને તે વખતના એડવોકેટ જનરલ મી૦ લેંગની તકરારથી હુ સારી રીતે વાકેફગાર છુ. તે ચુકાદામા જણાવવામા આવ્યુ છે કે એક આરોપીને જામીન ઉપર છોડવામા મુખ્ય સવાલ તે હાજર થશે કે નહીં? તે ઉપર આધાર રાખે છે, તે વીચારને હુ મારા તદ્દન મળતો થતો નથી. કદાચ તે બાબદ એક અગત્યની અને એક મુખ્ય બાબત હોય પણ તે ઉપરાંત મારા વીચાર પ્રમાણે આજુ બાજુના બીજા ઘણા સંજોગો છે અને ઘણી બાબતો છે જે ઉપર પણ કોર્ટે ધ્યાન પુગાડવુ જોઈએ છે. આ વાત ઉપર મે ઘણો લંબાણ વીચાર પુગાડેલો છે. મે આગળ કહ્યું તેમ આ બાબદ ઉપર મે લંબાણ વીચાર કર્યો છે અને જે હુકમ કરવા માગુ છું તેમાં જે સંજોગો મે જોયા છે તે ઉપર હુ આધાર રાખુ છું. હુ ઘણો આતુર છું કે આરોપીને સ્વચ્છ અને અપક્ષપાત ન્યાય મળે. આરોપી ની તપાસ જુરી સન્મુખ ચાલનાર છે. મારા વીચાર પ્રમાણે તપાસ ચાલતા આગમજ ફરીઆદ પક્ષને અથવા આરોપીને કાઈ પણ રીતનુ નુકસાન પુગે એવું કાંઈ પણ બોલાવું જોઈએ નહી. અરજ નામંજુર શામાટે રાખવામા ન આવે તેની દલીલો કારણ આ ઠેકાણે બતાવવાનું હુ દુરસ્ત જોતો નથી. હુ ઘણો દીલગીરી સાથ મારા ઉપલા ઠરાવ ઉપર આવ્યો છું અને તપાસ દરમ્યાન આરોપીને જામીન ઉપર છોડવાની અરજ હુ નામંજુર રાખુ છુ.

ખાસ જ્યુરીની ચુંટણીનો પ્રશ્ન.

તા ૩ જી જુનાઇએ હાઇકોર્ટના નામદાર જડ્જ મી. દીક્ષીતજી હાજર હજુર સરકારી સોલીસીટર મી. બોવનની ફરમાસથી કામ ચલાવનાર એડવોકેટ જનરલ ઓનરેબલ મી. ખાન્સને અરજ કરતા જણાવ્યું કે આ મુકદમો ઘણો અગત્યનો છે અને તેથી તેની તપાસ માટે ખાસ જ્યુરી ચુંટવાનું વધારે યોગ્ય થશે.

આરોપી તરફથી મેસર્સ રાધવાળા બીગજી અને નગીનદાસ સોલીસીટરની ફરમાસથી મી. જોસફ બેપટીસટાએ તે સામે વાંધો લેતાં જણાવ્યું કે એક ખાસ ગુનાહ માટે સરકારની ખાસ મંજુરીથી સરકાર આ કામ ચલાવે છે, અને તેથી જાણે સરકાર આરોપીને દબાવી નાખવા માગતી હોય એમ કુદરતી રીતે દેખાય છે આથી આરોપી ફરીઆદપક્ષ તરફથી સંપૂર્ણ ન્યાય મેળવવા હક ધરાવે છે હવે જો એક ખાસ જ્યુરી જેવી સાધારણ રીતે બનાવવામાં આવે છે તેવી રીતે બનાવવામાં આવે તો આરોપીને પોતાનો બચાવ કરવામાં ઘણું નુકશાન થાય. જ્યુરી મારફતે તપાસ કરવાનો જે ઠરાવ કરવામાં આવ્યો છે, તેની મુખ્ય નેમ આરોપીનું રક્ષણ કરવાની છે અને જે રીતે જ્યુરી બોલાવવામાં આવે છે, તે મુજબની ખાસ જ્યુરી બોલાવવા ફરીઆદપક્ષ તરફથી માગણી કરવામાં આવે તો કાયદાએ આરોપીને જે બક્ષીસ આપી છે, તે બક્ષીસ લેવા માગતો નથી. જો ફરીઆદપક્ષ કબુલ કરે કે જ્યુરીનો મોટો ભાગ મરાઠી ભાષા સમજતી હોય તેવાઓનો બને તો તેવી જ્યુરી આરોપી કબુલ કરે. આવી રીતે બનાવેલી જ્યુરી સામે ફરીઆદપક્ષનો વાંધો લેવાનું કારણ હોય નહી. જો એમનને પુરી થાય તો એક જ્યુરીનો સદસ્ય મરાઠી ભાષા જાણતો નથી એવા કારણથી તેના સામે વાંધો લેવા દેવાની મરજી જોઇએ. આમ થવાથી ફરીઆદપક્ષને એક ખાસ જ્યુરી મળશે.

આરોપીને તેના દેશના લોકો ન્યાય કરનાર તરીકે મળશે અને તેમ
ાથી જુરીથી તપાસના કાયદાની મુળ નેમ જળવાશે, જે નેમ અંગ્રેજો
લોકોના છુટાપણાને અને આરોપીના રક્ષણને અર્થે યોજેલી છે, જો
રી અરજ એડવોકેટ જનરલ કબુલ નહીં રાખે તો તેમની અરજ સાંગે
l વાંચો સે ા ી જરૂર પડશે. મી૦ તીલક પૂનાનો રહીશ છે, કેમની પત્ર
ામાં પ્રગટ થાય છે અને તકરારી લખાણ મરાઠી ભાશામાં લખાએલું છે,
ો જો તેની પૂનાની સેશનસમાનપામ નોંધવામાં આવને તો નેમ થ ાથી
ાઠી ભાશા જાણનાર એક જડ્જ અને મરેઠી ભાષા જાણનારો
ીનો તેને લાભ મળને. વળી તેની પૂણામાં તપાસ
ાને તો ફોજદારી કાયદાની ર૭૬ મી કલમ પ્રમાણે તે જુરીમાં યુરો
નકે અમેરીકનની સંખ્યા વધુ ન હોય એવી જુરી માટે માગણી કરી
તે, અને તેમ થવાથી જુરી મારફતે તપાસ ચલાવવાનો જે કાયદો કર
ાં આવ્યો છે, તેવી એક જુરી સન્મુખ તેની તપાસ ચાલી શકને. ખા
જુરીનો અર્થ એવો થાય છે કે જુરીની ટીપમાંથી જુરી ઉપર વધુ સં-
l યુરોપીયનની ાની જોઇએ. હાલ ખાસ જુરીની ટીપમા ર૪ર યુરો
નો અને ૧૫૯ હીન્દાનો છે. આથી એવું સાબીત છે કે જે ખાસ
ી બનાવવામા આવે, તેનો મોટો ભાગ યુરોપીયનોનો બનેલો હોવો જોઇ
છેલ્લી તીલક તપાસ દરમીયાન તેમજ બન્યું હતું અને સંવગા રાજ
ે મુકદમા ી તપાસમા પણ તેમજ બનતું આવેલું છે. છેવટે મી૦ એ-
ન્ટાએ જણાવ્યું કે ખાસ જુરી એવી બનાવવી જોઇએ કે જેનો મોટો
l મરાઠી ભાશા જાણનો હોય

નામદાર જજ્જનો ઠરાવ.

નામદાર જજ્જે ચુકાદો આપતાં જણાવ્યું કે મોતની સજા
રગના સઘળા ગુનાહોમાં ફોજદારી કાયદાની ર૭૬ મી કલમ

પ્રમાણે ખાસ જુરી બોલાવવાની જરૂર છે. અને તેજ કલમ પ્ર
બીજા કોઈ પણ મુકદમામાં હાઈકોર્ટના જજ ફરમાવે તો
જુરી બોલાવવામાં આવે છે. હવે આ કોર્ટની નકી થએલી
એવી છે કે લાગતા વળગતા પક્ષોના લાભ જોતાં ઉચા મ
આસમીઓમાંથી જુરી ચુંટી કહાડવી જોઇયે અને તેઓ
સન્મુખ રજુ થતા મુકદમાઓ ઉપર પુરતું લક્ષ આપી
કનારા હોવા જોઈએ, તો તેવી ગરજ હાઈકોર્ટને કરવામાં આવે
છે અને જજને વાજબી લાગે તો બહાલ રાખે છે. એમાં તો કંઈ
શક નથી કે મી૰ તીલક સામેના મુકદમાઓ ખુદ તેની
જોતાં ઘણાં અગત્યના છે અને મને લાગે છે કે તેના પોતાના લાભ
જોતાં મુંબઇ શહેરના વતનીઓમાંના ઉચા વર્ગમાંથી ચુંટી કહા
ડેલી એક જુરીની મદદ વડે તપાસ ચલાવવાથી તેને પોતાને લાભ
થશે, એક બીજા મુકદમામાં એવી અરજ મારી સન્મુખ કરવા
આવી ત્યારે એવું કહેવામાં આવ્યું કે કાનુન પ્રમાણે ખાસ
માં યુરોપીઅનોની સંખ્યા વધુ હોય છે. ગઈ કાલે મારી સન્મુ
ખુનનો મુકદમો હતો, તેની તપાસ ખાસ જુરીની મદદ વડે
લાવવામાં આવી હતી. એ જુરી ૩ પારસી, ૨ હીંદુ, અને
યુરોપીઅનોની બનેલી હતી. આગલા દીવસોમાં કો
જુરીની મને મદદ લેવી પડી હતી અને તેમાંના બે દાખલા
મા યુરોપીયન જુરરોની સંખ્યા વધુ હતી. સર માઇકલ એઓ
ખાસ જુરીને લગતા કાનુનો ઘડ્યા હતા, તેની રૂએ યુરોપીયનો
ની સંખ્યા સહેજ વધારે હતી, પણ દેશી કોમોનું પ્રમાણ તેમાં

ણું સારૂં દેખાડવામાં આવ્યું હતું. કાયદા પ્રમાણે ખાસ જુરીમાં યુરોપીયનોની ઓછામાં ઓછી અરધી સંખ્યા હોવીજ જોઇએ. બોલાવવામાં આવેલી જુરીનું પ્રમાણ રાખવામાં કાનુન પ્રમાણે કામ લેવામાં આવ્યું છે તેની હું સંભાળ રાખીશ, અને બનવા જોગ છે કે દેશીઓનું મોટું પ્રમાણ આપણને મળશે. નામો બો લાવવામાં આવશે ત્યારે યુરોપીઅનના તેમજ દેશીઓના સવાલ પર સંભાળ લેવામાં આવશે. જો દેશીઓનું તત્વ વધુ સંખ્યામાં આવશે તો પણ સારી સંખ્યા આમેજ થઇ શકશે. એનો આધાર જુરી કેવીરીતે ચુંટી કાઢવામાં આવેછે તે પર રહેશે. દેશી ભાષાના જ્ઞાન વીપે મારી સન્મુખ ભાર મુકી બોલવામાં આવેછે. મલબતા તેં વિષે મતફેર પડે, પણ કોર્ટે પોતાના સતાવાર તરજુમા કરનારાઓના તરજુમાઓ કબુલ રાખવા જોઇશેજ. કાંઇ ભુલ હશે યા ભુલ ભર્યો તરજુમો હશે અને તે પર કોર્ટનું ધ્યાન ખેંચવામાં આવશે તો જજની ફરજ છે કે જુરી સન્મુખ ખરો તરજુમો રજુ થાયછે તે જોવું. જો ભુલ હશે તો તે સુધારવામાં આવશે તે પર હું પુરતું લક્ષ આપીશ. મેં ઉપર કહ્યું તેમ ખાસ જુરી મુકરર કરવા સામે વાંધો લેવામાં ભુલ છે, અગત્યના મુકદમાઓમાં ખાસ જુરીની માગણી ખાસ કારણ વગર સ્વીકારવામાં ન આવી હોય એવો એક પણ દાખલો નથી. મેં મી. ડેપ્યુટી-રની તકરાર પર પુરતુ લક્ષ આપ્યું છે. મારા ધારવા પ્રમાણે ક ખાસ જુરીથી આ મુકદમાઓ તપાસવામાં આવશે તો ઇન્સાફની નેમ જળવાશે. મારી ખાત્રી છે કે ખાસ જુરીના દરેક

સભાસદ ઇન્સાફ આપવા સોગન લેશે અને તે પોતાના મનમાંથી બહારના સઘળા બનાવો ભુલી જઇ કામ લેશે. ઉપલા વીચારો જણાવી નામદાર જજે આ મુકદમાઓની તપાસ સોમવાર તા. મી જુલાઇ પર મુલતવી રાખી હતી.

મી. તીલકની શરૂ થએલી તપાસ
પ્રથમ દિવસ.

અગાડે જણાવી ગયા તેમ તા. ૧૩ જુલાઇએ. મી. બા ળગંગાધર તીલકની તપાસ ફોજદારી સેશન કોર્ટમાં નામદાર **જજ મી. દીનશા ધનજીભાઇ દાવર** સન્મુખ આજે નીકલતાં કોર્ટમાં ધારાના હિમાયતીઓ માટે આગલી બેઠકો અનામત રાખવામાં આવી હતી અને તેના સામે ચોકસ સંખ્યામાં રીપોર્ટરોની જગા રાખવામાં આવી હતી. કે જેનો લાભ અંગ્રેજી પત્રોને વિશેષ મળ્યો હતો. તે સિવાય ફાજલ રહેતી જગામાં સમાઇ શકે તેટલા પ્રેક્ષકોને દાખલ થવા દેવા માટે રજા આપવામાં આવી હતી. પ્રેક્ષકો તરીકે હાજરી આપનાર લોકોમાં અંગ્રેજોની પણ મોટી સંખ્યા જોવાતી હતી જ્યારે કોલ ચીકાર ભરાઇ જવા ઉપરાંતના સેંકડો લોકોને બહાર એકત્ર ન થવા દેતાં વીખેરી નાંખ વામાં આવતાં હતાં જેથી મુકદમો જાણવાને લોકોની મોટી તુટાતુટ

વર્તમાન પત્રો ઉપર થતી અને તેની હજારોની સંખ્યામાં નીકળતી ખાસ આવૃત્તિઓ આઠગણી કિંમતે પણ ઉપડી જતી હતી.

મી તીલકને તે દિવસે કોર્ટમાં લાવતા જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉત્સુકતાથી રાહ જોતા હતા. પરંતુ તેમને અગાઉથી ત્યાં લાવી રાખી કોર્ટના માળ પર બંદોબસ્તથી રાખવામાં આવ્તા હતા અને તેથી તેમને જતાં આવતા નીહાળવાની જનસમાજની હમેશની ઉત્કંઠામાં તેઓ નિરાશ થયા હતા

સદરહુ મુકદમો ચલાવવા સરકાર તરફથી કામ ચલાઉ એડવોકેટ જનરલ ઓ[illegible] મી. બ્રાન્સન મી० ઇનવેરારીટી, અને મી० બીનીંગ હાજર થયા હતા જ્યારે તીલક તરફથી બચાવ કરવાને માટે તેઓ પોતેજ રોકાયા હતા કે જે કામમા મદદનીશ તરીકે મેશર્સ ગ્રેપ[illegible]ટા, [illegible]ડીકર, ખાપર્ડે અને કેલકર હાજર થયા હતા.

બરાબર અગિયાર કલાકે નામદાર જજ મી० દાવર કોર્ટમાં દાખલ થયા હતા જ્યારે મી० તીલકને પ્રથમ કોર્ટના ઉપના મજલામાં રાખેલા ત્યાંથી નીચે કોર્ટમા લાવવામા આવ્યા હતા

પ્રથમ ત્રણ આરોપોના સંબંધમાં તપાસ ચલાવવાની ગોઠવણ.

નામદાર જજે ન્યાયાસન ઉપર બેઠક લેતા એડવોકેટ-જેનરલ મી० બ્રાન્સને જણાવ્યું કે આરોપીને તા० ૧૭ મી મે તથા ૯ મી જુનના "કેસરી" ના અંકોમા લખાણ કરવા માટે જુદા જુદા આરોપો ઉપર મેજીસ્ટ્રેટે સેશનમાં એકજ દીવસે નોંધ્યો છે. આરોપોની એકીજ વેળા તપાસ હાથ ધરવાની અરજ કર[illegible]

નામદાર જજે મી. ઇનવેરારીટી કહે છે કે બંને લખાણો ફીતુરી છે, એને તે આમાં આરોપ તરીકે દાખેલ કરવા માગે છે તમો તેમ કરવા દેવાને ખુશી છો ?

મી. તીલક–હા.

નામદાર મી. જજ–તેમ કરશો તો એ લખાણો વાંચવામાં કોર્ટનો અરધો દિવસ ફોગટનો જશે. પણ તે માટેની મને પરવાર નથી. હું તમારું ધ્યાન ખેંચીશ કે આખું લખાણ ફરીયાદ નામમાં દાખલ કરવામાં આવશે તો તે આખું લખાણ તમો સામેના આરોપ તરીકે દાખલ કરવામાં આવશે.

મી. તીલકે આ ખુલાસા છતાં આખું લખાણ પોતા સામે આરોપ તરીકે દાખલ કરવા દેવાનું કબુલ કીધાથી નામદાર જજે તે લખાણો ફરયાદનામામાં દાખલ કીધાં હતાં તથા કલાર્ક ઓફ ધી ક્રાઉન મી. જારડીને મી. તીલકને વાંચી સંભળાવવા માંડયાં હતા

પણ કલાર્ક ઓફ ધી ક્રાઉને થોડુક વાંચ્યા પછી મી. તીલકે જણાવ્યું કે આ લખાણો આખાં વાંચવાની જરૂર નથી. હું તે કોર્ટમાં વાંચવામાં આવેલાં તરીકે સ્વીકારવાને તૈયાર છું.

કલાર્ક ઓફ ધી ક્રાઉને તે બાદ જુરરોનાં નામ પોકારવા મડયાં હતાં. બને પક્ષ તરફથી ૧૯ જુરરોને ચેલેંજ કરવામાં આવ્યા પછી જુરી આ પ્રમાણે સાત અંગ્રેજ તથા બે પારસીની બની નીચે મુજબ બનેલી જાહેર કરવામાં આવી હતી.

જુરીના ગૃહસ્થો.

મી. ડબલ્યુ. મી. એન્ડરસન (ફોરમેન), મી. [illegible]એંગ, મી. બી. જી. હીલીયર્ડ, મી. પાલનજી દાદાભાઈ ચવના, મી. જી. જે. સી. હોડસન, મી. શાપુરજી સોરાબજી, મી. એસ. હેમ્પ સન મી. એફ. જી. વુડ અને મી. જે. જી. મારટીન.

જુરીએ પોતાની બેઠક લીધા પછી નામદાર જજે મી. તીલકને પૂછયું કે ફીતુરી લખાણો જુરી સન્મુખ હાલમાં તમો વંચાવવા માગો છો ?

મી તીલક–નહીં

નામદાર જજ–ત્યારે ઠીક છે, અલબતે પાછલથી તો એ લખાણો જુરી આગળ કાયદા મુજબ વાંચી બતાવવામાં આવશે.

તે બાદ કલાર્ક ઓફ ધી ક્રાઉને આખું તકરારી લખાણ નહીં વાંચતાં આરોપી સામે ઘડી કહાડવામાં આવેલા આરોપો વાંચી સંભળાવ્યા હતા.

મી. ઇનવેરારીટીનું ભાષણ.

મી. ઇનવેરારીટીએ તે બાદ સરકાર તરફનો મુકદમો રજુ કરતાં જણાવ્યું કે એડવોકેટ–જનરલ મી. બાન્ગન બીજી કોર્ટ માં અગત્યના મુકદમામાં હાજર થવા માટે ગયેલા હોવાથી મુકદમો રજુ કરવાની ફરજ મારી ઊપર આવી છે.
સામે તા. ૧૨ મી મે તથા ૯ મી જુનનાં પત્રોમાં

લખાણના સંબંધમાં આરોપો મુકવામાં આવ્યા છે. જ
" કેસરી " નામનાં પૂણામાં પ્રગટ થતાં અઠવાડીક પત્રમાં
વામાં આવ્યાં હતાં, આ પત્રનો મુંબઇમાં મોટો ફેલાવો છે.

મી. ઇનવેરારીટીએ તે બાદ આરોપોને લગતી દાય
ની કલમો વાંચી સંભળાવી જણાવ્યું કે આ કલમો સરકાર
કામ તથા કાયદા કાનુનો સાથે ટીકા કરવાની છુટ મૂકે
પણ એ કલમ એક સખસને સરકારની બદનક્ષી કરવાની કે
રકારને જુલમાટ ભરેલી રીતે જણાવવાની સત્તા આપતી નથી.

મી૦ ઇનવેરારીટીએ તે બાદ તા૦ ૧૨ મીનું લ
વાંચી સંભળાવ્યું તથા જણાવ્યું કે તેની શરૂઆતમાં મુજફ્ફર
માં ખોમ છોડી બે અંગ્રેજ બાનુઓનાં કરવામાં આવેલાં ખુનનુ
વરણન આપવામાં આવ્યું છે. પણ આખાં લખાણનો સાર એ
કે સરકાર એટલી જુલમગાર તથા આપ ખુદ બની ગઇ છે
અંગ્રેજી અમલ નહી ખમી શકાય એટલો જુલમી બની ગ
દેશની સરકારની આ ગંભીર બદનક્ષી છે, સ્વરાજ્ય વિશે બે
મી. ઇનવેરારીટીએ કહ્યું કે "સ્વરાજ"ના બોલ સંબંધમાં આરો
એ પોતાના તા. ૨ જી જુનના પત્રમાં અર્થ આપ્યો છે, તેમાં તે
જણાવ્યું છે કે રાજ્ય આપવાનો અર્થ એ થાય છે કે સત્તાવાળા
એ પ્રજાના વીચાર મુજબ ચાલવું. તેમ તે નહિ ચાલે તો લોકોની
જ્યારે પણ, મરજી હોય ત્યારે તેઓ રાજ્યને ઉંધુ વાળી શકે
તેમાં સમજાવવામાં આવ્યું છે.

સરકારને ખોટી ચેતવણી આપવામાં આવી છે કે સરકારે જો સંભાળ નહી રાખશે તો રૂશિયન રૂઢીઓની હીંદના લોકો નકલ કરશે. એમ કહેવાની આરોપીની ખોટી મતલબ એ છે કે હીંદમાં બોમ્બનો છુટથી ઉપયોગ કરવામાં આવશે. આગળ ચાલતાં આરોપી જણાવે છે કે હીંદની ત્રીશ કરોડની વસ્તી અંગ્રેજ જુલમી અમલથી ક.પર તથા અધીરી બની ગઇ છે. આરોપી પોતાના પહેલાં લખાણમાં રાજકર્તાઓ પરદેશી હોવા વિષે તથા તેઓ ફક્ત પોતાનો સ્વાર્થ જોતા હોવા વીષે બોલે છે. તેમ બોલવાની મતલબ લોકોને રાજકર્તાઓ સામે ઉશ્કેરવાની નહીં તો બીજી કઇ હોઇ શકે? આરોપીની મતલબ સરકારનું કામ સામે નહિ પણ ખુદ સરકાર સામે ટીકા કરવાની હતી. આરોપીએ રૂશીયન રૂઢી હીંદમાં દાખલ કરવાની લાલાગણી કીધી છે. રૂશીયન રૂઢીઓ શું છે, તે આપણે બધા જાણીએ છીએ. રૂશીયન રૂઢી દાખલ કરવા જણાવવાની આરોપીની મતલબ એ હતી કે પોતાના વાંચનારાઓના મગજમાં રૂશીઆમાં જણાએલી બોમ્બ ફેંકવાની રૂઢી અખત્યાર કરવાની જરૂર ઠસાવવી. લખાણમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે સરકારની જુલમગાર બેરહમ રૂઢીથી હીંદની ત્રીસ કરોડની વસ્તી ગુસ્સાથી બળતી રહી છે લખાણમાં આરોપીએ સરકારના કામ સામે નહિ, પણ ખુદ સરકાર સામે એવું જણાવી હુમલો કર્યો છે કે તે પોતાના સ્વદેશીઓને લાભ કરવાની મતલબથી અમલ ચલાવે છે, તથા સરકાર તદન ગેર ખુદ છે. તમો આખું લખાણ વાંચી તેના કાયદામાં આપવામાં આવેલી છુટ એ બંધી જવામાં આવે છે કે નહિ તે ઉપર વીચાર કરજો.

તે પછી બીજું તકરારી લખાણ મી० ઇનવેરારિટીએ વાંચ્યું હતું તથા તે ઉપર ટીકા કરતાં જણાવ્યું કે આરોપીએ

રૂશીયા વિષે બોલતાં કેટલાંક દેશોમાં તે જે મતલબથી ફેંકવામાં આવતા હતા તે મતલબ ખરાબ જણાવી હતી પણ ચોક્કસ હકો મેળવવા માટે બીજા દેશોમાં તે ફેંકવામાં આવવાનું કામ દેશ હીતકારી ગણ્યું હતું, તથા પોતાના વાંચનારાઓને સમજ પાડવાની નેમ રાખી હતી કે બોમ્બ બનાવવાનું ઘણું સહેલું છે તથા તે બનાવતાં સરકાર લોકોને અટકાવવાને અશક્ત છે. તેણે જણાવ્યું છે કે બોમ્બ બનાવવા માટે એક ખાસ કારખાનું રાખવાની જરૂર નથી. પણ તે થોડાક રસાયણી પદાર્થોની મેળવણીકરી લોકો સહેલાઇથી બનાવી શકે તેમ છે. બીજા લખાણમાં આરોપીએ પોતાના વાંચનારાઓને જણાવ્યું છે કે સરકારી અમલ લોકોને એક કેદખાના જેવો થઇ પડયો છે, અને જો એવોજ અમલ ચાલુ રહેશે તો રૂશીયા તથા પોર્ટુગાલની માફક અહીંના લોકો પણ બોમ્બ ફેંકવાનું શરૂ કરશે. આ લખાણમાં આરોપીએ સરકારને ધમકી આપી છે કે એવો અમલ વધુ વાર ચાલવા દઇ શકાશે નહિ તથા લોકો તરફથી માગવામાં આવતા હક જો સરકાર નહિ આપશે તો લોકો તે મેળવવા માટે જબરજસ્તી ધારેલો ઇલાજ-લેશે.

મી. જોશીની જુબાની,

તે બાદ ઓરીએન્ટલ ટ્રાન્સલેટર આફીસના પહેલા મદદનીશ મી. ભાસ્કર વીષ્ણુ જોશીને જુબાની આપવા માટે હાજર કરવામાં આવ્યા હતા. તેઓએ "કેસરી" પત્રના અંકમાં જે તકરારી લખાણો આવ્યાં હતાં તે અંકો તથા તેના સતાવાર તરજુમા રજુ કીધા હતા.

ત્યાર બાદ મી. જોશીએ પોતાની વધુ જુબાનીમાં જણાવ્યું "કેસરી" પત્રના તા. ૨ જી જુનના અંકમાં ચોથા પાનામાં

" બોમ્બ બનાવવાના ભેદનો ખુલાસો " તે નામનું લખાણ આ -ચું છે. તા. ૯ મી જુનના " કેસરી " નાં પાચમા પાના ઉપર " અંગ્રેજી અમલ દેખીતો પરદેશી છે " એવું લખાણ આવ્યુંછે

મી. જોશીની ઉલટપાલટ તપાસ.

મી. તીલકે તે બાદ મી. જોશીની નીચે મુજબ ઉલટપાલટ તપાસ ચલાવી હતી,–

–સ૦–અત્રે રજુ કરેલા તરજુમા તમે પોતે કીધા છે ?– જ–નહી, હાઇ કોર્ટની આફીસમાં કરવામાં આવ્યા છે મેં એક સિવાય સઘળા સરખાવી જોયા છે. મેં પણ છુટા તરજુમા કીધા છે. બંનેમાં ન જીવો ફરક છે. ઘણા ખરાહાઇ કોર્ટના તરજુમાઓને હું પસંદગી આપું. મેં કીધેલા તરજુમા હું અત્રે લાવ્યો નથી.

સ૦–તા૦૧૨ મી મેનાં," देशाचें दुर्दैव "ના મથાળાંવાળા લખાણનો સત્તાવાર તરજુમો પોલીસ કોર્ટમાં તે કરવામા આવ્યો તેની અગાઉ તમોએ કીધેલો હોવો જોઇએ ? જ૦ મને તે કહેવાની સત્તા નથી. તે તા૦ ૨૬ મી જુનની આગમચ તૈયારકરેલો હશે.

સ૦–તમારા હાથમાં હમણાં તરજુમો મુકવામાં આવેછે તે તમે પોતે કીધો છે ? જ૦ હા. તેમાંના બે ફકરામાં ' गोर्या दांन निरपराधी स्त्रीया ' મરી ગઈ છે એવો તરજુમો મેં કીધો છે. જ્યારે સત્તાવાર તરજુમો ગોરી છોકરીઓને મારી નાખવામાં આવી છે એવો કરવામાં આવ્યો છે,

સ૦ આ અર્થ કયા બોલથી બરાબર રીતે દર્શાવી શ"

તેને હું કહું કે "ચોર હણુન મલા મારૂં નકો"! તો તેમાં માં મને ચોર સમજી એમ કહેવાની મતલબ નથી થતી? પહેલો અર્થ ખાલી ચોર સમજી એમ થાય છે તે ઉપરથી માં સમજી એમ પણ ગણી શકાય.

સ૦ તમારા તરજુમામાં મરાઠી બોલ सहस्त्ररश्मि તરજુમો આપવાનું છોડી દેવામાં આવ્યું છે? જ૦ હા, અર્થ એક હજાર કીરણવાળો એવો થાયછે. તે ભયંકર તરીકે પરવામાં આવ્યો છે તેથી છોડી દેવામાં આવ્યો છે. અંગ્રે તે મુકવાની જરૂર નથી.

સ૦ राजा प्रजानो અર્થ શું થાય છે? જ૦ અને રૈયત.

સ૦ बचावीचे साधनेनो અર્થ મિન્સ આફ પ્રોટે કરવામાં આવ્યો છે તેને બદલે મિન્સ આફ એસ્કેપ નહી થાય જ૦ નહી. બચવુ નો અર્થ એસ્કેપ થતોજ નથી. અર્થ પ્રોટેકશન એવો થાય.

સ૦ પોલીટીકલ સાયન્સનો અર્થ શુ! જ૦ રા तिचे शास्त्र અથવા राज्यधर्मशास्त्र પણ થાય. The Scrip laying down the duties of a king નો राज्यनीतिशास्त्र નહી થાય, તેનો અર્થ એક રાજકર્તાને બાણવામા આવેલી ફરજ એવો થાયછે,

સ૦ राष्ट्रीय નો અર્થ નેશનલ એસોસીએશન એવો કાવા છે કે ? જ૦ હા, ફીલીંગ પણ થઇ શકે, એ તરજુમો મે કીધો નથી

સ૦ हुलनो અર્થ શું ? ગભરાટ,

સ૦ ૨ જી જુનવાળા બો ૧ ફેંકવાની બાબતના લખાણમા the world goes on without a hitch વાકય આવ્યો છે તેનો ખરી રીતે તરજુમો આપ્યો છે ? જ૦ નહી, તરજુમો કરવામા ભુલ થઇ છે Worldબોલ વાપરવા મા ભૂલ છે

સ૦-कडवानो અર્થ શું થાય છે ! જ૦ જંગલી, સખત દીલનો તેનો મુખ્ય અને નજીનો અર્થ તે શું તે હુ સમજી શકતો નથી એવેજને,ઠેકાણે હાર્શ બોલ પણ મુકી શકાય.

સ૦ पौरुषनो અર્થ મેનહુડ કરવામા આવ્યો છે ? જ૦ હા તેનો અર્થ મેન પણ થાયછે પણ પણ અહી મેનહુટ પગટ કરવામાં આવ્યો છે, લખાણમા पौरुषाचा नर એનો બોલ આવ્યો છે જેનો અર્થ માણસ(પણાને મારી નાખવુ એવોજ થાયછે માણસને મારી નાખવુ એવો થતો નથી

नाहींसा झाला म्हणजे त्यांचे पौरुष त्यांना परत प्राप्त करुन देण्यास पुष्कळ वेळ लागेल આ વાકયમાં મેન્લીનેસનો અર્થ પૌરૂષ કીધો છે. ઈમેસ્કુલેટેડનો અર્થ ગોલ્ડસ્વર્થના શબ્દ કોષમાં ખશીકરણ આપ્યો છે.

સ૦ માઈગ્રેટરી બ્યુરોક્રેસીનો શું અર્થ ? જ૦ કાયમ એક ઠેકાણે નહી રહેતો ઉપરી અધિકારી વર્ગ, નાહકનો અંગ્રેજી અર્થ અનફેરલી છે.તેનો અર્થ હક વગરનો અથવા ગેર વાજબી પણ થાય,'(શબ્દ કોષમાં જોઇને) ફોઝલેસ્લી એવો પણ થાયછે,

સ૦ हित शत्रु નો અર્થ શું ? જ. એક જણના સુખનો વેરી એવો થાય છે. બેમતલબ એવો પણ કાંઈક થઇ શકે. આ બોલ એવો કાંઇક ખ્યાલ આપે છે કે એક માણસ બાહારથી તે મિત્ર ગણાવાનું ડોળ ઘાલતો હોય પણ તે અંદરખાનેથી દુશ્મન હોય. મિત્રના સ્વરૂપમાં ખોટી રીતે સજ થયેલો શત્રુ એવો અર્થ આપવાગાં આવેલો મેં જોયો નથી.

સ૦—वक्रदृष्टि એટલે શું? જ૦ ખરાબ નજર. ગેરમેહર બાની-એવો અરથ તાણીતોડીને કીધેલો ગણાશે. तेंची आमच्या वर वक्रदृष्टि आहे નો અર્થ તે મારા પ્રત્યે ખોટી નજરથી જોય છે એમ થાય, ઈતરાજી થઇ છે એવો અર્થ છૂટેથી કરીયે તો થાય. सरकारची लोकांवर वक्रदृष्टि आहे નો અર્થ સર કાર લોક તરફ ખોટી નજરથી જોય છે એવો થાય.

ના. જડજ--સરકારની લોકો ઉપર ગેરમહેરબાની ઉતરી છે. એવો નહિ થાય? જ-એવો પણ થઇ શકે.

સ- मळ्याला मीठी मारणे नोअर्थशुं ? જ-બીજાની ગર દન ઉપર હથિઆર ફેંકવાં એમ થાય છે.

ના. જડજ--ત્યારે તરજુમામાં ભુલ થઇ છે? જ૦--નહી, ઘણો નજીવો ફરક છે.

ધકાબુકી.

આજે બપોરે કોર્ટ ખાણા માટે ઉઠતાં સર્વેને કોર્ટમાંથી બહાર ક હાડી કોર્ટનાં બારણાં બંધ કરવામા આવ્યાં હતાં, તથા છેક સવાત્રણ વાગે બારણાં ઉઘાડી બેઠકો થઇ શકે તેટલાઓને અંદર દાખલ થવાની પરવાનગી આપવામાં આવી હતી. જ્યારે કોર્ટની બહાર જમા- થયલાં ટોળાએ અંદર દાખલ થવા માટે એકદમ ધસારો કીધો હતો, જેનું પરિણામ સવારની પેઠે ધાંધડાફડી થવામાં અને બારણાંનો એક કાચ ભાંગી જવામાં આવ્યું હતું.

મીઠ તીલક સામે મુંબઇ ગેઝેટમાં ટીકા.

ખાણા પછી કોર્ટ પાછી બેસતા નામદાર જડજનું ધ્યાન મી૦ તિ લક તરફથી મુંબઇ ગેઝેટના આગલા દિવસના અંક.ઉપર ખેંચવામાં આવ્યું કે તેમાં એવી ટીકા કરવામાં આવી છે કે ' મી૦ તિલક, સાક્ષી જાણે ઇનામ મેળવવાની હરિફાઇની પરીક્ષા આપવા હાજર થયા હોય તેમ તેઓની તપાસ ચલાવે છે.' એ ઉપરથી નામદાર જડજે મી૦ તિ લકને જણાવ્યું કે તમારી મરજીમાં આવે તેવી રીતે સાક્ષીઓની ઉલટપા લટ તપાસ ચલાવવાને તમો મુખત્યાર છો. હું તમારા માર્ગમા કોઇપણ રીતે હરકત થયલી જોવાને ઇચ્છતો નથી. તમો તરફથી કરવામાંઆવતી

નામદાર જડજ—ત્યારે તમો પગારદાર છો ! જ૦ હા.

અને તુકારામ તથા બળવંત કૃીષ્ણજી નામના બે સાક્ષીઓનું નામ પોકારવામાં આવતાં તેઓ ગેર હાજર માલમ પડયા હતા. આ ઉપરથી ઉપલા સાક્ષી આપનારને પાછા બોલાવી છુટક નકલો કેવીરીતે વહેંચવામાં આવતી હતી તેના સબંધમાં સવાલો પૂછયા હતા.

પોલીસ ઇન્સ્પેક્ટર મી૦ સુલીવાનની જુબાની.

મુંબઈની પોલીસના ઇન્સ્પેક્ટર મી૦ સુલીવાને જણાવ્યું કે પૂણામાં બજાવવા માટેનું મેં મુંબઈથી વારંટ મેળવ્યું હતું.

મી૦ બ્રાન્સન—મી૦—તીલકનું મકાન તથા છાપખાનાની ઝડતી મેળવવાનું ! જ૦ હા

સ૦—મી૦ કેવીરે પૂણામાં વારંટ બજાવ્યું હતું ? જ૦ હા.

સ૦—તમો પણ પૂણા ગયા હતા ? જ૦ હા

સ૦—જડતીનું વારંટ બજાવવામાં આવ્યું ત્યારે તમે હાજર હતા ? જ૦—હા.

સ૦—તીલકના મકાન, ઓફીસ તથા છાપખાનાની જડતીઓ લેવી વેળા હાજર હતા ? જ૦ હા..

સ૦—તમારી સાથે બીજા અમલદારો પણ હતા ? જ૦ હા.

સ૦—મી૦ કેનકર તે વેળા હાજર હતા ? જ૦ હા.,

પુરાવા તરીકે દાખલ કરવામાં આવેલો પોસ્ટ કાર્ડ.

સ૦—તમને જડતી વેળા શું મળ્યું ? જ૦—એક પોસ્ટ કાર્ડ. અત્રે બતાવવામાં આવે છે તેજ.

સ૦—ક્યાંથી મળ્યો ? જ૦ [illegible]

નામદાર જજ-છાપખાનુ, ઓફીસ, તથા મકાન એકજ ઠેકાણે માં છે ? જ૦ હા,

નામદાર જજ-કાર્ડ કયા મકાનમાંથી મળ્યો હતો ! જ૦-ઓ માંથી

મી૦-બ્રાન્સન-કાર્ડ તમે કોઇને બતાવ્યો હતો? જ૦ હા. મે પાવર, દેવીડ તથા કેલકરને.

સ૦-કાર્ડ તમેજ રાખ્યો હતો ? જ૦ હાં.

સ૦-મેજીસ્ટ્રેટને દેખાડયો ત્યાં સુધી તે તમારાજ હવાલામાં હતો ? હા.

સ૦-કાર્ડ ઉપર મી૦ કેલકરે પોતાની જાતતમાં સહી મુકી છે ? જ૦ હા.

ઉપરનો કાર્ડ ને બાદ સાક્ષીએ કોર્ટમાં રજુ કીધો હતો.

મી૦ બ્રાન્સને તેને પુરાવા તરીકે કોર્ટમાં દાખેલ કરવા માગ્યો તથા પોતાની માગણીના ટેકામા કાયદાની સહાદતો ટાકી બતાવી હતી.

નામદાર-જજ- [મી૦ તીલકને] કાર્ડ તમારા સ્વાધીનમા માલમ પ હતો તે વીશે તમો શુ કહો છો ? પણ પ્રથમ તો હુ તમને બોલું છુ કે આ સવાલનો જવાબ આપવો કે કેમ તે તમારી મુનસફી ર રહેછે.

મી૦ તીલકે જણાવ્યુ કે એ કાર્ડ કેવી રીતે મળ્યો હતો તે સ બાજુએ મૂકતા એ કાર્ડને આ મુકદમા સાથે લાગતુ નહી હોવા તે પુરાવા તરીકે રજુ કરવામા આવે તે સામે હુ વાંધો લઉછું.

નામદાર જજ—હું તમારો વાંધો સ્વીકારી શકતો નથી પોસ્ટ કાર્ડ પુરાવા તરીકે દાખલ કરૂછું.

અત્રે મી૦ બ્રાન્સને કાર્ડ ઉપર મળગી ઉડે એવી ચીજોને લગતી જ આપનારી બે ચોપડીઓ તથા તેઓના ગ્રંથકારોનાં ના[illegible] મા આવ્યા હતા તે વાચી સંભળાવ્યા હતાં.

મી૦ સુશીવાનની ઉલટ પાલટ તપાસ,

મી૦ તીલકની ઉલટ પાલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે જડતીમાં મળેલા બીજાં ઓચર્યાઓ પણ હું મુંબઇમાં લાવ્યો હતો.

મી૦ તીલક—તે બધાં ઓચર્યા રજુ કરશો?

મી૦ બાન્સને બે ઓચર્યાં આજે રજુ કરવાનું માથે લીધું હતું.

મી૦ તીલક-[સાક્ષીને] તમો મારી લાઇબ્રેરીમાં ગયા હતા?

સાક્ષી-લાઇબ્રેરી કઇ હતી તે હું જાણતો નથી. લખવા વાંચવા નો જુદો ઓરડો હતો.

સ૦ બીજાં ઓચર્યાં પણ પોસ્ટ કાર્ડ ના ગાજ ઓરડામાંથી મળી આવ્યાં હતાં ? જ૦-હા.

સ૦ તમારામાંના કોઇએ મારી લાઇબ્રેરીમાં જઇ તપાસ ચલાવી હતી ? જ૦-હું તે જાણતો નથી.

સ૦-કાર્ડ ગઠ્ઠાઓથી મળી આવ્યો હતો કે પત્રોની વચ્ચેથી ! જ૦-હું કહી શકતો નથી. મેં પત્રો ખાનામાંથી એકેક પછી કહાડવા માંડયા હતાં તેમાં કાર્ડ પણ મળી આવ્યો હતો.

સ૦-ખાનામાં કેટલા પત્રો હતા ? જ૦-હું કહી શકતો નથી.

સ૦- દસ, વીસ, પચાસ ?

જ૦-હું નથી જાણતો. ખાનું બધું પત્રોથી ભરાએલું હતું.

સ૦-કાર્ડવાળાં ખાનામાંથી બીજાં કોઇ પત્રો મળ્યા હતાં ?

જ૦—તે હું કહી શકતો નથી પણ જે બધાં કાગળો મળ્યાં હતાં તેની મેં ટીપ ઉપજાવી કહાડી છે

સ૦- પંચનામું કરવામાં આવ્યું હતું ? જ૦- હા.

સ૦-તેની નકલ મને આપશો ! જ૦-હા.

અત્રે સાક્ષીએ મી૦ તીલકના હાથમાં પંચનામાની નકલ મુકી હતી.

સ૦-કાર્ડવાળાં ખાનામાંથી તમને કેટલા કાગળો મળ્યાં હતા તે તમો કહી શકશો ? જ૦-મને તે યાદ નથી.

મને એટલી યાદ છે કે મરાઠી પત્રોમથી કાપેલી થોડીક કાપલીઓ મળી હતી.

સ૦—બધાં મળી કેટલા ઓચર્યા મળ્યાં હતાં? જ૦—પંચનામામાં જુદી જુદી ચીજો તારવી કહાડી બનાવવામાં આવેલી ટીપમાં જુમલો ત્રેંસઠનો નાખવામાં આવ્યો છે. સિવાય વધુ હું કાંઇ કહી શકતો નથી.

અત્રે મવાપાંચ વાગેલા હોવાથી મી૦ તીલકે સાક્ષીની વધુ ઉલટપાલટ તપાસ બીજા દિવસ ઉપર મુલતવી રાખવાની અરજ કીધી હતી.

જે કોર્ટે સ્વીકારી હતી.

તે બાદ નામદાર જજે જુરીના ગ્રહસ્થોને વિદાય કરતાં જણાવ્યું કે તમારા હાથમાં ફરીયાદપક્ષ તરફથી "કેસરી" પત્રમાં આવેલાં કેટલાંક તકરારી લખાણોના અંગ્રેજી તરજુમા મુકવામાં આવ્યા છે તે વાંચીને તૈયાર થઇ આવવાની હું તમને ભલામણ કરીશ, કે જેથી કોર્ટમાં એ લખાણો બાબે જે કાંઈ બોલાય તે સમજી તેનું તમો બરાબર તોલ કરી શકો.

ત્રીજો દીવસ.

મી૦ સુલીવાનની ઊલટપાલટ તપાસ.

પોલીસ ઇન્સ્પેક્ટર મી૦ સુલીવાનની આગલા દીવસની મુલતવી રહેલી વધુ ઉલટપાટ તપાસ મી તીલકે તે બાદ આગળ ચલાવી હતી.

જુદું વારંટ મેળવ્યું હતું ? જ૦–નહી. એકજ વારંટ હતું.

સ૦–સીંહગઢનું મારૂં મકાન વારંટમાં જણાવવા આવ્યું હતું. ? જ૦–વારંટમાં સીંહગઢ જણાવવામાં આવ્યું હતું

સ૦–તમે પોતે વારંટ જોયું છે ? જ૦–હા.

સ૦–વારંટમાં સીંહગઢ કોણે ઉમેર્યું હતું ? જ૦–હું જાણતો નથી.

સ૦વારંટ તમારી પાસે છે ? જ૦–નહી, તે પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટને પાછું આપવામાં આવ્યું છે.

મી૦ તીલકે જણાવ્યું કે પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ તરફથી આ કોર્ટને મળેલાં ઓચર્યોમાં વખતે તે વારંટ પણ આવ્યું હતું.

નામદાર જજે ઓચરયાં જોવડાવવા પછી જણાવ્યું કે એ વારંટ મળતું નથી. પ્રથમ હું તમો પાસે જાણવા ઇચ્છું છું કે વારંટ માગવામાં તમારી મતલબ શું છે ?

જ૦–હું તે થોડા વખતમા બતાવવા માગું છું.

મી૦ તીલક (સાક્ષીને) તમે તમારી સાથે પુના થી સીંહગઢ મારા કોઇ માણસને લઇ ગયા હતા ? જ૦–નહી.

સ૦–તમે મકાનમાથી કબાટોનાં તાળાંભાંજીનેઉઘાડ્યાં

જ૦–હા, મેં બે કબાટો એવીરીતે ઊઘાડયા હતા.

સ૦ તમે પુણાથી કોઇ મારા માણસને લઇ ગયા હતા. પણ મારા કોઇ માણસને તમે એવી ખબર દીધી હતી કે તમો સીહગઢ જાઓ છો ? જ૦ નહીં. ખરૂં જોતાં ત

ાંજ્યાં નહી હતાં. ફક્ત તાળાંનાં મીજાગરાં કહાડી નાંખ્યાં તાં.

સ૦ તમે તાળાં પાછાં બરાબર કીધાં હતાં ? જ૦ નહિ.

છેવટનું ભાષણ કરવાનો હક છોડી દેવાની મી૦ તીલકની તૈયારી.

અત્રે મી૦ તીલકે જણાવ્યું કે હાલમાં હું મી૦ સુ વાનની તપાસ બંધ કરૂં છું, પાછળથી ઓચરયાં તપાસી ૦ સુલીવાનની તપાસ હું ચલાવીશ,

નામદાર જજ્જ—હા તે સામે કાંઇ વાંધો નથી.

તે બાદ નામદાર જજ્જે જણાવ્યું કે તમારે અત્રે કાંઈ ાલાસો કરવો હોય તો કરો.

મી૦ તીલક–મારો ખોલાસો હું કરવા માગું છું. પણ આગમચ બાકીનાં ઓચરયાં, હું જોવા માગું છું. તે જોયા ી મારા ખોલાસામાં તે વીશે હું એશારો કરી શકું.

નામદાર જજ્જ–હું તમને અત્રે જણાવીશ કે ફર્યાદપક્ષ રેકાર્ડ સીવાય બીજા કોઇ પણ પત્રનો આધાર લેવા માગતો નથી.

મી૦ તીલક–પણ તે છતાં હું બાકીનાં ઓચરયાં જોવા ગું છું તથા જરૂર પડે તો તેમાંનાં કેટલાંક કોર્ટમાં મારા ચાવના પુરાવા તરીકે રજુ કરવા માગું છું. તેથી મારા ચાવમાં છેવટનું ભાષણ કરવાનો મારો હક જતો રહેશે. પણ હક છોડી દઇને પણ ઓચરયાં રજુ કરવાના ઠરાવ ઉપર આવ્યો છું.

અત્રે વડા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ પાસેથી વારંટ લાવવા માં આવતાં તે તપાસવા માટે મી૦ તીલકના હાથમાં મુકવા માં આવ્યું હતું.

મી૦ બ્રાન્સને તે બાદ સુચના કીધી કે વધુ ઓચરયાં વડા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ તરફથી મળે તેટલાં હાલમાં જે ઓચરયાં મળ્યાં છે તે કેટલાં અધુરાં છે તે નકી કરવા માટે પંચનામા.ની ટીપ સાથે સરખાવી જોવાં. તે મુજબ સરખાવી જોયા પછી મી૦ તીલકે જણાવ્યું કે મેજનાં ખાનામાંથી મોરા પત્રો, તારના સંદેશાઓ વગેરે અત્રે લાવવામાં આવ્યા ન બાકીનાં આફીસ તેમજ છાપખાનાંમાંથી જડતી વેળા પોલીસ પોતાને સ્વાધીન લીધેલાં ઓચરયાં બધાં અત્રે રજુ કરવામ આવયા છે.

નામદાર જજ-પંચનામાનીટીપમાં તે આપવામાંઆવ્યાંછે.

મી૦ તીલક-હા.

કોર્ટમાંથી ગુમ થએલાં ઓચર્યાં.

અત્રે નામદાર જજે જણાવ્યું કે મને એવી ખબર આ વામાં આવી છે કે બાકીના ઓચરયાં પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટની માં મળતાં નથી. ટીપમાં જણાવવામાં આવેલાં નંબર ૧૯ થી સુધીનાં કાંઈ પણ ઓચરયાં અત્રે રજુ કરવામાં આવ્યા નથી. માંથી ફકત છેતાળીશ નંબરનો પોસ્ટ કાર્ડ એકલો અત્રે રજુ .. માં આવ્યો છે. મને જણાવવામાં આવે છે કે ઓચરયાં આ કોર્ટ

કલાર્ક ઓફ ધી ક્રાઉનની ઓફીસમાં લાવવામાં આવ્યાં હતાં તથા વડા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટની કોર્ટના કલાર્કને એ પત્રોની થેલી આગળથી ખસવા નહી જણાવવામાં આવ્યું હતું. તે છતાં તે છોડી ગયો હતો.

મી૦ બ્રાન્સને અત્રે જણાવ્યું કે કોર્ટે આ બાબતની નોંધ લેવી કે જોકે મકાનમાંથી મળી આવેલાં ઓચરયાંઓમાંથી પોસ્ટ કાર્ડ સિવાયનું એકપણ ઓચરયું અત્રે ફરયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવ્યું નથી તે છતાં આરોપી તરફથી ગુમાયેલાં ઓચરયાઓના સંબંધમાં મોટી થાપણ કરવામાં આવે છે તથા ઓચરયાંની ગેરહાજરીમાં આરોપી ખોલાસો કરવાને ના પાડે છે.

નામદાર જજ્જે પુછવાથી મી૦ તીલકે જણાવ્યું કે એ પત્રોમાંના કેટલાંક ઉપરથી અતરે રજુ કરવામાં આવેલાં પોસ્ટ કારડના સંબંધમાં અજવાળું પડી શકે એવું લાગતું હોવાથી એ ઓચરયાં મળ્યા આગમચ મારો ખોલાસો નહી કરવાનો મેં એરાદો જણાવ્યો હતો.

અત્રે મી૦ સુલીવાનને પાછો બોલાવી મંગાવવામાં આવતાં મી૦ બ્રાન્સનના કહેવાથી તેણે અસલ પંચનામું રજુ કીધું હતું.

મી૦ બ્રાન્સન (એ વારંટો સાક્ષીના હાથમાં મુકીને) આજ વારંટો છે કે?

સાક્ષી—હા, એક છાપાખાના તથા બીજું મકાન માટેનું છે.

નામદાર જજ્જ—પંચનામું કયે દહાડે કરવામાં આવ્યું હતું.
સાક્ષી—તા૦ ૨૫ મી જુનને દીને.

તે બાદ મી૦ બ્રાન્સને અસલ પંચનામું તથા તેના એક પોલીસ અમલદારે કીધેલા અંગ્રેજી તરજુમાની નકલ કોર્ટમાં દાખેલ કીધી હતી

ઓચરયાંનો મળેલો પત્તો

અત્રે સવા વાગતે બાકીનાં ઓચરયાં કોર્ટમાં લાવવામાં આવ્યાં હતાં જેની તપાસ લેવાની નામદાર જજ્જે મી. તીલક તથા તેઓના સલાહકારોને પરવાનગી આપી હતી. ઓચરયાં તપાસતાં તે બરાબર માલમ પડયાં હતાં ઓચરયાં તપાસી રહ્યા બાદ મી. તીલકે મી. સુલીવાનની નીચે મુજબ ઉલટપાલટતપાસ ચલાવી હતી-

સ૦—તમે રજુ કીધેલાં ઓચરયાં બધાં ખાનામાં મળ્યાં હતાં કે કેટલાંક ખાનામાં તથા કેટલાંક મેજ ઉપર મળ્યાં હતાં ?
જ૦—કેટલાંક ખાનામાં તથા કેટલાંક મેજ ઉપર મળ્યાં હતાં

સ૦—કયા ખાનામાં તથા કયા મેજ ઉપર મળ્યાં હતાં તમો કહી શકશો? જ૦—હું ધારૂં છું કે ઘણાખરા હાથના લખેલા કાગળો મેજ ઉપર તથા વર્તમાન પત્રોના કાપલા વગેરે ખાનામાં મળ્યા હતા.

સ૦—પંચનામાની ટીપ ઉપરથી તમો કહી શકશો કે ફલાણા નંબરવાળા કાગળો ખાનામાં તથા ફલાણા નંબરવાળા મેજ ઉપર મળ્યાં હતાં ? જ૦—નહી.

સ૦-મકાનની ઝડતીનાં વારંટ ઉપર કોણની સહી છે
- પ્હેલી સહી સીટી મેજીસ્ટ્રેટની છે. જીલા મેજીસ્ટ્રેટ નહીં મ
.ાથી પેહેલાં સીટીમેજીસ્ટ્રેટ પાસે સહી લેવામાં આવી હતી.

સ૦-સીટી મેજીસ્ટ્રેટે કયારે સહી મુકી હતી? જ૦-તા.
.. મી જુનને દીને.

સ૦-સહી સવારે કે સાંજે મુકવામાં આવી હતી? જ૦ સાંજે

સ૦-તમોએ મારા મકાનની ઝડતી કયારે લીધી હતી?
જ૦-સીટી મેજીસ્ટ્રેટની સહી મળ્યા પછી બીજે દિને સવારે.

સ૦-મધરાત્રે એ વાગતે? જ૦-મળસકા પછી.

સ૦-પુણાના મકાનની જડતી તમે કયારે પુરી કીધી હતી?
જ૦-સવારે નવ અને દશ કલાકની વચ્ચે.

સ૦-તે પછી સીંહગઢ જવા કયારે ઉપડયા હતા? જ૦-
આશરે બપોરે બાર વાગતે

સ૦-પુણાના મકાનની ઝડતી લીધા પછી વારંટ ઉપર
જીલ્લા મેજીસ્ટ્રેટની સહી લેવામાં આવી હતી? જ૦-તે હું
જાણતો નથી.

સ૦-પુણાના મકાનની ઝડતી વેળા વારંટ તમારી પાસે
હતું? જ૦નહીં મારી સાથે આવેલા પુણાની પોલીસના અમલદાર
પાસે હતું.

સ૦સીંહગઢના મકાનમાંથી તમને કાંઇ મળ્યું હતું
નહીં? જ૦-નહીં,

સ૦ પુણાના મકાનમાંથી વારંટમાં જણાવયા મુજબ
નાજ કાગળયા જપત કરવામાં આવ્યા હતા? જ૦ હા.

અત્રે મી૦ તીલકે નામદાર જજને જણાવ્યું કે જે ઓચરયાં કેટલીક શોધ ચલાવયા પછી હમણાં કોર્ટમાં લાવ વામાં આવ્યાં છે, તેની ટીપ કરી એકઝીબીટ તરીકે કોર્ટમાં દાખેલ કરવાં.

નામદાર જજે એ ઓચરયાં એકઝીબીટ તરીકે દાખેલ કીધાં હતાં.

મી૦ તીલકે અત્રે સાક્ષીની વધુ તપાસ ચલાવવાને ના પાડ્યા થી સાક્ષીને કોર્ટ છોડી જવાની પરવાનગી આપવામાં આવી હતી.

અત્રે મી૦ બ્રાન્સને પોતાના તરફથી મુકદમો પુરો થયલો જાહેર કીધો હતો.

અત્રે મી૦ તીલકને પોતાનો ખુલાસો કરવાને જણાવવામાં આવતાં તેઓએ જણાવ્યું કે, મારો ખુલાસો તૈયાર છે પણ તેમાં થોડાંક વાક્યો હું અહીં તહીં ઉમેરવા માગું છું. જે માટે એક કલાકનો વખત જોઇએ છે. આથી હમણાં બે વાગેલા હો વાથી કોર્ટ હમણાં ઉઠી ત્રણ વાગતે પાછી મળશે. તો હું તે વખતે ખુલાસો કરી શકીશ.

નામદાર જજ્જ—જુરરોને ખાણાનો વખત એવી રીતે ફેરવવાનું બની શકશે કે કેમ તે એક સ્વાલ થઇ પડેછે.

મી૦ તીલક ત્યારે સાડા ત્રણ વાગે કોર્ટ પાછી મેળવ વાનું ઠરાવો.

જુરીનો ફોરમેન—અમો ખાણું લઇ ત્રણ વાગતામાં આવવાને કોશીશ કરીશું.

આ ઉપરથી નામદાર જજે કોર્ટ ત્રણ વાગતા ઉપ
મુલ્તવી રાખી હતી.

મી૦ તીલકનો લેખીત ખુલાસો

ખાણાં પછી કોર્ટ બેસતાં મી૦ તીલકે નીચે મુજબ પોતાનો લેખીત ખુલાસો વાચી સંભળાવ્યો હતો.

પુણાં ખાતે દર મંગળવારે પ્રગટ થતાં " કેસરી " પત્રનો હું અધિપતી પ્રગટ કરનાર, છાપનાર તથા માલેક છું. તથા માલેક તરીકે તેમાં આવેલાં જે લખાણોના સંબધમાં મારા ઉપર આરોપો મુકવામાં આવ્યા છે તેની જોખમદારી હું પુરે પુરી સ્વીકારૂં છું.

રાજ્યદ્વારી બાબતો ઉપર તકરાર કરતી વેળા વપરાતા અંગ્રેજી બોલોને અનુકુળ થઇ પડતા મરાઠી બોલો છે તેની મેં નીચલી ટીપ તૈયાર કીધી છે.

राजकर्त्ता अधिकारी वर्ग
गोरा अधिकारी वर्ग
सरकारी अधिकारी वर्ग
अंग्रेजी अधिकारी वर्ग
} Bure aucracy

जुलमी =Despotic
माथे फिरु =Fanatic
तेज =Mettle or spirit

મી૦ તીલક—પણ તે પછી કલકત્તાની હાઇ કોર્ટના જજે તેથી જુદોજ ચુકાદો આપ્યો છે.

મી૦ બ્રાન્સન—મી૦ તીલકને ખોટલું જણાવવામાં આ હતું કે એકઝીબીટ રજુ કરવાથી તેઓ છેટલું ભાષણ પોતાનો હક્ક ગુમાવશે અને તે તેઓએ સ્વીકાર્યું પણ હતું.

મી૦ તીલક—પણ આ કાંઇ સ્વીકાર કરવાનો સવાલ એ તો કાયદાની બારીકીનો સવાલ છે.

મી૦ તીલકે જણાવ્યું કે તા૦ ૬ ઠી આગષ્ટ ૧૯૦૬ માં કોર્ટના નામદાર જજ મી. બેટે ઠરાવ્યું હતું કે ફરયાદ પ સાક્ષીઓની ઉલટપાલટ તપાસ વેળા આરોપી પક્ષ તરફથી કાંઇ ઓચરયાં રજુ કરવામાં આવે તો તેથી આરોપી પક્ષ પો નું ભાષણ છેલ્લું કરવાનો હક્ક ગુમાવતો નથી. પણ તે એવી તે કે ઓચરયાં એકદમ ફરયાદ પક્ષે નહી ધારેલાં હોય રીતે અચબુચ લાવવામાં આવે નહી.

નામદાર જજ મી૦ દાવરે એ બાબતમાં ચુકાદો આ તાં જણાવ્યું કે અત્રેની હાઇ કોર્ટમાં નામદાર જજ મી. સન્મુખ આ સવાલના નીવેડા માટે જવામાં આવ્યું હતું. વેળા સારી રીતે જાણીતું હતું કે અલ્હાબાદ, મદ્રાસ, સું તથા કલકત્તાની હાઇ કોર્ટમાં એ બાબતમાં રૂઢી જુદી હતી આથી મુંબઈની હાઇકોર્ટમાં કઇ એક રૂઢી પસંદ કરવી એકદમ નક્કી કરવા માટે નામદાર જજ મી. બેટીનો સું માગવામાં આવ્યો હતો. અને તે મળ્યા પછી હું તેનેજ

ભગી રહેવાનું પસંદ કરીશ. આથી મી. તીલકને પહેલું ભાષણ કરવાને જણાવું છું. તેજ વેળા હું કહીશ કે મી. તીલકને પોતાનો બચાવ કરવામાં કોઇ પણ રીતની અડચણ નહી થાય તે જોવાને હું આતુર છું. તથા મી. બ્રાન્સન તરફથી જવાબ આપનારૂં ભાષણ કરવામાં આવે તેમાં કોઇ નવી બાબત આવે તેનો જવાબ હું મી. તીલકને આપવા દઇશ.

મી૦ તીલકનું ભાષણ

એ પછી મી૦ તીલકે પોતાના બચાવમાં નીચલું ભાષણ કીધું હતું:—

ફરયાદ પક્ષના ધારાના હિમાયતી મી. ઇનવેરારીટીએ જે સુભાષિતપણે ભાષણ કરી પોતાનો મુકદમો રજુ કીધો છે. તેટલું સુભાષિતપણું હું બતાવી શકીશ નહીં, પણ હું મારો બચાવ ખોલાસાવાર તમને સમજાવીશ. મી. ઇનવેરારીટીનો મુકદમો રજુ કરનારૂં શરૂઅતનું ભાષણ ઘણું ટૂંકું હતું તેથી ફરયાદ પક્ષ કયા નીશ્રીત આરોપો મારી ઊપર મૂકે છે તે હું જાણી શકયો નથી. આથી મારી ઉપર મુકવામાં આવેલા આરોપોનો જવાબ વાળવા માટે મને લંબાણ ભાષણ કરવું પડશે, મેં ધારાના હેમાયતી તરીકેનું લાંબો વખતથી કામ કીધું નથી, તેથી મારો મુકદમો તમો સન્મુખ હું કમનશીબે જોઇએ એવા સારા આકારમાં રજુ કરી શકીશ નહીં. હવે મારી સામે મુકવામાં આવેલા આરોપોના સંબંધમાં હું બોલીશ. જે ફીતુરી લખાણ કરવા માટેનો મારા ઊપર આરોપ મુકવામાં આવ્યો છે. તે પ્રગટ કરવાની પુરે

સ્વીકારવામાં નહી આવતાં તે માણુસ માથેની જોખમ દારી પુરવાર કરવાની પેહેલી જરૂર ગણુવામાં આવેછે. હવે ઇંગ્લાંડની જુરી છુટાં છુટાં ટાંકવામાં આવેલા વાકયો અથવા ખાલી લખાણુ ઉપરથી નહી પણુ પોતા સન્મુખ જે આસપાસના સંજોગો રજુ કરવામાં આવે છે તે ઉપરથી પોતાનો ચુકાદો આપે છે કે જે રૂઢી ઉપર ઇંગ્લાંડનો છાપો હાલમાં જે છૂટાપણું ભોગવે છે તે જાળવી રાખવાનો સ્વાલ લટકેલો છે.

જુરીની સત્તા

અત્રેનો કાયદો ઈંગ્લાંન્ડના જેવો છે, જેથી રીતુર શાને કહેવું તે બાબતમાં ઈંગ્લાન્ડને પગલે આ દેશે ચાલવું જોઇએ છે. પણ ઇંગ્લાન્ડની જુરીને બહોળી સત્તા મળેલી છે. તે જજની પણ પરવાહ નહી કરી પોતે લુર્ણાનીઓનું બોલ કરી ચુકાદો આપે છે. અત્રેની જુરીના હાથમાં પણ મોટી સત્તા આપવામાં આવી છે; જેનો ઉપયોગ કરી તમે પણ ઇંગ્લાન્ડની જ જુરી મુજબ ચુકાદો આપજો. નામદાર જજ કાયદો શું છે તે તમને સમજાવશે, પણ મારા ભાષણમાં ખરી વીગતો તથા કાયદા બંનેની સાથે સાથેમને સમજણ આપવી પડશે. મારી સામેના લણુમાંથી બે આરોપો ૧૨૪ ક. તથા ત્રીજો આરોપ ૧૫૩ ક. મુજબ મુકવામાં આવ્યો છે. ૧૨૪ ક કલમના પહેલા ભાગમાં જણાવવામાં આવ્યું છે કે આરોપીને ગુનેગાર ઠરાવવા માટે લખાણુથી સરકાર સામે ઉશ્કેરણી અથવા ધીક્કાર ઉત્પન્ન થયો છે એવું પુરવાર

કરવું જોઇએ છે. પણ ફરયાદ પક્ષે તે બતાવવા માટે કાંઇ પણ જુ
બાની રજુ કીધી નથી.

અનિશ્ચિત પ્રકારનો આરોપ.

આથી હું જણાવું છું કે મારી સામેનો આરોપ ઘણો અનિશ્ચિત પ્રકારનો છે, તથા તે ખુલ્લો કરવામાં આવ્યો નથી. મારી સામે ખુલ્લી રીતે એવો આરોપ મુકયો હોત, કે મેં લોકોમાં ઉશ્કેરણી કે ગુસ્સો ઉત્પન્ન કરવાની કોશીશ કીધી હતી, પણ તેમ કરવામાં આવ્યું નથી, એ કલમના પાછળના ભાગમાં જણાવવામાં આવ્યું છે કે સરકારની સામે દુશ્મની ભરેલી લાગણી ઉશ્કેરવાની કોશેશ થયેલી રીતુર પુરવાર કરવા માટે બતાવવી જોઇએ છે. પણ કાયદો એક કોશેશ કરવામાં આવેલી ત્યારેજ ગણે છે કે જ્યારે ઉશ્કેરણી ચલાવવા માટે કોશેશ કરનારે આગમચથી વીચાર રાખેલો પુરવાર કરવામાં આવે. નામદાર જજ્જ મી. બેટીએ આપેલા એક ચુકાદા મુજબ તો ફક્ત કોશેશજ બસ નથી, પણ તેમાં ફતેહ મેળવવી જોઇએ છે, અથવા તો વધારે સબળ સબબો મળવામાં અટકાવ નડયો છે એવું પુરવાર થવું જોઇએ છે. ફર્યાદ પક્ષે યા તો રીતુર ફેલાવવાની મારી કોશેશ ફતેહમંદ નીવડી હતી એવું બતાવવું હતું અથવા તો ઉશ્કેરણી ચલાવવાની મારી કોશેશમાં હું નિષ્ફળ થયો હતો, તેનો સબબ મારા હાથ હેઠળ નહી એવા મજબુત પાકટ સબબોનો હતો એવું દેખાડવું હતું. એક કામ કરવા માટેની ગોઠવણ કરવામાં આવી હોય અને તે અ

જતાં નીષ્ફળ જાય તો તે ખાલી કોશેશના વર્ગમાં આવે છે અને તે જો ફતેહમંદ થાય તો ગુન્હાના વર્ગમાં આવે છે.

ગુન્હા કરવાની કોશેશ કીધેલી કયારે ગણાય ?

ફકત એક ગુન્હો કરવા માટેની તૈયારી કરવામાં આવે અથવા એરાદો રાખવામાં આવે તે કાંઈ કોશેશ કરવામાં આવેલી તરીકે કાયદો સ્વીકારતો નથી; એરાદો અથવા કરી રાખવામાં આવેલી તૈયારી અમલમાં મુકવાની કોશેશ કરવામાં આવે ત્યારેજ કાયદો તેને કોશેશ તરીકે સ્વીકારે છે. હું જો એક માણસ પછવાડે તલવાર લઇ દોડું તો તમો કહેશો કે મેં તેનું ખુન કરવાની કોશેશ કીધી છે, પણ કાયદો તે કોશેશ તરીકે સ્વીકારતો નથી. હું તેને મારી નાંખવા માટે તે માણસ સામે તલવાર ઉચકું તોજ મેં તે માણસની ખુન કરવાની કોશેશ કીધેલી કાયદો ગણે છે. (મી. તીલકે અત્રે એવીજ રીતે આરોપીના દેખીતા એરાદાને કોશેશ તરીકે નહીં સ્વીકારી આરોપીઓને છોડી દેવામાં આવેલા હોયાના કેટલાક દાખલા ટાંકી બતાવ્યા હતા.)

એક લખાણ ફીતુરી કયારે પુરવાર થાય ?

તે બાદ તેઓએ જણાવ્યું કે આ મુકદમામાં પ્રગટ કરવામાં આવેલા લખાણને ફીતુરની કોશેશ તરીકે બતાવવાની તજવીજ કરવામાં આવી છે, પણ લખાણ ફકત એરાદો બતાવે છે; જો કે ઇરાદો પણ આસપાસના સંજોગોની મદદથી કાયદા મુજબ પુરવાર કરવો જોઇએ છે. ફકત લખાણ કરવા કે બોલવાથી લખા

ણ ડગ્નાર કે બોલનારનો તેમ કરવાનો ઈરાદો જણાતો હોય તે આ કોર્ટનો કલાર્ક ઓફ ધી ક્રાઉન પણ એવો ઇરાદો દર્શાવવા માટે ગુનેહગાર ઠરે છે, કારણુ કે જે લખાણ માટે મને અત્રે ઉભો કરવામા આવ્યો છે તે તેણે વાચી બતાવ્યુ છે તેમજ જે વર્તમાન પત્રોએ મારૂં લખાણ ઉતારી લીધુ છે તે બધા ગુન્હેગાર ઠરે છે એજ રીતે એક જણનુ ફીતુરી લખાણ ફોનોગ્રાફ સચામાથી બોલવામા અવે તો તે ફોનોગ્રાફ સાચાને પણ તે માટે કોર્ટમા ઘસડવો જોઇએ આ મુજબ તમો જોશો કે ખાલી એક લખાણ ઉપરથી એક લખાણ કરનારને ગુન્હેગાર ઠરાવી શકાય નહી હું એમ નથી કહેતો કે લખાણ ખુદમા ગુન્હો આવતો નથી પણ તે રૂપીયામા એક આના જેટલો છે લખાણ કરનારને ગુન્હેગાર ઠરાવવા માટે બીજી પદર આના જેટલી જુબાની રજુ કરવી જોઇએ છે ફરીયાદ પક્ષ આરોપીના મગજમા ગુન્હો કરવાનો ઇરાદો હતો એવુ બતાવે નહી ત્યાસુધી એક લખાણ કરનારને ગુન્હેગાર ઠરાવી શકાય નહી એક તકરારી લખાણ ઉપરથી એક માણસે ગુન્હો કરવાની કોશેશ કીધેલી કહેવાય નહી એમ ધારો કે એક જણે એક ઔસ જેટલુ અફીણ પોતા પાને રાખ્યુ હોય તો તેથી તમો એમ કહેશો કે તેનો ઇરાદો આપઘાત કરવાનોજ હતો? કારણ કે એટલુ અફીણ ખાનાર મરી જાય છે પોતાને અફીણ ખાવાની આદત હોય તે માટે પણ તે પોતા પાસે અફીણ રાખે

ગુન્હો પુરવાર થાય તે આગમજ બીનતક્ સીરવાર મનાતો આરોપી

કાયદામાં તમને એવું માની લેવા જણાવ્યું છે. કે તમો સન્મુખ ઉભો કરવામાં આવેલો આરોપી બીનતકસીરવાર છે કે તકસીરવાર છે તે દાખલા દલીલોથી પુરવાર કરવાનું કામ ફરયાદ પક્ષનું છે. પણ આ મુકદ્દમામાં ફરયાદ પક્ષે શું કીધું છે? તેણે ફક્ત "કેસરી" પત્રમાં આવેલાં લખાણોનો અગ્રેજી તરજુમો તમો સન્મુખ રજુ કીધો છે, તથા તેમાંના કેટલાક સખ્ત ફકરા ટાંકી બતાવ્યા છે, તથા તમને જણાવે છે કે એ લખાણ ઉપરથી આરોપીને તમો ફીતુરી ઠરાવો. કયા સંજોગો વચે આ લખાણ કરવામાં આવ્યું છે તે તમને જણાવવાના ફર યાદ પક્ષે તદન અખાડા કીધા છે, તથા એ સંજોગો જણાવવાનું મારી પોતાની ઉપર નાખ્યું છે, જો કે ૧૨૪ ક. કલમમાં એ બધા ખોલાસા કરવાની ફરજ ફરયાદ પક્ષ ઊપર નાખવામાં આવી છે. છતાં કયા સંજોગો વચે ફીતુરી કહેવાતાં લખાણ કરવામાં આવ્યા હતાં તે ફરયાદ પક્ષે જણાવ્યું નથી. ફરયાદ પક્ષ જણાવવાને ભુલી ગયો છે કે હીંદમાં જે વેળા રાજદ્વારી બાબત ઉપર મજબુત તકરારો ચાલેછે અને સખ્ત ટીકાઓ કરવામાં આવે છે તે વેળા તેના જવાબ આપવા માટે આ લખાણ કરવામાં આવ્યાંછે.

છુટાપાણું કે છકેલપાણું?

તમને એટલું જોવાનું છે કે લખાણમાં જે ટીકા કરવામાં આવ્યા છે, તે વાજબી છે કે નહી તથા પ્રમાણીકપણે કર

આવેલ છે કે નહીં? તમને કદાચ કહેવામાં આવશે કે હીંદ
વર્તમાન પત્રોને છુટાપણું આપવામાં આવ્યું છે તેનો ગેર
ભ લઇ સખ્ત ટીકા કરી છકેલપણું બતાવવામા આવ્યું છે.
ર છુટાપણું કર્યું અને છકેલ પણું કયુ તે વચ્ચે તફાવત કોઇ
...તું નથી. ઇગ્લાન્ડની જુરી સખ્ત પણ વાજબી ટીકાઓ
વરતમાનપત્રોના છુટાપણાનો લાભ સમાએલો ગણી
ા લખાણને તદન નીરઅપરાધી ઠરાવવાને ચુકતી નથી ફીતુર
લગતા મુકદમાઓમાં આપણને વારે ઘડી જણાવવામા આવે
કે ફક્ત ફીતુરી લખાણ ઉપરથીજ ફીતુરી ઇરાદો રાખવામાં
વ્યો છે એવું ઠરાવવુ, પણ મેં તમને જણાવ્યુ તેમ
રવુ જોખમ ભરેલું છે લોર્ડ અરસકીને એક ઠેકાણે ટીકા કીધી
, કે એક રાજા કે એક કાનસટેબલ પોતાની ફરજ ઓળગી
પોતાની સત્તા ઊપરાતનું કંઇ પણ કામ કરે તો તે
ાટે બંને એક સરખી રીતના ગુન્હેગાર ઠરે છે. આ
ક્ય ઊપરથી તમો કહેશો કે લોર્ડ અરસકીન આતુ લખાણ
માટે ફીતુરી ઠરે છે, કારણ કે તેણે રાજા તથા કોન્સટેબલ
એક સરખી પાયરીએ ચઢાવ્યા છે પણ કાયદો એ વાકય તદન
પરાધી ગણે છે. મને એક ગેરલાભ એ છે કે મારો મુકદ
ા તપાસવા માટે સાધારણ જુરી રોકવામા આવી નથી, એટલે
જુરીના સભાસદો સામાન્ય લોકોમાંથી પોતામાં ચુંટવામા
. નથી આથી તમો ખાસ જુરીના સભાસદો લોકલાગણી
રાબર સમજો એવુ નથી. જુરી આગળ ભાષણ કરતી વેળા જુરી

ના સભાસદોને એવું કહેવનો અગાઉતે રીવાજ છે કે તમો ફ઼ે
ફ઼ીતુરી લખાણ ઉપરજ નહી પણ આસપાસના સંજોગો ઉપ
ધ્યાન આપી ચુકાદો આપજો તમારે આ વાત યાદ રાખવાની
કે તમારી જ્યુરર તરીકેની ફ઼રજ એટલામાજ આવી રહી ન
કે એક લખાણ ફ઼ક્ત ફ઼ીતુરી છે એવું જોઇ તે માટે આરો
અમો ગુનેહગાર ઠરાવીએ છીએ એવો તમારો ચુકાદો આ
તમારી પહેલી ફ઼રજ પહેલા આસપાસના સજોગો ઉપર
આપી ચુકાદો આપવાની છે. હવે આસપાસના સજોગો કેવી રી
ના હોઇ શકે તેનો હું તમને દાખલો આપીશ. ધારો કે
દેશમાં અસંતોષ ફ઼ેલાયો છે તેનાસબંધમાં રિપોર્ટ કરવા મા
સરકાર એક શખ્સને નીમે છે. તે શખ્સ પોતાનો રીપોર્ટ મોક
આપતાં અશાતી કયા સબબો વચે ઉઠવા પામી છે તથા તે શા
પાડવા માટે સરકારે શું કરવું જોઇએ છે તે વીશે ટીકા કરે ૫
ચાલતા મામલાના સંબંધમાં સખત ભાષામાં નાંપસંદગી બતા
તો ફ઼ક્ત સખ્ત ભાષામાં નાપસંદગી બતાવવા માટે તે
ને તમો શું ફ઼ીતુરી ગણવા નીકળશો ?

છુટથી થતી ટીકા ઉપર દેશના સુધારાનો રહેલો આધાર.

એજ રીતે મારાં લખાણમાં મેં દેશમાં હાલમાં જોવા
આવતા મામલાના સંબંધમા સખ્ત નાપસંદગી બતાવી છે.
લઇને મને આ મામલા સંબંધી ટીકા કરતી વખતે સર

કામ સામે નાપસંદગી બતાવવીજ પડે, એવી ના પસંદગી નહીં બતાવવા દેવામા આવે તથા સરકારની ખામીઓ નહી બતાવવા માં આવે તો દેશનો મામલો કેવી રીતે સુધરવા પામે ? ફક્ત એવુ લખાણ કરનાથી કાઇ સરકારને ધીક્કારમા લાવવાની કોશેશ કીધેલી ગણાશે નહી કમલમી ૧૨૪ क કલમમા જણાવવામા આવ્યુ છે કે નાપસંદગીની ટીકા એવી રીતે કરવી જોઇએ કે જેથી વ ચનારના મગજમા ધીક્કાર કે અસંતોષ ઉભો થાય નહી. પણ નાપસંદગી બતાવ્યાથી કાઇ પણ ખરાબ લાગણી ઉત્પન્ન વગર રહે નહી, એ તો દેખીતુ જ છે, કે જેમ એક માણસ સામે આપણે કાઇ બોલના તેનો આપણી ઉપર ગુસ્સો થોડે કે ઘણો ઉત્પન્ન થયા વગર રહેતો નથી

મોટા અમલદારોના વર્ગનો અમલ.

મોટા અમલદારી વર્ગના હાથમા દેશનો કારોબાર આવી પડયો છે. તે અમલ કહાડી નાખવા કહેવુ તે શુ હીંદ ઉપરનો અગ્રેજી અમલ કહાડી નાખવાનુ કહેવા બરાબર છે ? હુ જાણું છુ કે મોટા અમલદારો તેમજ કહેશે પણ તેઓનો અમલ કહાડી નાખીને તેની જગાએ લોકોના વીચાર આચાર વધારે સારી રીતે રજુ કરનારો અમલ દાખલ કીધાથી અગ્રેજી અમલ તોડી નાખવાની કોશેશ કીધેલી કેવી રીતે ગણાશે ? અલબત્તે હું જાણુ છુ કે તમો જુરીના ગૃહસ્થો એ બાબતમા મારી સાથે મળતા થશો નહી. પણ મત ફેર તો હોય તેથી શુ આપણા વિચારો જાહેર

નહીં કરીયે ? એવી રીતે વીચારો જાહેર કીધા વગર દેશમાં ધારા કેવી રીતે દાખલ થઇ શકે ? નામદાર જજ્જ મી. બેટીએ તાના એક ચુકાદામાં ખોલ્લી રીતે જણાવ્યું છે કે જે આકા. હાલનું રાજ્ય બંધારણ રચવામાં આવ્યું છે તે કહાડી નાંખી બંધારણ જુદું બનાવવું જોઇએ છે. એવું કહેનાર કાંઈ સરકારનો દુશ્મન ઠરતો નથી. ધારો કે ઇગ્લાંન્ડમાં એક જણ લખે કે ચોકસ અંકુશ સાથેના રાજાનાં વડપણ હેઠળ પણ એક રાજ બં રાખવું જોઇતું નથી, તો ફક્ત એટલું લખવા માટે તે લખન કાંઇ ફીતુરી ઠરતો નથી. એક પ્રખ્યાત રાજદ્વારીએ જણાવ્યું છે એમ કહેવું કોઇ પણ રીતે ફીતુરી નથી, ફક્ત એકલા લખ ઉપરથીજ એક માણસના ઇરાદાનું તમારે અનુમાન કરવું જોઇત નથી. ખાસ કરીને હાલના જેવા મુકદમામાં કે જ્યાં તમને મરા કોમની લાગણીનો ખ્યાલ નથી ત્યાં એકદમ તમારે અનુમાન એ ચવું જોઇતું નથી, કે ચોકસ પ્રકારના સખ્ત લખાણથી મરા કોમમાં સરકાર સામે ધીક્કારની લાગણી ઉત્પન્ન થવી જોઇએ. વખત તથા સંજોગ વચ્ચે લખાણ કરવામાં આવ્યું છે તે ઉ તમારે વધારે ધ્યાન આપવું જોઇએ છે, જે લોકો માટે લ લખવામાં આવ્યું છે તેઓની મગજની સ્થિતિ કેવી છે તે વીશે ફરયાદ પક્ષ તરફથી તમને કાંઇ પણ જણાવવામાં આવ્યું : હીંદ એકજ પ્રજાનો બનેલો દેશ નથી. મરાઠી લખાણ એકલા રાઠા લોકો વાંચશે અને તે લોકો ઉપર તેની અસર થશે, અસર કેવી થશે તેને લગતી કાંઇ વીગતો તમો સન્મુખ મુકે

ાવી નથી. આથી તમો જણાવી શકશો કે "અમો સન્મુખ કાંઇ વી
ો મુકવામાં આવી નથી જેથી અમો આરોપીને ગુન્હેગાર ઠરા
। શકતા નથી."

લખાણનું પરીણામ ખમવાની તૈયારી.

હવે ૧૫૩ ક. કલમ ઉપર હું આવીશ તેમાં ખુલ્લું જણા
વામાં આવ્યું છે કે ખાલી ઇરાદો નહી પણ શત્રુવટ ભરેલો ઇ
ાદો એક લખાણ ફીતુરી પુરવાર કરવા માટે બતાવવો જોઇએ છે.
કત ચોકસ શબ્દો અથવા લખાણ સખ્ત ભાષામાં લખ્યું હોય
ઉપરથી જો શત્રુવટ ભરેલો ઇરાદો લખનાર રાખે છે એવું
રવાર થઇ શકતું હોય તો તેટલું કોઇ પણ સહેલથી કહી શકે.
કત સખ્ત લખાણજ ફીતુરી લખાણ ગણાતું હોય તો કોઇપણ
જજ ફકત લખાણ સખ્ત છે એવું જરૂર જણાય તો એક શબ્દ
ાષનો ઉપયોગ કરી પોતાની ખાતરી કરી લઇ ચુકાદો આપી શકે.
ણ જજને મદદ કરવા માટે જુરી આપવામાં આવે છે તેની
ાતલબ એ છે કે સાધારણ લોકોમાંના કોઇપણ બાર શખ્સ લખા
ના સંબંધમાં કેવી લાગણી ધરાવે છે? તે જાણી શકાય. આથી
મારે આસપાસના સંજોગો જોઇ લોકોમાં શત્રુવટ ભરેલી
ાગણી ઉશ્કેરાય એવું છે કે કેમ ? તે જોયા પછીજ ચુકાદો આ
ાવાનો છે. તમો વખતે મારા વીચારો સાથે મળતા થઇ શકશો
હી. હું જાણું છું કે જુદી જુદી કોમો જુદા વીચારો ધરાવે
. પણ મારી કોમ શું વીચારો ધરાવે છે તે જાહેર કરવાની એક
હેર લેખક તરીકેની મારી ફરજ બતાવવાની હતી અને તે મેં

નહીં કરીયે ? એવી રીતે વીચારો જાહેર કીધા વગર દેશમાં ધારા કેવી રીતે દાખલ થઇ શકે ? નામદાર જજ મી. બેટીએ તાના એક ચુકાદામાં ખોલ્લી રીતે જણાવ્યું છે કે જે આકાર હાલનું રાજય બંધારણ રચવામાં આવ્યું છે તે કહાડી નાંખી ર. બંધારણ જુદું બનાવવું જોઇએ છે. એવું કહેનાર કાંઈ સરકારનો દુશ્મન ઠરતો નથી. ધારો કે ઇગ્લાંન્ડમાં એક જણ લખે કે ચોકસ અંકુશ સાથેના રાજાનાં વડપણ હેઠળ પણ એક રાજ બંધા. રાખવું જોઇતું નથી, તો ફકત એટલું લખવા માટે તે લખના કાંઇ ફીતુરી ઠરતો નથી. એક પ્રખ્યાત રાજદ્વારીએ જણાવ્યું છે એમ કહેલુ કોઇ પણ રીતે ફીતુરી નથી, ફકત એકલા લખ ઉપરથીજ એક માણસના એરાદાનું તમારે અનુમાન કરવું જોઇ. નથી. ખાસ કરીને હાલના જેવા મુકદમામાં કે જ્યાં તમને મરા કોમની લાગણીનો ખ્યાલ નથી ત્યાં એકદમ તમારે અનુમાન ચવું જોઇતું નથી, કે ચોકસ પ્રકારના સખ્ત લખાણથી મર કોમમાં સરકાર સામે ધીક્કારની લાગણી ઉત્પન્ન થવી જોઇએ. ટ વખત તથા સંજોગ વચ્ચે લખાણ કરવામાં આવ્યું છે તે ઉ. તમારે વધારે ધ્યાન આપવું જોઇએ છે, જે લોકો માટે લ લખવામાં આવ્યું છે તેઓની મગજની સ્થિતિ કેવી છે તે ફરયાદ પક્ષ તરફથી તમને કાઇ પણ જણાવવામાં આવ્યું ન હીંદ એકજ પ્રજાનો બનેલો દેશ નથી, મરાઠી લખાણ એકલા રાઠા લોકો વાંચશે અને તે લોકો ઉપર તેની અસર થશે, અસર કેવી થશે તેને લગતી કંઇ વીગતો તમો સન્મુખ મ-

નથી. આથી તમો જણાવી શકશો કે "અમો સન્મુખ કાંઇ વી મુકવામાં આવી નથી જેથી અમો આરોપીને ગુન્હેગાર ઠરા શકતા નથી."

લખાણનું પરીણામ ખમવાની તૈયારી.

હવે ૧૫૩ ક. કલમ ઉપર હું આવીશ તેમાં ખુલ્લું જણા આવ્યું છે કે ખાશી ઇરાદો નહી પણ શત્રુવટ ભરેલો ઈ એક લખાણ ફીતુરી પુરવાર કરવા માટે બતાવવો જોઇએ છે. ચોકસ શબ્દો અથવા લખાણ સખત ભાષામાં લખ્યું હોય ઉપરથી જો શત્રુવટ ભરેલો ઇરાદો લખનાર રાખે છે એવું ર થઇ શકતું હોય તો તેટલું કોઇ પણ સહેલથી કહી શકે. સખ્ત લખાણજ ફીતુરી લખાણ ગણાતું હોય તો કોઇપણ ફકત લખાણ સખ્ત છે એવું જરૂર જણાય તો એક શબ્દ ષનો ઉપયોગ કરી પોતાની ખાતરી કરી લઇ ચુકાદો આપી શકે. જજને મદદ કરવા માટે જુરી આપવામાં આવે છે તેની બ એ છે કે સાધારણ લોકોમાંના કોઇપણ બાર શખ્સ લખા સંબંધમાં કેવી લાગણી ધરાવે છે? તે જાણી શકાય. આથી નારે આસપાસના સંજોગો જોઇ લોકોમાં શત્રુવટ ભરેલી ી ઉશ્કેરાય એવું છે કે કેમ? તે જોયા પછીજ ચુકાદો આ નો છે. તમો વખતે મારા વીચારો સાથે મળતા થઇ શકશો હી. હું જાણું છું કે જુદી જુદી કોમો જુદા વીચારો ધરાવે પણ મારી કોમ શું વીચારો ધરાવે છે તે જાહેર કરવાની એક હેર લેખક તરીકેની મારી ફરજ બતાવવાની હતી અને તે મેં

રાર હાલમાં પુરેપુરી સ્વીકારવામાં આવે છે. અને કાયદા
એવા મુકદમાઓમાં જુરીની મદદ લેવાની ગો.
રાખવામાં આવી છે તથા જુરીને માથે એ ર
ત્તમાં ચુકાદો કાયદાની નજરે નહી પણ આસપાસના સંજો
ધ્યાનમાં લઇ આપવાની ફરજ નાખવામાં આવી છે. સને ૧૭૯૨
નો કાયદો જુરીને મોટી સત્તા આપનારો છે. ઈંગ્લાંડમાં હાલમાં
જડ્જ જુરીને મુકદમાની કેફીયત સમજાવતાં આરોપી ગુન્હે
ગાર ગણાવો જોઇએ કે કેમ? તથા એક કામ કરવામાં તેનો ઈરા
દો ગુન્હા ભરેલો હતો કે કેમ? તે જડ્જ કદી જણાવતો નથી, પણ
તેનો ફઇસો કરવાની સત્તા જુરીને છે એવું ગણી એ બાબત
ઉપર પોતાના વીચાર આપવાથી અલગ રહે છે. તે ફકત
કદમામાં રજુ કરવામાં આવેલી કઇ જુબાની મુકદમા સાથે
બાંધબેસ્તી છે તે ઉપર જુરીનું ધ્યાન ખેંચી તે ઉપરથી
નુમાન ખેંચી ચુકાદો આપવાનું જુરીની પોતાની ઉપર છો
છે. જો લોકમાંથી લેવામાં આવેલા ગમે તે દસ જણની
જુરી તકરારી લખાણ કરવામાં મારી નેમ ગુનાહભરેલી એકમતે
ઠરાવે તો મારે તે ચુકાદો માન્ય રાખવો જોઇએ. છે
તે સામે મારાથી એક બોલ પણ બોલી શકાય નહી. સારે
બે હીંદમાં પણ ઈગ્લાંડ જેવોજ કાયદો છે. મારો મુકદ
અહીંયા મુંબઈમાં લાવવામાં આવ્યો છે. તે જોઇ હું ખુશી
કારણકે અહીંણા મારા મુકદમાની જુરી મારફતે તપાસ ચલા

વામાં આવે છે અને બીજા મથકોની માફક જીલા મેજીસ્ટ્રેટ મારફતે ચલાવવામાં આવી નથી.

છાપાનાં છુટાપણુંનો સ્વાલ,

ઇંગ્લાન્ડમાં સને ૧૭૯૨ નો કાયદો પસાર કરવામાં આવ્યા પછી ચલાવવામાં આવેલા એક પ્રીતુરીના મુકદમામાં જોન રીડ નામના એક લેખક સામે કામ ચલાવવામાં આવ્યું હતું. આરોપી પારલામેંટનું અંકુશવાળું રાજ્ય પસંદ કરતો હતો નહીં તે આગળના જેવો રાજા હેઠળનો આપખુદ અમલ સ્થાપાયલો જોવા ઇચ્છતો હતો. જુરીએ આ બાબતમાં એવો ચુકાદો આપ્યો હતો કે જો કે અમો ચોપાન્યામાં દર્શાવેલા વીચારો સાથે મળતા નથી. પણ તે છતાં એ ચોપાન્યું ગ્રંથકાર પ્રમાણીકપણે જે સુધારા થયેલા જોવા ઇચ્છતો હતો તે દર્શાવવા માટે બાહેર પાડેલું હોવાથી તથા તેની નેમ પ્રમાણીક હોવાથી અમો આરોપીને બીનતકસીરવાર ઠરાવીએ છીએ. આ મુર્જબજ મારૂં લખાણ સુધારા કરવાની રૂડી નેમ રાખી કરવામાં આવ્યું હતું કે કેમ તે વાત ધ્યાનમાં રાખી તમો તમારો ચુકાદો આપજો. તમો મારાકરતાં જુદો જઅભિપ્રાય વખતે ધરાવતા હશો, પણ તમારે જોવાનું એ છે કે તે અભિપ્રાય દર્શાવવામાં મારી નેમ પ્રમાણીક છે કે કેમ ? તમો મારા વિચારો દર્શાવવા માટે મને તકસીરવાર ઠરાવશો તો તેથી તમો જેમ મારા વીચાર દર્શાવવાનું છુટાપણું છીનવી લેશો તેમજ તમો પણ તમારા વીચારો દર્શાવવાનું છુટાપણું ગુમાવશો. કારણ કે તમારા ચુકાદાનો અર્થ એજ થશે કે એક શખ્સ પોતાના વિચારો

જ છે કે લડત ચલાવવામાં મારી નેમ પ્રમાણીક છે કે કેમ ?
હું એક અમેરિકન કાયદો તમો આગળ ટાંકી બતાવીશ. ત્યાં
આપખુદ અમલ તથા પ્રજા વચ્ચે મોટી લડત ચલાવી હ
હું સને ૧૭૩૫ ની વાત કરૂં છું જે વેળા અમેરિકા ઉપર
ગ્રેજી અમલ ચાલતો હતો. હીંદમાં હાલમાં મોટા અમલદાર
તરફથી જેવો આપખુદ અમલ ચલાવવામાં આવે છે. તેવોજ આ
ખુદ અમલ ત્યાં ચલાવવામાં આવતો હતો. આ મુકદમા પ્રસ
સને ૧૭૩૪ માં કેસબી અંગ્રેજી ગવર્નર હતો. તે આપખુદી
અમલ ચલાવતો હતો, ન્યુયોર્કનાં વર્તમાનપત્રોએ તે અ
ઉપર સખત નુકતેચીની કીધેલી હતી. નવેમ્બર માસમાં એક લે
કને ફીતુરી લખાણ કરવા માટે પકડી તુરંગમાં નાંખવામાં આ
હતો. તેને લખવાની ચીજો કાંઇ હાથ ધરવા દેવામાં આવી હતી
સારે નસીબે મારા સંબંધમાં તેમ કરવામાં આવ્યું નથી. પણ
તાના મદદનીશને પોતાના ઓરડાનાં બારણામાંથી પોતાના વ
ચો જણાવી પોતાનાં પત્રનું અધીપતી પણું ચલાવવાનું તેણે
રાખ્યું હતું. આ લેખક સામે એવો આરોપ મુકવામાં આવ્યો હતો
તેણે સરકાર સામે આડકત્રા આરોપો તથા શકમંદ એશારા કી
હતા. સરકારે પોતા માટે બધા હુશીયાર ધારાના હેમાયતીઓને ૨
રાખ્યા હતા. પણ સારે નસીબે હેંસી વરસની ઉમરનો હેમ
લટન નામનો ધારાનો હેમાયતી પ્રજાનાં છુટાપણાંને
આરોપી તરફથી હાજર થયો હતો. તેણે તકરારી લખાણ આરો
પીએ લખ્યું હતું એવું કબુલ કીધું હતું. આ ઉપરથી

કહ્યું કે આરોપી તકસીરવાર ઠરેછે, કારણ કે ફીતુરી લખાણ તેણે લખ્યું છે એટલુંજ જોવાનું રહ્યું હતું. પણ હેમીલટને જણાવ્યું કે લખાણ ફીતુરી છે એવું પેહેલે પુરવાર કરવુ જોઇએ છે. ફર યાદ પક્ષે લખાણ એટલા સબબ માટે ફીતુરી ગણ્યું હતું કે તે લખાણમાં અંગ્રેજી ગવરનર સામે હુમલો કરવામાં આવ્યો હતો, કેમકે ઇગ્લાંડના રાજકર્તાનો તે પ્રતિનીધિ હોવાથી રાજકર્તા સામેધિક્કારણતાવવા જેવું લખાણ ગણ્યું હતું અત્રે હીંદમા પણ એમજ દરેક પોલીસનું માણસ પોતાને રાજકર્તાના પ્રતિનીધિમાં ખપાવે છે. આ બાબતમાં જજે જુરીને કહ્યું હતું. કે લખાણ કરવાનો ઇરાદો રાજ અમલમાં સુધારો કરવાનો કે બીજો કાંઇ હતો તે ધ્યાનમાં નહી લેતાં ફકત લખાણ ફીતુરી છે કે કેમ ? તે ઉપરજ ધ્યાન આપવું. પણ જુરીએ કશાની પરવાહ નહી કરતાં આરોપીને બીન તકસીરવાર ઠરાવ્યો હતો.

મુકદમો આજે અરધો દિવસજ સાંભળવાની ગોઠવણ.

ખાણાં પછી કોર્ટ બેસતાં જુરીના ફોરમેને નામદાર જજને જણાવ્યું કે શુક્ર તથા શનીવાર ઇગ્લાંડની મેલ સ્ટીમરના આવજાના દીવસો હોવાથી એ દીવસે ઘણું કામકાજ રહેતું હોવા ને સબબે અરધો દીવસ કામ કરી મુકદમો સોમવારે સાંભળવાની ગોઠવણ કરવામાં આવે એવું અમો ઇચ્છીએ છીએ.

આ ગોઠવણ સામે મી૦ બ્રાન્સન તથા મી૦ તીલકે કાંઇ વાંધો નહી લેવાથી નામદાર જજે મુકદમો આજે બપોરે

અઢી વાગતે મુલતવી રાખી સોમવારે સવારે સાડા અગીઆ વાગતે તે પાછો સાંભળવાનું ઠરાવ્યું હતું.

મી૦ તીલકનું વધુ ભાષણ.

મી૦ તીલકે તે બાદ પોતાનું ભાષણ આગળ ચલાવ તાં જણાવ્યું કે મેં જે લખાણ કીધુંછે તે તદન સારી નેમથી કીધું છે એવું હું પાછળથી બતાવી આપીશ. ખરૂં જોતાં જુરીના ગ્રહસ્થો જ જજ છે, કારણ કે તેઓનેજ બધો ચુકાદો આપવાની સત્તા છે. તેઓ એક લખનારની પ્રમાણિક નેમ સમજતાં વાર લગાડતા નથી, જેથી તેઓ એકદમ કોઇને ફીતુર માટે તકસીરવાર ઠરાવતા નથી. આ સબબે ઇંગ્લાંડમાં ફીતુરી મુકદમાઓ ઘણી નજીવી સંખ્યા માં નોંધાય છે. આ દેશની જુરી પણ ઇંગ્લાંડની જુરીની નકલ કરે, તો અત્રે પણ એવા મુકદમાઓની સંખ્યા ઓછી થઇ જાય. મી૦ તીલકે તે બાદ પોતાનાં તા૦ ૯ મી જુનનાં તકરારી લખાણમાં થી એક વાકય વાંચ્યું હતું, જેમાં જણાવવામાં આવ્યું હતું કે "સરકાર જો લોકોની ફરયાદો ઉપર ધ્યાન આપશે તો આવા બનાવો ભવીષ્યમાં બનતા અટકશે." આ વાકય વાંચી મી૦ તીલકે જણાવ્યું કે મારૂં લખાણ કઇ નેમથી કરવામાં આવ્યું છે તે મેં આ લખાણમાં ખોલી રીતે જણાવ્યું છે, તે છોડી દઇ તમારે લખાણ કોઈ બીજીજ નેમથી લખવામાં આવ્યું છે એવું શા માટે માની લેવું જોઇએ ? લખાણની એવીજ મતલબ એજ લખાણમાં આવેલા જુદા જુદા ફકરાઓ ઉપરથી માલમ પડછે.

અત્રે મી૦ તીલકે પોતાના લખાણમાંથી જુદા જુદા ફકરાઓ જુરી સન્મુખ ટાંકી બતાવ્યા હતા

તે બાદ તેઓએ પોતાના લખાણમાંનો નીચલો ફકરો ... થી સંભળાવ્યો હતોઃ— ' અંગ્રેજી પત્રો જણાવે છે કે ...ી વર્તમાન પત્રો, સરકારી અમલદાર વર્ગ સામે ટીકા કરેછે, ...થી મુઝફ્ફરપોરમા બનેલા જેવા બનાવો બનતા આપણે જોઈએ ...એ, આથી હીંદી પત્રોને એવી ટીકા કરતા અટકાવવા જોઈએ. ...શુ અંગ્રેજી પત્રોની આ ટીકા મુર્ખાઈ ભરેલી છે આ વાક્ય ...રથી જોવામાં આવશે કે મારૂં લખાણ અંગ્રેજી પત્રોમાં ...વેલી ટીકાઓનો રદયો આપવા માટે લખવામા આવ્યુ છે.

" કેસરી " પત્રનો બોહોળો ફેલાવો.

હવે કયા સંજોગો વચ્ચે ટીકા કરવામાં આવી હતી તે... પર હું તમારૂં ધ્યાન ખેચીશ મુઝફ્ફરપોરમા બોમ્બથી બે બા... ઓ માર્યા જવાનો બનાવ એપ્રીલ માસની અધવચે બન્યો હતો. ...ે આ વાત યાદ રાખવાની છે કે મારાં " કેસરી " પત્રનો ...ગ્રેજી કે હીંદી પત્રો કરતા સર્વેથી વધુ ફેલાવો થાય છે. મારી ...જ દરરોજ બનતા બનાવો ઉપર મારા સંખ્યાબંધ વાચનારા ...ની લાભ માટે ટીકા કરવાની હતી. ખરૂં જોતા અશાંતીના વ...ખતમા એક જાહેર લેખકની ફરજ છે કે સરકારને જાણતાના ...ાજ લેના માટે અટકાવવાને જણાવવુ. આ ફરજ લગાર મુશ્કે... છે પણ તે એક જાહેર લેખકને બજાવવી પડે છે. અમે કાંઈ ...ંજો ધંધો નહી હોવાથી પૈસા કમાવા માટે વર્તમાનપત્રો નથી

ચલાવતા, પણ લોકોને દેશમાં બનતી વીગતોથી વાકેફ કરવાની મતલબથી ચલાવીયે છીએ. એક લેખકને બનતા બનાવો ઉપર તુરતા તુરત વીચારો આપવા પડે છે. આજે એક બનાવ બને અને તે બનાવ બન્યા પછી આવતી કાલે પત્ર પ્રગટ થવાનું હોય તો જે દિવસે બનાવ બને તે ઉપર તેજ દીને તુરતા તુરત નુક્તેચીની કરવી પડે છે. તેમાં દર્શાવેલા વિચારો વખતે ભુલ ભરેલા પણ હોય. પણ તે છતાં દરરોજ બનતા બનાવો ઉપર નુક્તેચીની તો કરવી પડે છે. આ ટીકા એક જાહેર ફરજ તરીકે ગણી લોકોને ખરો માર્ગ બતાવવા માટે કરવામાં આવે છે. આ ફરજ બજાવતાં લખાણમાં અહીં તહીં કાંઇ એવા ફકરા આવે કે જેથી લોકોમાં ઉશ્કેરણી ફેલાવાનો સબબ રાખવાનું કારણ મળે તો ફક્ત તેજ ઉપરથી મારી પ્રમાણિક નેમ ઉપર શક લઇ જવાનું ઘાતકી ગણાશે. આ ટીકા કરતાં હું અત્રે જણાવીશ કે મારાં લખાણમાંના કોઇ પણ ફકરાઓથી ઉશ્કેરણી ફેલાઇ હોય એવું હું માનતો નથી. તે ઉપરાંત મે આ લખાણ કીધું હતું તે વેળા બીજાં પત્રો શું વીવેચન કરતાં હતાં તે હું તમો સન્મુખ રજુ કરીશ. તે ઉપરથી મારી લખાણ કરવાની નેમ શું હશે? તે તમો સમજી શકશો. આ લખાણ લખતી વેળા મારી સન્મુખ મુઝફર પોરના બનાવ ઉપર કરવામાં આવેલી ટીકાઓવાળાં વર્તમાનપત્રો પડેલાં હતાં, જેમાં આવેલી તકરારોનું મને ખંડન કરવાનું હતું. એજ રીતે ઇગ્લાંડનાં પત્રો કામ લે છે. ઇગ્લાંડમાં વર્તમાન પત્રો લીબરલ, કોન્ઝરવેટીવ, સોશીએલીસ્ટ વગેરે જદા જદા પક્ષનાં

ય છે. તેઓ જુદી જુદી રીતે નુકતેચીની કરે છે, ખુદ લડાઇની
ા કેટલાંક પત્રો જે લડાઇની તરફેણનાં હતાં તેઓ લડાઇની
રોજ મળતી રહેતી ખબરો ઉપર તે મતલબના ટીકા કરતાં
તાં, જ્યારે બીજા લડાઇના કામ સામે નાપસંદગી બતાવનાર
કા કરતાં હતાં.

મુઝફ્ફરપોરવાળા બોમ્બ ફેંકવાના બનાવ ઉપર નુકતેચીની.

મુઝફ્ફરપોરમાં બનેલા બનાવ સંબંધમાં બે જાતની ટીકા
ી હતી. એ બનેલો બનાવ ખેદકારક હતો તે વીશે તો કાંઇ
ાલ નહીં હતો. પણ આ બનાવ અસાધારણ હતો તથા તે અટ
વવા તથા તેનું કારણ દર્શાવવા માટેની નુકતેચીનીઓ બધાં
ો તરફથી કરવામાં આવી હતી. હવે આ બનાવ બન્યા પછી
બન્યું ? અને એ વેળા અંગ્રેજી પત્રો કેવી ટીકા કરતાં હતાં ?
હું તમને જણાવીશ. પણ પ્રથમ હું એક દાખલો આપીશ. એમ
રો કે એક કલબમાં કોઇ બાબત ઉપર તકરાર ચાલી છે, તેમાં હું
ગ લઉં અને બીજા સભાસદોએ કીધેલાં ભાષણનું ખંડન કર
માટે હું ભાષણ કરૂં, તે એટલું ભાષણ સાંભળી તે ભાષણ ઉપ
જ તમો મારા વીચારોના સંબંધમાં કાંઇ અનુમાન બેચો તો તે
ભરેલું આવશે. તમો ખરૂં અનુમાન તો મારી આગળના સ
સદોએ કીધલાં ભાષણોમાં શું બોલાયું હતું તે ઉપર પણ વી
ર કર્યા પછીજ આપી શકો.

હવે બૉમ્બને લગતાં મારાં લખાણ ઉપર હું આવીશ. બૉમ્બ

ના બનાવના સંબંધમાં મેં એકલાએજ વીવેચન કીધું નથી. બધાં પત્રોએ લખ્યુંછે. "પાયોનીયરે" "બોમ્બની ખરાીઆત" ઉપર લખ્યું હતું, મેં બોમ્બના ભેદ ઉપર લખાણુ કીધું હતું "પાયોનીયર" નાં તથા મારાં લખાણોમાં ભિન્ન ભિન્ન વીચારો દર્શાવવામાં આવ્યા છે, પણ તેની સાથે તમને કંઈ કામ નથી. તમને એટલું જ જોવાનું છે કે જેમ "પાયોનીયર" ને બોમ્બની એક બા બતના સંબંધમાં લખાણુ કરવાનો હક્ક હતો, તેમ મને બીજી ના સંબંધમાં હક્ક હતો. બોમ્બના સવાલના સંબંધમાં મારી ફરજ મારી કોમના વીચારો બાહેર પાડવાની હતી. તે વીચારો દર્શાવવાનો મારો હક્ક નાપાડવામાં આવે તો પછી વર્તમાન પત્રોની શું જરૂર રહી? મુઝફરપોરના આ ખેદકારક બનાવના સબ બોના સંબંધમાં મત ફેર પડયો છે, પણ ખુદ આ બનાવ ખેદકા રક છે તે વીશે તો કાંઇ શક નથી. આ બનાવ ખેદકારક છે એમ હું હમણાજ કહેતો નથી. પણ હું પહેલેથીજ કહેતો આવ્યો છું. એ બનાવને લગતું મારાં એક લખાણનું મથાળુંજ મેં "દેશ નું દુર્દૈવ" એવું કીધેલું તમો જોશો. આ બાબતમાં મ ત ફેર બોમ્બ ફેંકવાના સબબોના સંબંધમાં ફકત પડયો છે. બનાવ માટે કેટલાકો ખુદ હીંદી પ્રજાકીય કોંગ્રેસને બદનામ ક રવા લાગ્યા હતા. તેઓ જણાવતા હતા કે કોંગ્રેસમાં થયેલાં ઉશ્કે રણી ભરેલા ભાષણોનું તે પરિણામ હતું. કેટલાકોએ જણાવ્યું હતું કે એ બોમ્બના બનાવ માટે આકરા વીચાર ધરાવનારો જોખમદાર છે. "ઇંગ્લીશ મેન" "પાયોનીયર" "ટાઇમ્સ

ઑફ ઇંડીયા ” “ લંડન ટાઇમ્સ ” વગેરે પત્રો એવા વીચારો દર્શાવવા લાગ્યાં હતાં, તથા સરકારને ભલામણ કરવા લાગ્યાં હતા કે કોંગ્રેસ જેવા મંડળને તથા આકાળા વીચાર ધરાવનારા પક્ષને નખ્ત હાથે દાબી દેવાં જોઇએ છે. હવે તમો જો મારી સ્થિતીમાં હતે, તો તમો એવી વખતે શું કરતે ? તમે કરવામાં આવેલી એવી ભલામણ સામે મરાઠીમાં મજબુત વીચારો શું નહિ દરશાવતે ? આવી કરવામાં આવેલી ભલામણ સામેમારી મરાઠી કોમની લાગણીજ નહી પણ આખી હીંદી કોમની લાગણી મેં મારાં લખાણમાં દર્શાવી હતી, મેં આ લખાણ હીંદી કોમને ઉશ્કેરવા માટે નહી પણ હીંદી કોમ એ બાબતમાં શું વિચારો ધરાવે છે, તેથી સરકારને વાકેફ કરવાની મતલબથી કીધું હતું, આ મારો બચાવ છે અને આ મુકદમાનો ચુકાદો આપવા માટે તમને એ બચાવ ઉપરજ ધ્યાન આપવું જોઇએ છે,

પોતાની ભુલ નહિ જોઇ શકતાસરકારી અમલદારો

હવે હીંદી પ્રન્તકીય કોંગ્રેસના સંબંધમાં હું કહીશ, કે આ મંડળની નેમ સરકારી મોટા અમલદારોના વર્ગનો હાલમાં હીંદ ઉપર અમલ ચાલે છે તેમાં સુધારા કરવાની રાખવામાં આવી છે. હવે મોટા સરકારી અમલદારોનો વર્ગ કેવી રીતે કામ કરે છે તે હું તમને જણાવીશ. એક મેજની આસપાસ દશ જણા બેઠેલા હોય તેઓને પોતાની સંખ્યા જણાવવાને કહેવામા આવતાં દરેક જણ પોતાને ભુલી જઇ નવજ જણની સંખ્યા જણાવે, તેવી રીતે

મોટા સરકારી અમલદારોનો વર્ગ કામ કરે છે. મોટા અમલદારોનો વર્ગ કહે છે કે દેશમાં અશાંતી ચાલતી હોવાનો કાંઇ સબબ તે જોઇ શકતા નથી. તે કહે છે કે અંગ્રેજી અમલ ઘણો ઉદાર દીલનો છે, લોકો તેથી સંતોષ પામ્યા છે, તથા લોકોને અસંતોષી બનવાનું કાંઇ કારણ જણાતું નથી. ફકત કારણ એટલુંજ જણાય છે કે થોડાક ફીતુરીઓ ભાષણ તથા લખાણ કરી દેશમાં અસંતોષ ફેલાવે છે. પણ મેજની આસપાસ બેઠેલા શખ્સો પોતાને ગણવાનું ભુલી જાય છે. તેમ મોટા સરકારી અમલદારો પોતાનો આપખુદ અમલ દેશની અશાંતીનો સબબ છે. તે સમજવાનું ભુલી જાય છે. હવે આપણે અસલ બાબત ઉપર આવીએ. બોમ્બ ફેંકવાના સબબો શું છે તથા તે અટકાવવા માટેના ઇલાજો શું લેવા જોઇએ છે? મેં સબબ જ ણાવ્યા છે. અને હવે હું ઇલાજ લેવાના સંબંધમાં બોલીશ. એ બાબત ઉપર મેં જે લખાણ કીધું છે. તે કરતી વેળા પ્રથમ હિંદી પત્રોમાં આવેલા તથા પાછળથી અંગ્રેજી વર્તમાનપત્રોમાં આવેલા વિચારો ઉપર અને તે પછી વર્તમાનપત્રોને લાગતા તથા દારૂ ગોળા જેવી ફાટી ઉડનારી ચીજોને લગતા કાયદાઓ ઉપર બીજા પત્રોએ જે વિચાર દર્શાવ્યા હતા તે ઉપર મેં મારા પ્રમાણીક અભીપ્રાય મુજબ નુકતેચીની કીધી હતી. હું તમોને સવાલ પૂછીશ કે તમો જાહેર લેખક હો તો શું ચાલુ બનાવો ઉપર તમો નુકતેચીની નહી કરો? શું તમો ચાલુ બનાવો ઉપર નુકતેચીની કરવાનું છોડી દઇ ઇજીપ્તમાં પુરાણી ચીજોની કરવામાં આવેલી

ાંધખોળો ઉપર વિચાર દર્શાવવાને બેસી જાઓ ? મારી ઉપર
ા આરોપ સાબીત કરવા માટે મારાં લખાણ ઉપરાંત આ બધા
જોગો તમો સન્મુખ મુકવાને બદલે, બલકે લખાણમાંના કયા
કરાઓ ફીતુરી છે તે દરર્શાવ્યા વગર ફક્ત આખું લખાણ
મો સન્મુખ મુકી મને તકસીરવાર ઠરાવવાને તમને જણવવા
માં આવ્યુ છે.

અસંતોષકારક તરજુમો.

ારા મરાઠી લખાણનો ઘણી ખરાબ રીતે તરજુમો કરવામાં
ાવ્યો છે તથા તે ઉપરથી મને તકસીરવાર ઠરાવવાને તમને
જણાવવામાં આવ્યું છે. મારાં લખાણનો તરજુમો કેવી રીતે ક
વામાં આવ્યો છે ? હું કહીશ કે અંગ્રેજી કે મરાઠી સમજ્યા
ગર મરાઠી વાકયને અગ્રેજી વાકયમાં મુકી દેવામા આવ્યું છે
રાઠીમાં આ સાધારણ કહેવત છે કે "એક દોરડાંને ભુલથી
રપ સમજી તેને મારવા દોરતા ના" એ વાકયનો તમો સન્મુ
ખ રજુ કરવામાં આવેલા સત્તાવાર અંગ્રેજી તરજુમામા એવો
આપવામાં આવ્યો છે, કે એક દોરડાને સરપ છે એવું
હી તેને માર્યા કરવામાં કાંઇ સાર નથી. મેં ઉપર ખરા તરજુમો
આપ્યો છે તે સાથે આ સરખાવતાં આ તરજુમો કેટલો બેહુદો
કે તે તમો તુરત સમજી શકશો. અગ્રેજી બોલ "એ કીંગ" નો
ાઇ પણ રાજા એટલે ગજકર્તા એવો અર્થ કરવાને બદલે દેશના
ઇલના રાજા એવો અર્થ કરી દેવામાં આવ્યો છે "કીલ" એટલે
મારી નાંખવું તેનો અર્થ એસેશનેશન એટલે ખુન કરવું

એવો કરવામાં આવ્યો છે. એવો ભુલાવો ખવરાનારો તરજુમો કરી તે ઉપરથી તમને મને તકસીરવાર ઠરાવવાને જણાવવામાં આવ્યું છે. એવી રીતનો તરજુમો કરવામાં આવે ત્યારે તો તે ઉપરથી કોઇપણ લખાણને રીતુરીના વર્ગમાં સહેલાઇથી લાવી શકાય.

ચુપકીદી જાળવવા માટે નામદાર જજે આપેલી ચેતવણી.

મુંબઇમાં ભરવામાં આવેલાં પ્રદર્શનમાં "લાફીંગ ગેલરી" નામની ગમત પુરી પાડવામાં આવી હતી. તેની મુલાકાત લેનારાઓને યાદ હશે કે આ લાફીંગ ગેલરીમાં મુકવામાં આવેલી છબીઓમાં જેનારનો ચેહેરો કદરૂપો બની જઇ વાંદરા વગેરે જાનવરો જેવો દેખાતો હતો. આથી મોટી હસાહસ દોસ્તો વચે ગઇ રહેતી હતી. જ્યાંસુધી એ લાફીંગ ગેલરી હસવા માટે પ્રદર્શનમાં મુકવામાં આવી હતી, ત્યાં સુધી તે એક ગમત આપનારી ચીજ હતી, પણ જ્યારે તે 'લાફીંગ ગેલરી' ના જેવી ગમત તરજુમા વાંકાચુકા કરી અત્રે કરી બતાવવામાં આવેછે ત્યારે તે મારા જેવા આરોપી માટે ઘાતકી જેવું થઇ પડેછે. તે બાદ તરજુમો ભુલ ભરેલો કરવામાં આવ્યો છે, તે બતાવવા માટે કેટલાક વધુ દાખલાઓ આપી મી૦ તીલકે જણાવ્યું કે આ તરજુમો ખોટો કરવામાં આવ્યો છે, તો તેને બદલે નવો તરજુમો તમોં સન્મુખ રજુ કરવાની મારી કાંઇ ફરજ નથી. મેં તો મરાઠી ભાષામાં લખાણ કીધું છે. ખુદ તે લખાણ રીતુરી હોય તો તેમાટે મને જવાબદાર ગણવો જોઇએ છે. પણ તેના ખોટા; અંગ્રેજી

તરજુમા ઉપરથી મને તમો તકસીરવાર ઠરાવી શકો નહી. મેં
મી૦ જોશીની જુબાની લેવામાં આવતી હતી તે વેળા મી૦ બ્રા
સનને પૂછ્યું હતું કે તમો તરફથી રજુ કરવામાં આવેલો
રજુમો ખોટો નથી એવું બતાવવા માટે તમો મી૦ જોશી
ઉપરાંત બીજો કોઇ સાક્ષી બોલાવશો કે? અથવા બીજો ખરો તર
જુમો તમો અત્રે રજુ કરશો કે? તેના જવાબમાં તેણે જણાવ્યું
કે હું બેમાનું એક પણ કરનાર નથી. વખતે એમ કહેવામા આ
શે કે આ તરજુમો ખોટો હોયતો મારે પોતે ખરો તરજુમો
રી તે રજુ કરવો જોઇએ. પણ મારે તે કામ શા માટે કર
જોઇએ? હું શા માટે તરજુમા આતાનુ કામ કરી સરકારને
ફતમાં તરજુમો પુરો પાડું?

મી૦ તીલકની આ ટીકાથી કોર્ટમાં હસાહસ થઇ રહી
તી, જે ઉપરથી નામદાર જજજે ચેતવણી આપી હતી કે તમાસ
ગીરો જો ગંભીરતા નહી જાળવશે તો કોર્ટમાંથી બધાને બા
ર કહાડવામા આવશે, આ ધમકીની તમાશગીરો ઉપર અસર
થઇ હતી. તથા બાકીનું ભાષણ પુર ગંભીરાઇથી સાંભળવામાં
આવ્યુ હતું.

મી૦ તીલકે તે બાદ આગળ ચાલતા જણાવ્યું કે મારી
રજ ફકત તરજુમો ખોટો છે એવુ બતાવવાની છે. કારણ કે
ાયદો એવું જણાવે છે કે જો એવું બતાવવામાં આવે કે આરો
ી ઉપર જે આધારે કામ ચલાવવામાં આવ્યું હોય ને મોટે
ાગે ખોટું જણાય તો આરોપીને છોડી દેવો જોઈએ છે. હવે

હું તરજુમો કેટલો ખોટો છે તે બતાવવા માટે આખું મર લખાણ હાથમાં લઈ તેના જુદા જુદા ફકરા ટાંકી બતાવી તે ખોટો અંગ્રેજી તરજુમો કેવી રીતે કરવામાં આવ્યો છે તમને બતાવીશ, તમો જુરીના ગૃહસ્થોમાંના કોઇ મરાઠી યા જાણતા હોય તો તા૦ ૧૨ મી મેનું અમલ મરાઠી લખા તમારા હાથમાં મૂકી કયા બોલો ખોટા છે તે હું બત વતા જઇશ.

અત્રે જુરીના ફોરમેને મરાઠી નકલ માગતાં મી૦ તીલ નવ ન.લો જુરીના ગૃહસ્થોને પુરી પાડી હતી.

તે પછી મી૦ તીલકે જુદા જુદા બોલો ટાંકી તેના અ ગ્રેજી તરજુમામા તે માટે કેવા બોલો મુકવામાં આવ્યા હત તથા તેને બદલે કેવા મુકવા જોઇતા હતા તે થોડાક બત પછી વધુ બતાવવાનું બીજા દીવસ ઉપર મુલતવી રાખ્યું હ

નામદાર જજજે જણાવ્યું કે જુરીના જે ગૃહસ્થો મરા સમજતા હોય તેઓને બાકીના ગૃહસ્થોને અંગ્રેજી ત... કેવો થવો જોઇએ તે સમજાવવાનો હક્ક છે, તથા તેવોજ આરોપી પણ ધરાવે છે. પણ જે જુરીનો ગૃહસ્થ મરાઠીનો નહી સમજતો હોય તેને તેની સમજણ કોઇ બહારના માણ પાસેથી મેળવવાનો હક્ક નથી.

આ પછી કોર્ટ બીજા દિવસના સવારે સાડા અગી વગતા સુધી મુલતવી રહી હતી.

પાંચમો દિવસ

મી. તીલકનું વધુ ભાષણ

નામદાર જજે બેઠક લેતાં મી. તીલક પોતાનું ગ પરમનું મુલતવી રહેલું ભાષણ આગળ ચલાવ્યું હતું. તેઓએ જણાવ્યું કે ગઇ કાલે મેં તમને જણાવ્યું હતું તેમ તકરારી લખ્ણ કરવામાં મારી મતલબ તે વેળા ચાલતી નુકતેચીનીમાં માર તરફથી ભાગ લેવાની હતી. બીજું એ કે મેં મારી મરાઠી કે મના લાભ માટે આ લખાણ કીધું હતું તથા ત્રીજું એ કે જે ટીકે તે વેળા મુજફરપોર ખાતે બોમ્બ ફેંકવાના બનેલા બનાવના સંબ ધમાં કરવામાં આવતી હતી તેનો રદિયો આપવાની મેં કોશેશ કીધી હતી મેં ગઇ કાલે જણાવ્યું હતું કે મારાં લખાણની ફક્ત મરાઠી કોમ ઉપરજ અસર થાય એવું હતું, કારણ કે મારૂં મરાઠી પ ફક્ત મરાઠી ભાષા સમજતા આસામીઓજ વાંચે છે. તમને મેં જણાવ્યું છે એ બધા સંજોગો ઉપરથી તમારે જોવાનું છે કે લખાણ કરવામા મારો એરાદો તથા નેમ શું હતી. તમો આસુકદમાં ચુકાદો આપો તે આગમચ તમારે કાયદામાં જણાવવામાં આવે છે તેમ એક કામ કરનારની આસપાસના સંજોગો શું હતા તે પાસવાનું છે. હું થોડા વખતમાં કેટલાંક વર્તમાન પત્રોના ફક વાંચી બતાવીશ જે ઉપરથી જણાશે કે તે વખતે, મારી આસ સના સંજોગો કેવા હતા. એક જાહેર લેખક તરીકે મેં મારીફર વિચારી હતી કે, જે ટીકા અંગ્રેજી પેપરોમાં થતી હતી,તે

દેશના લાભની આડે આવે એવી હોવાથી તેનો રદયો આપવો તથા સરકારને ખરો માર્ગ બતાવવો. હીંદમાં આ સવાલના સંબંધમાં મોટા સરકારી અમલદારોનો વર્ગ તથા હીંદી પ્રજાકીય કોંગ્રેસ વર્ગ એવા બે તડો પડી ગયાં હતાં. આ તડાં પડવાના સબબ અનેના લાભો અથડામણમાં આવતા હોવાનો હતો કે જે સબબે ઇંગ્લાંડમાં કોન્ઝરવેટીવ તથા લીબરલ એવાં બે તડો પડયાં છે, હીંદમાં પડેલાં મેં ઊપર જણાવેલાં બે તડ કોમ કોમ વચ્ચે નહીં હતાં, જે એટલા ઉપરથી જોશો કે કેટલાક હીંદીઓએ નુકતેચીનીમાં ભાગ લેતી વેળા કોંગ્રેસની વીરૂધમાં તથા મોટા સરકારી અમલદારોના વર્ગની તરફેણમાં વિચારો આપ્યા છે, તેમ કરવાનો સબબ હું કહી શકતો નથી. તેઓ પોતેજ તે વધારે સારી રીતે સમજતા હોવા જોઇએ. મેં મારા લખાણમાં સરકારને ચેતવણી આપી હતી કે મુઝફરપોરમાં બે ખુન થયાં છે. તેથી એકદમ ઉશ્કેરાઇ જઈ ઉતાવળમાં જાપતાનાં પગલાં નહીં ભરતાં સામાન્ય હીંદી પ્રજાના લાભને અલવલ નહીં આવે તેવી રીતે શાંત મગજે કામ લેવું. બોમ્બ ફેંકવાના બનાવ ઉપર આવી નુકતેચીની કરવામાં આવતી હતી તે વેળા સારી રીતે જણાવ્યું હતું કે સરકારે વર્તમાન પત્રો ઊપર જપ્તાનો કાયદો તથા એકદમ સળગી ઉઠનારી ચીજોનાં વેચાણ સામે અંકુશ મુકનારો કાયદો એવીરીતે બે કાયદા પસાર કરવાની હતી આ બે પગલા જાબ પગલાં જેવાં હોવાથી એક જાહેર લેખક તરીકે લોકોના

ાજાની જાળવણીને ખાતર આ કાયદા પસાર કરવા સામે મા
પ્રમાણીક વીચારો સરકારને છુટથી દર્શાવવાની મેં 'મારી
ટજ વીચારી હતી મારાં આ લખાણ લોકને, માટે નહિપણ
રૂં જોતાં સરકારને લોકના વીચારથી વાકેફ કરવા માટે લખ
માં આવ્યાં' હતાં. લખાણ લખતી વેળા કયા બોલો હું વાપ
છું તે બરાબર નકી કરવા માટે થોભવાનું અશકય હતું.
ને તો મારા વીચારો તુરતાતુરત દર્શાવવાના હતા.

ઊતાવળથી તરજુમા કરવામાં નડતી મુસ્કેલી.

મી૦ જોશી અત્રે જુબાની આપવા માટે રજુ થતાં મેં
ેાને 'એરર ઓફ જજમેંટ' નો અર્થ પુછતાં તેઓએ વિચાર
ા તેનો જવાબ બીજે દીને આપવા જણાવ્યું હતુ. પણ તે સુ
ા એક જાહેર લેખક થોભી શકે નહિ તેને તો તેને તેજ વ
ા પોતાના વિચારો દર્શાવ્યા વગર છુટકો રહેતો નથી. આ
પોતાના વિચારો દર્શાવવા માટે પોતાના મગજમાં જે પ
ા બોલ આવે તે ઘણી વેળા લખી નાખવો પડે છે. એક
ર લેખકનાં મગજ ઉપર કેટલું દબાણ પડે છે તેનો તમને
લ આપવા માટે હું તમને જણાવીશ કે મારી ઓફીસમાં
અઠવાડીયામાં બચો પત્રે આવેછે, જેમાનો સાર ખેચી
ડી તે ઉપર મને મારી નુકતેચીની કરવી પડે છે હવે
ની ઉપર આવતાં હું જણાવીશ કે અંગ્રેજી પત્રોજાણતાના

માંજ આ બાબત ઉપર લખાણ કરવામાં આવ્યું નથી પણ એ અ ઠવાડીક પત્રના તા૦ ૧૨ મી મેથી તા૦ ૯ જુનના દરેક અંકમાં લખાણ થયલું જોવામાં આવે છે. પણ તેનો સબબ તેઓએ ધ્યાનમાં લીધો નથી. મેં ઉપર જણાવ્યું તેમ બોમ્બ ફેંકવાના બ નાવ ઉપર નુકતેચીની એક બે દિવસ ચાલી હતી નહી પણ અઠ વાડયાંઓ સુધી ચાલી રહી હતી. મારાં લખાણની મતલબમાં એક સાક્ષી મી૦ જોશીએ જણાવ્યું છે તેમ ખુદ મરાઠી પત્રોમાં ત્રણ ચાર તડ પડી ગયલાં હોવાથી મરાઠી કોમને એ બાબતમાં ખરો માર્ગ શું છે તે બતાવવાની હતી.

મી૦ તીલકે પુરાવા તરીકે રજુ કીધેલાં પત્ર.

મી૦ તીલકે અત્રે જણાવ્યું કે બોમ્બ ફેંકવાના બનાવના સંબંધમાં કેટલાંક પત્રોએ નુકતેચીની કીધી છે તે પત્રોની નકલો તમો નામદારને જો વાંધો નહી હોય તો મારી તરફના પુરાવા તરીકે રજુ કરવા માગું છું તથા તેમાંથી કેટલાક ફકરા હું વાંચી બતાવીશ. તમો નામદારને લાગે કે હું જે ફકરા વાંચુ છું તેને આ મુકદમા સાથે લગતું વળગતું નથી તો તે વાંચતાં તમો મને અટકાવી શકશો.

નામદાર જજરે જોઇની પરવાનગી આપ્યાથી મી૦ તીલકે કેટલાંક પત્રો પોતા તરફના પુરાવા તરીકે રજુ કીધાં હતાં. તથા તેમાંના કેટલાક ફકરા વાંચી બતાવ્યા હતા.

અંગ્રેજી પત્રોની નુકતેચીની.

અત્રે મી. તીલકે તા. ૭ મી મેના "પાયોનીયર"ની આર્ટી

ના રજુ કરી હતી, તેમા પોર્ટુગાલમા બનેલા રાજાના ખુનના બ
ાવ વીશે એશારો કરતા જણાવવામાં આવ્યુ હતુ કે સરકારે તેવા
સાદ કરનારાઓને ચેતાવવાની જરૂર છે કે જો ફરીથી તેવું કામ
રવા કેમ દખે રો ભેગા થશે તો તેમ થી પહેલા દશને એકદમ
ાળીથી ઠ ર કરવામા આવશે તે આર્ટીકલમા સુચના કરવામાં
ાવી છે કે નેશનેલીસ્ટોએ જાણવુ જોઈએ કે અ ગ્રેજો કાઇ પણ
શ છોડી જવા માગતા નથી અને બોમ્બ ગોળા ફેકવાથી તેઓ
ઇ હીંદુસ્તાન છોડી જાય એમ નેશનેલીસ્ટોએ સમજવુ
ડી વળીતેમા એવી પણ સુચના કરવામા આવી છે કે બોમ્બ
ોળા ફેકવાની બાબતથી દેશના કેટલાક આગેવાન દેશીઓ
દીતા હતા હવે છાપલી આર્ટીકલમા મારે ખુદ નામે એશારો
ાવામાં આવ્યો હતો અને તેનો પ્રતિ ઉત્તર હુ માગ પત્રકારે
ાવા બ ધાએલો હતો.

હવે 'એશીયન" પત્ર કહે છે કે બંગાળા ઉપર સખ્તા
ી વર્તવાની જરૂર છે મી કીંગ્સફોર્ડના માટે તે કહે છે કે
મારો નીશાનબાજ છે, અને "એશીયન" તે કાબેલીયતનો ઉપ
ગ કરવાની ભલામણ કરે છે

"એમપાયર" પત્ર તો એવી સરકારને ભલામણ કરે છે કે
આ તોફાન કરનારાઓ ઊપર સરકારે રીજમીટ છોડી મેલી તે
ો ઘાણ કાઢી નાખવો જોઇએ.

વળી એમપાયરમા એક ખબર પત્ર પ્રગટ કરવામા

વ્યું છે જેમાં તો એવી ભલામણ કરવાની ભલામણ કરી છે કે આ રાજ્યદ્વારી લડત ચલાવનારાઓને ગામમાં ભેગા કરવા અને ગામના ઝાડુ કાઢનાર મારફતે ફટકાનો માર મરાવવો કે જેથી તેમના છોકરાં ફરીથી તેવું કામ કરતાં અટકે.

કલકતાના "સ્ટેટમેન" ના તા. ૫ મી મેના અંકમાં જણાવવામાં આવ્યું છે કે બંગાળામાં જેટલું તોફાન છે તેવું મુંબઇ ઇલાકામાં જોવામાં આવનું નથી. તે પત્ર સરકારને ભલામણ કરે છે, કે રાજ્યદ્વારી લડત ચલાવનારાઓ અને કડવી ભાષામાં ભાષણ કરનારાઓ આ તોફાનનું ખરેખરૂં મુળ છે.

તા૦ ૪ થી મેનાં મુંબાઇમાં પ્રગટ થતાં "ટાઇમ્સ" પત્રમાં પણ બોમ્બને લગતો ઇસારો કરવામાં આવ્યો છે. તેમજ તેજ તારીખના "એડવોકેટ"માં સરકાર જે દાબી દેવાના ઉપાયો લેવા માગે છે તે પુરતા મજબુત નથી એમ જણાવી તે ઉપાયો વધારે મજબુત લેવાની ભલામણ સરકારને કરે છે.

મી૦ તીલકે આગળ વધતાં જણાવ્યું કે જ્યારે ઉપલાં પત્રો દેશીઓ ઉપર બોમ્બના બનાવથી આવી રીતનો હુમલો કરે છે ત્યારે તેવાજ અથવા તેથી પણ વધારે સખ્ત શબ્દોમાં શુ મારે તેનો રદીઓ આપવો નહીં જોઇએ, અને શું તેવો રદીઓ આપતાં મેં રાજ્યદ્રોહી લખાણ કરેલું તમે ગણો છો? ૧

મી૦ તીલકે ત્યાર બાદ બંગાળાનાં જુદાં જુદાં પત્રોએ બોમ્બને લગતા બનાવો ઉપર જુદ જુદા લેખોમાં વિચારો બ

... હતા તે રજુ કર્યા હતા અને તેમાંથી ચોક્સ ચુંટી કા
ઢી ફકરાઓ ઉપર જુરરોનું ધ્યાન ખેંચ્યું હતું.

હીંદીઓના અવાજને નહી મળતું વજન,

" પાયોનીઅર તથા ઇંગ્લીશમેન " નાં લખાણ ઉપર ટીકા કરતાં "બંગાળી" પત્ર જણાવે છે કે "પાયોનીઅર" પત્ર ...ર ચલાવનારાઓમાં ધારાસભાના સભાસદોતથા કોંગ્રેસના મધ્યમ ...ચારનાને આકળા વિચારના વગેરે મળી, બધા સભાસદોને સંદો ...છે. જે તદન બેહુદુ છે. કમનસીબે હમણાં " સ્ટેટસમેન " ...હીંદીઓની વિરૂદ્ધમાં થઇ ગયું છે અને અંગ્રેજી પત્રોને જવાબ આપવાનું કામ ફક્ત હીંદી પત્રો ઉપર રહ્યું છે. અંગ્રેજી પત્રો ...ન્હેગારોનેજ સજા કરવાથી સંતોષ નહી પામતાં આખી હીંદી ...ને સાથે જાપનાના ઇલાજો લેવાનુ સુચવે છે.

" સીવીલ એન્ડ મીલીટરી ગેઝેટ " પત્ર જણાવે છે કે ...ઝફરપોર ખાતેના બોમ્બની હોનારતના બનાવે અંગ્રેજોને એટલા ...ધા ઉશ્કેર્યા છે કે અમેરિકામાં ગોરાઓ નીગ્રોઓ ઉપર તુટી પડી ...ઓને મ ...ી નાંખી એકદમ વેર લે છે તેવું વેર લેવાને અંગ્રેજો ...શ્કેરાઇ તો નવાઇ જેવું નથી.

મી૦ તીલકે આ ફકરો વાંચી જણાવ્યું કે એ ફકરાઉપર ...રા સભાના એક હીંદી સભાસદે સરકારનું ધ્યાન પણ ખેંચ્યું ...તું. પણ હીંદીઓના અવાજને સરકાર માન ક્યારે આપે છે.

" ધી ઇંડિયન વર્લ્ડ " નામનું માસીક ચોપાન્યું જ ...ાવે છે કે મુઝફરપોર ખાતે બનેલા બનાવ માટે બધા હીંદી

આગેવાનોને માથે જોખમદારી નાખવાની વાત અંગ્રેજો જણાવેછે, પણ દરેક પ્રજામાં કેટલાક જીવ ઉપર આવેલા શખ્સો હોય છે, જેઓને કમકમાટ ભરેલા કામ કરતા અટકાવવાનું મુશ્કેલ છે.

સરકારને અપાએલી ચેતવણી.

મદ્રાસમાં છપાતા ' હીંદુ ' પત્રમાં ડા. રાશબીહારી ઘોસ સરકારને હીંદી પ્રજાને અસંતોષી બનાવવા સામે ચેતવણી સને ૧૯૦૬ માં આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે હું ખાલી ધમકી આપતો નથી પણ જાહેર પ્રજાની હાલની લાગણી જોઈ હું જણાવું છું કે સરકારે વખતસરના ઘટતા ઈલાજો લઇ પ્રજાને વફાદારીની લાગણીથી ઉભરાઇ જતી બનાવવાનું અથવા તો જાબતાના ઈલાજો લઈ બંગાળને એક બીજું રૂશીયા બનાવી દેવાનું સરકારનાં હાથમાં છે.

રૂશીઅન–રૂઢીઓના સંબંધમાં નુકતેચીની કરતાં સને ૧૯૦૬ માં ' પાયો નીયર ' પત્રે જણાવ્યું હતું કે હથિયારો દારૂ ગોળા વગેરે બધા સાધનો સામે રૂશિયન સરકાર ટકી શકે પણ જ્યારે બોમ્બ છોડવાની રૂઢી સરકારને દેશમાં સુધારો કરવાની ચેતવણી આપવા માટે દાખલ કરવામાં આવી છે ત્યારે તો રશીઆની હાલની સરકાર લાંબો વખત સુધી ટકવાની આશા રાખી શકે નહિ.' આ ફકરો વાંચી મી૦ તીલકે ટીકા કીધી કે "અને તે છતાં હીંદી સરકાર ટકી શકે એમ " પાયો નીયર " પત્ર માનેછે."

"ટ્રીબ્યુન" પત્ર જણાવે છે કે અંગ્રેજી પત્રો હીંદીઓ સામે જે સખત લખાણ કરે છે તેનું કુદરતી પરિણામ એ આવે છે કે હીંદી પત્રો ઉશ્કેરાઇ જઇ અંગ્રેજો સામે સખત લખાણ કરે છે.

"ઇંદુ પ્રકાશ" જે અત્રે આવી ગયેલા સાક્ષી મી૦ જોશીના કહેવા પ્રમાણે "કેસરી" પત્રના પક્ષનું છે તે જણાવે છે કે હીંદમાના હાલના અસંતોષનો ફડચો કરવા માટે મોટા સરકારી અમલદારો તરફથી હીંદમાં ચલાવવામાં આવતા અમલમાં સુધારો કરવો જોઇએ છે.

"જ્ઞાનપ્રકાશ" પત્ર બોમ્બના બનાવ માટે ખેદ બતાવી જણાવે છે કે "જાપતાના ઇલાજો લેવાયાથી હાલના મામલામાં કદી સુધારો થઇ શકશે નહીં. જાહેર પ્રજામતનું ઉલંઘન કરી કટવાશનું બીજ રોપવામાં આવશે તો તે ઝાડ અત્રે પણ બંગાળાના જેવુંજ ફળ આપશે."

લાહોરના ખ્રીસ્તી ધર્મગુરૂની રૂડી સલાહ.

લાહોરના વડા ધર્મગુરૂએ સારી સલાહ આપી છે, જે "એડવોકેટ ઓફ ઇંડિયા" પત્રમાં ઉતારી લેવામાં આવી છે. તેણે જણાવ્યું છે "કે જેઓ આગેવાની લઇ બાહેર આવે તેઓને સજા કીધાથી કાંઇ દેશમાંનો અસંતોષ દુર થવાનો નથી."

મી૦ મોર્લીના શબ્દો.

મી૦ તીલકે તે બાદ હીંદી પ્રધાન લોર્ડ મોર્લીએ "

રા એક આપણુનો ફકરો ટાંકી બતાવી જણાવ્યું કે તેમાં લોર્ડ મોરલી પોતે જણાવે છે કે "છુટાપણાની ખાહેશ રાખવાનું આ પણે પોતે હીંદીઓને શીખવ્યું છે. હીંદમાં જાબતાના ઇલાજો લેવાથી આપણુ કાંઇ વળશે નહિ. અમલમાં કારોબાર મેળવવા ની જે ખાહેશો આપણે હીંદીઓનાં મગજમાં ઉભી કીધી છે તે પુરી પાડવાની આપણે કોશિશ કરવી જોઇએ છે. જાપતાના એલાજો યુરોપના ઘણા દેશોમાં લેવામાં આવ્યા છે પણ તે કદી ફ તેહમંદ નીવડયા નથી."

લોર્ડ મોરલી જેવો હીંદનો સર્વેથી વડો અમલદાર જ્યા રે એવું ધારે છે કે ખાલી જાપતાના ઇલાજો લેવાથી આપણું એટલે અંગ્રેજોનું કાંઇ વળવાનું નથી ત્યારે મારા જેવો સાધાર ણ માણસ એવું લખાણ કરે તેમાં વાંધાં ભરેલું શું છે?

સંજોગો તપાસવાની આવશ્યકતા.

મેં વાંચેલા ફકરાઓ ઉપરથી હીંદમાં બોમ્બ ફેંકવાના બનાવો પર કેવી નુકતેચીની કરવામાં આવતી હતી તેનો તમો જુરીના સભાસદોને કાંઇક ખ્યાલ આવશે. મારાં પહેલાં તકરારી લખાણના જવાબમાં મેં આ ફકરાઓ વાંચી બતાવ્યા છે. અને હાલ તે હું બંધ કરૂં છું. પણ મારાં બીજાં એટલે તા. ૯ મી જુ નના લખાણ ઉપર આવતાં બીજા ફકરાઓ હું વાંચી સંભળાવી હવે ખુદ મારી ઉપર મુકવામાં આવેલા આરોપોના સબંધમાં બોલીશ. મારી ઉપર કોમ કોમો વચ્ચે શત્રુવટ તથા ધીક્કારની

લાગણી ઉત્પન કરવાનું તોહુમત મુકવામાં આવ્યું છે. પણ જે લખાણ ઉપરથી મારી ઉપર આ આરોપ મુકવામાં આવ્યો છે તે લખાણ કેવા સંજોગો વચ્ચે લખવામાં આવ્યું હતું તે ઉપર તમો વીચાર કરો.

અંગ્રેજીપત્રો સામે ચલાવવું જોઇતું કામ.

આ લખાણ અંગ્રેજી પત્રોએ હીંદીઓ સામે કીધેલાં સખ્ત લખાણના જવાબમાં કરવામાં આવ્યું હતું. અંગ્રેજી પત્રોએ ઓમ્મની હોનારતના સંબંધમાં ટીકા કરતાં અમો બધા હીંદીઓને લુચ્ચા, ખુની, એવી ઉપમાં આપી હતી. આવી રીતે એવાં લખાણની પહેલ કરનાર અંગ્રેજી પત્રો હતાં; ત્યારે તેઓ સામે કોમો વચ્ચે ધીક્કારની લાગણી ઉત્પન્ન કરવા માટે કામ ચલાવવું જોઇતું હતુ, કે અમો તેઓને જવાબ આપવારાઓ સામે? અંગ્રેજી પત્રોએ આ બનાવના સંબંધમાં દીવાનાબની જઇ હીંદીઓ ઉપર જેમ ગમે તેમ હુમલાઓ કીધા હતા. જેના અમે તેઓ કરતા વધારે શાંત મગજે જવાબ આપ્યા હતા. મોસ્ત્રની હોનારતના સંબંધમાં એક લખાણ કરતાં મેં "કમનસીબી" એવું મથાળું કીધું હતું અને ખરૂં જોતાં કમનસીબી એક રીતે નહી પણ અનેક રીતે થઇ છે. ઓમ્બ ફેંકવાનો બનાવ બન્યો તે કમનસીબી છે. તે ઉપર અંગ્રેજી પત્રોએ દીવાના બની ઝનુની લખાણો કીધાં તે કમનસીબી છે. તથા અમોએ તેના સખ્ત જવાબો આપ્યા તે પણ કમનસીબી છે. ખચીત મારે કબુલ કરવું જોઇએ કે એ મ.નસો,

ચ્છવા જોગ નથી. તથા વધારે ઠંડે મગજે કામ લેવાનું જોઈ તું હતું. પણ એવો વીચાર કરવા આગમચ કેવા સંજોગો વચ્ચે આ બધું બન્યું હતું તે ઉપર ધ્યાન પહોંચાડવાની હું તમને અરજ કરીશ.

તકરારી લખાણુમાં દર્શાવવામાં આવેલા જુના વીચારો.

સર ફીરોજશાહ મેહેતા, મી૦ દાદાભાઈ નવરોજી વગેરેના કોંગ્રેસ પક્ષના વીચારો દર્શાવનારા લખાણો ભાષણો વગેરે પ્રગટ થયા છે. તેમા મોટા અમલદાર વર્ગના અમલ સામે વીચારો છુટથી દર્શાવવામાં આવ્યા છે. અલબત ખુદ સરકારી વર્ગ તરફના પણ પોતાના વિચારો પ્રગટ થયા છે. અમો કોંગ્રેસ વાળાઓ તરફથી હીંદી અમલમાં સુધારો ચલાવવા માટેની લડત પચાસ વર્ષ થયાં ચલાવવામાં આવે છે. તથા હીંદના મહાન બુઝોર્ગ મી૦ દાદાભાઈ નવરોજજી આ લડત ચલાવવા માટે ખુદ ઈગ્લાંડ ગયા હતા. મોટો સરકારી અમલદાર વર્ગ જણાવે છે કે હીંદનો અમલ તેઓનાજ હાથમાં રહેવો જોઈએ. તેઓ કહે છે કે જો અમલ અમો અમારા હાથમાંથી છોડી બીજાના હાથમાં આપીશું તો હીંદમાં તદન અંધાધુંની ફેલાશે. તેઓનાજ આ વીચાર પ્રમાણીક છે; એવું હું સ્વીકારીશ. પણ અમો માનીયે છીએ કે દેશમાં સુધારા દાખલ કરવા માટે હાલના અમલમાં ફેર ર થવાની જરૂર છે. આ અમારા વિચાર પણ પ્રમાણિક છે.

એવા વિચાર ધરાવનારૂં " કેસરી " વર્તમાન પત્ર છે એ પ
સને ૧૮૮૦ મા શરૂ કરવામા આવ્યું હતું, જેથી અઠ્ઠાવીસ વ
થયા એ પત્રમાં મારા વિચારો હું જણાવતો આવ્યો છુ. અલબ
તે આગમચના બીજા પત્રો એવા વિચાર જણાવતાં આવ્યાં
જ્યારે હું તેવાજ વિચારો મારા " કેસરી " પત્રમાં જણાવ
રહેલો છું આ તવારીખ અત્રે આપવાની મારી મતલબ એવું
તાવવાની છે કે હાલના તકરારી લખાણુમાં મેં કાંઈ મારા ન
વિચારો દર્શાવ્યા નથી, પણ જુનાજ વિચારો નવા આકારમાં
તાવ્યા છે. તમો વર્તમાનપત્રો કેવી રીતે વાંચવામાં આવે છે તે
જાણો છો. તેઓનો કાંઇ ચોપડીઓની માફક અભ્યાસ કરવા
આવતો નથી પણ કદાચ ચા પીવાની વખતે અથવા ધીઝ પુર
દે વાંચનાર અહીં તહીં વાંચે છે. જેથી ખેંચાણુ કારક અ
કારમા જુના અને જુના વિચારો આપ્યાથી વાચનારનાં મગ
ઉપર તે ઠસવા પામે છે. આવી રીતે મારા પત્રમાં ફકત જુના
વિચારો નવા આકારમાં દર્શાવવામાં આવેલા હોવાથી એ વિચાર
થી " કેસરી " પત્રના વાંચનારાઓ સારી રીતે ઘણા લાંબા વ
તનાં વાકેફ હોવા જોઇએ. ત્યારે આ લખાણુથી છેક હમણા વા
નારાઓમાં ઉશ્કેરણી ફેલાયલી કેવી રીતે ગણાવી જોઇએ ?

શું ખોટું છે?

એ પછી મી० તીલકે લખાણનો તરજુમો કેવી રી
ખોટો કરવામાં આવ્યો હતો તે લખાણ થોડું થોડું વાંચતાં જ

બતાવવા માંડયું હતું. અગ્રેજી બોલ "ટીરેનીકલ" ઉપર આવતાં મી૦ તીલકે જણાવ્યું કે ખેદકારક બીના એ છે કે મરાઠી બોલો ઘણા થોડા હોવાથી થોડાક તફાવતવાળા ઘણા અંગ્રેજી બોલોનો મરાઠીમા એકજ બોલ જડે છે. દાખલા તરીકે અગ્રેજી બોલો રીપ્રેસીવ, ટીરેનીકલ, ડેસપૉટીક, ઑપ્રેસીવ એ બધાનો મરાઠી અર્થ ફકત જુલમી કરી કરવુ પડે છે. મી૦ જોશી અગ્રે જુબાની આપવા આવતા તમને યાદ હશે કે મેં તેઓને નીચલા અંગ્રેજી વાકયનો મરાઠીમા તરજુમો કરવાને જણાવ્યું હતું,—

A despotic government neednot be necessarily tyrannical તેનો તરજુમો તેઓએ એવો કીધો હતો કે "જુલમી રાજ્યપદ્ધતી જુલમાથીચ અસલી પાહીજે અસે નાહી." આ ઉપરથી તમો જોશો કે તરજુમો કરનાર પોતે ડેસપૉટીક તથા ટીરેનીકલ બોલો મરાઠીમા જુદી જુદી રીતે દર્શાવી શકયો નથી. પણ તેને બને બોલો માટે એકજ મરાઠી બોલ એટલે "જુલમી" બોલનો ઉપયોગ કરવો પડયો છે.

અગ્રે અઢી વાગી જવાથી આગળ કીધેલી ગોઠવણ પ્રમાણે મુકદમો સોમવારે બપોરે સાડા અગીઆર વાગના ઉપર મુલતવી રાખવામા આવ્યો હતો.

છઠ્ઠો દીવસ.

કોર્ટ બેસતાં મી૰ બાળ ગંગાધર તીલકે પોતાનું અગાઉનું ચાલુ અધુરૂં રહેલું ભાષણ આગળ ચલાવતાં જણાવ્યું કે બોમ્બ ફેંકવાના બનાવ ઉપર હીંદમાં ચાલતી જે નુકતેચીની ઉપરથી મારૂં તકરારી લખાણ કરવામાં આવ્યું હતું તેથી હવે તમો મેં અત્યાર સુધીમા જણાવેલા વિચારોથી બરાબર વાકેફ થયા હશો. આ નુકતેચીનીમાં અંગ્રેજી પત્રો એટલે મોટા સરકારી અમલદારી વર્ગના વાજીંત્રો કેવી રીતે ભાગ લે છે તે હીંદી પ્રધાન લોર્ડ મોરલીએ ઓચરેલાં એક વાકયમા આપી શકાશે કે "કાંઇ પણ અશાંતી જણાય તો લશ્કરી ઇલાજો લઇ મજબુત હાથે દાબી નાંખવું તથા એ બાબતમાં કાંઇ પણ વિચાર કરવા થોભવું નહી." "હીંદી પત્રો" જણાવે છે કે હાલની અશાંતિ ખાલી જબરાના ઇલાજો લેવાથી દાબી દઇ શકાશે નહી. પણ હાલનો મામલો શાંત કરવા માટે જરૂરનું એ છે કે પ્રજાકીય માગણીઓને થોડો ઘણો પણ સંતોષ આપવો. સારે નસીબે હીંદી પ્રધાન પોતે પણ એવાજ વિચારો ધરાવે છે. આ મુજબ હીંદમાં નુકતેચીની કરનારાઓના બે વર્ગ પડી ગયા છે. અને મેં અંગ્રેજી પત્રો તરફથી કરવામાં આવતી નુકતેચીનીનો રદિયો પ્રજાનો લાભ ધ્યાનમાં રાખી આપવાનો મારા તકરારી લખાણમાં ઇરાદો રાખ્યો હતો. ફરયાદી પક્ષે મારાં તકરારી લખાણોમાંના કયા ફકરાઓ ગેરરીતુરી છે તે બતાવવાને ના પાડી છે, પણ સારે નસીબે ઇંગ્લાંડના

છેલ્લા મેલ સાથે મળેલાં પત્રોમાં જોવામાં આવતી નુકતેચીની ઉપરથી મારાં લખાણના કયા ફકરાઓ સામે વાંધો લેવામાં આવે છે તેનો કાંઇક ખ્યાલ આવે છે.

વાંધો લેવામાં આવેલા ફકરાઓ.

વાંધો લેવામાં આવેલું એક લખાણ નીચે મુજબ છેઃ—

જો કે બંગાળી જુવાનીયાઓની છુપી મંડળી રૂશીયન બળવાખોરોની માફક સત્તાવાળાઓનું ખુન કરવા માટે ઉભી થઇ નહી હોય, તે છતાં આ વાત યાદ રાખવાની છે કે બોમ્બ ફેંકનારાઓ કાંઇ પોતાનો સ્વાર્થ મેળવવા માટે નહી પણ દેશની લાગણીથી દોરવાઈ કામ કરે છે. નીહીલીસ્ટો તરફથી રૂશિયામાં બળવો સરકારી વર્ગના જુલમને સબબે ઉઠાવવામાં આવે છે. તેવાજ પરદેશી રાજ્યના જુલમના સબબે અત્રેનો હાલનો અશાંત મામલો જોવામાં આવે છે. -

મેં આ વાકય " પાયોનીયર " પત્રે રૂશીયામાં ઉઠેલા બળવાના સંબંધમાં જે ટીકા કીધી હતી તેનો જવાબ આપવાને લખ્યું હતું. પાયોનીયર પત્રે જણાવ્યું હતું, કે "બળવાખોરો તરફથી ફેંકવામાં આવતા ગોળાઓને રૂશિયન સરકારે આખરે નમવું પડશે" અને મેં જણાવ્યું હતું કે ' રૂશિયાના જેવો મામલો હીંદમાં ચાલે છે. અહીંયાં પણ એવાજ ઇલાજ લેવામાં આવે તો તેનું પરીણામ રૂશીયામાં જે આવવાની વકી રખાય તેવુંજ આવવું જોઇએ, પછી અંગ્રેજ સરકાર ગમે એવું મોટું બળ કાં નહી ધરાવતી હોય ! !"

મેં આગળ ચાલતાં જણાવ્યું છે કે બંગાળના ભાગલા
ા સંબંધમાં બંગાળીઓની અરજ જ્યાં સુધી સ્વીકારી લાગ
ા રદ નહી કરવામાં આવશે ત્યાં સુધી હાલનોજ મામલો
ાલુ રહેશે. આ મારી તકરાર કાંઇ નવી નથી. બાબુ રાશબીહા
ી ઘોસ તથા આનરેબલ મી૦ ગોખલે તરફથી લાંબા વખત
મગાઉના એ વિચારો જાહેરમાં દર્શાવવામાં આવ્યા હતા.

ટોટો પકડવા છલંગ મારતી બીલાડીનો દાખલો.

મારાં લખાણમાં આગળ ચાલતાં જણાવવામાં આવ્યું
ે કે બંગાળીઓ જો કે હાલમાં સત્તાવાળાઓ આગળ લાચાર
હોય, તે છતાં આ વાત યાદ રાખવી જોઇએ છે કે એક ઓરડામાં
ઘેરાઇ ગયેલી બીલાડી આખરે જીવ ઉપર આવી પોતાના માર
નારનો ટોટો પકડવાની કોશેશ કરવાને ચુકતી નથી. તેજ પ્ર
માણે બંગાળીઓ એકદમ જીવ ઉપર આવી જાય એવી રીત
ી તેઓ સાથે વર્તણુંક ચલાવવામાં કાંઇ સાર નથી.

આગળ ચાલતાં મેં જણાવ્યું કે બેશક આ વાત ખરી
છે કે પરદેશી અમલને સબબે હીંદુઓનો જુસ્સો નરમ પડી
ગયો છે, પણ તે મહોડેવેહેલો ફાટી નહી નીકળે એવું કાંઇ નથી.

એક વાક્યમાં અંગ્રેજી જુરર તરફથી કરવામાં આવેલી
એવી નુકતેચીનીના જવાબમા જણાવ્યું કે હીંદીઓ તો સુલેહને
ચાહનારા છે. પણ હાલમાં જે અશાંતી જોવામાં આવે છે તેનો
સબબ તો કેટલાક ભાષણ કરનારાઓ તથા લેખકો તરફથી
કરવામાં આવતાં ઉશ્કેરણી ભરેલાં ભાષણો તથા લખાણોનો છે. મેં

તેના જવાબમાં બતાવવા માગ્યું હતું કે "હીંદી પ્રજા પર" આપ ખુદ અમલના જાબતાઓ ખાલી મુંગે મોઢે ખમે છે તથા તેઓને જો તદન નીરાશ કરવામાં આવશે તો આખરે તેઓ" જુસ્સો ઉશ્કેરાયા વગર રહેશે નહી."

મેં મારાં લખાણમાં બોમ્બ ફેંકવાના બનાવો શા કા. રણ બને છે તે બતાવવા માગ્યું હતું. મેં જણાવ્યું હતું હાલનો સરકારી અમલદારોના વર્ગનો અમલ ખામી ભરેલો છે. તેમાં સુધારો કરવામાં આવશે નહી ત્યાંસુધી હાલનો અશાંત મામલો સુધરશે નહી. એક પક્ષ વાળા જણાવે છે કે અશાંતી સબબ થોડાકો તરફથી એવો જણાવવામાં આવે છે કે અશાં ફક્ત કેટલાક ઉશ્કેરણી કરનારાઓ તરફથી ભરવામાં આવ ખુનરી પગલાંને સબબે ચાલતી માલમ પડે છે માટે તે દાબી દેવા માટે લશ્કર તથા પોલીસનો છુટથી ઉપયોગ કરવો જોઇએ છે. મેં જણાવ્યું છે કે ખુદ અમલ ખામી ભરેલો છે તથા જબતાના લાભે લેવાથી અશાંતી દબાઇ જવાને બદલે સામું વધારો થશે, હાલનો અમલ ખામી ભરેલો હોવાની વાત હમણાની નવી નથી તે વરસો થયાં જણાવવામાં આવતી રહી છે. મી દાદાભાઇ નવ રોજજીએ વરસો આગમચ કહાડેલાં ચોપાનીયાંમાં એ બાબત ઉપર લંબાણથી નુકતેચીની કીધી છે અને હું જાણું છું. ત્યાં સુધી કોઇ પણ તેનો સતોષ કારક રદિયો આપી શક્યું નથી.

હાલના અમલમાં રફ્તે રફ્તે સુધારો થયેલો જોવાનો એરાદો.

મારાં તકરારી લખાણના સત્તાવાર તરજુમામાં એવું બતા

માં આવ્યું છે કે જાણે હું હાલના અમલમાં એકદમ ફેરફાર કરી
વવા માગું છું. પણ મારાં અસલ લખાણમાં મેં ફક્ત રફતે
અમલમાં ફેરફાર કરવાની ભલામણ કીધી છે. તથા પ્રાંતીક
ારોની સત્તા વધારવાના સંબંધમાં વીચાર ચલાવવા માટે
વામાં આવેલા કમીશનમાં જુબાની આપતાં પણ મેં ખુલ્લું
વ્યું હતું કે હાલના અમલમાં એકદમ ફેરફાર થયેલા હું જોવા
તો નથી. પણ હાલમાં કાંઇ શરૂઆત થવી જોઇએ કે જેનું
પરીણામ વરસો પછી આપણે ભોગવી શકીશું.

મેં મારા લખાણમાં જણાવ્યું છે, કે જપાનની ફતેહને
એ હવે એશીયાટીક પ્રજાની આંખ ઉઘડી છે, જો હાલના
લમાં રફતે રફતે સુધારા નહી કરવામાં આવશે તો નીરાશ
થા લોકોમાંના કેટલાક બોમ્બ ફેંકવા જેવા આકળા એ
લેવાને ચુકશે નહી તથા તેઓ રૂશિયન રૂટીની નકલ કરશે.

ચણી આપનારાઓને અપાતી કીતીરીની ઉપમાં.

આવીજ ચેતવણી ડાકટર રાશબીહારી ઘોષે તથા નામ
વાઇસરાઇની ધારાસભામાં નામદાર વાઇસરાયની હાજરીમાં
લજપતરાયને કાંઇ પણ પ્રકારની તપાસ ચલાવ્યા વગર
ટો આપવામાં આવ્યો તે વેળા આનરેબલ મી૦ ગોખલેએ
હતી.

સને ૧૯૦૬ ની કલકત્તાની કોંગ્રેસના પ્રમુખ તરીકે ભાષ
રતાં ડાકટર રાશબીહારી ઘોષે જણાવ્યું હતું કે "સત્તાવાળા
હાથમાં બે માર્ગ રહેલા છે. એકતો વખતસર ઇલાજ

સરકારી અમલદારોના વીરોધીઓમાં બે તડ.

આ સરકારી અમલદારના વર્ગના અમલના વિરોધીઓ પક્ષમાં વેંચાઇ ગયા છે એક પક્ષ સરકારને અરજીઓ કરી પોતાની માગણીથી વાકેફ કરી હાલના મામલામા સુધારો મેળવવાની કોશેશ કરે છે, જ્યારે બીજો સરકારને ફક્ત અરજીઓ કરવાથી કાંઇ વળવાનું નથી એવું માને છે, તથા જોઇતો સુધારો મેળવવા માટે પોતે પગલા ભરવાનુ સલાહકારક ગણે છે. આ બીજા પક્ષમાંનો છું મેં તેના સંબંધમાં મારા લખાણમાં જે ઠેકાણે ઇશારો કીધો છે, જે ઉપર આવતા હું એ વિષે કંઇક બોલીશ.

મેં મારા લખાણમાં જણાવ્યું છે કે સરકાર બોમ્બ ફેંકવાના બનાવો સામે સખત ઇલાજો લઇ દાબી દેવાને શક્તિવાન થશે તેમાં કાંઇ શક નથી. પણ આ બોમ્બ ફેંકવાના બનાવોનો સદંતર નાશ કરવા માટે જરૂરનું છે કે બોમ્બ ફેંકવાના બનાવવાનો મુખ્ય સબબ એટલે લોકોને અશાંત કરનારો મોટા સરકારી અમલદારી વર્ગનો આપખુદ અમલ છે તેમાં સુધારો કરવો.

તમો સારી રીતે જાણો છો કે શરીરના કોઇ ભાગ ઉપર મસા ઉભરી નીકળે તો તે મસા જડમુળથી ખાલી બાહેરથી દવા લગાડીનેજ કહાડી નાખી શકાય છે પણ તેથી ખુદ એ પીડા દુર થતી નથી. મસા એક ભાગમાંથી કહાડી નાખતાં તે શરીરના બીજા ભાગમાં ઉભરી નીકળે છે આથી જો શરીર ઉપરથી મસાનો જડમુળથી નાશ કરવો હોય તો બાહેરની લગાડવાની

ભામાં કરે છે. અને નામદાર વોઈસરાય પણ તે સાથે પોતે મ ળતા થાય છે. ફક્ત ફરક એટલોજ છે કે આ સુધારો કેટલો કરવો તેના સબંધમા મતફેર જોવામાં આવે છે. સરકાર સુધારો થોડો કરવા માગે છે જ્યારે પ્રજાકીય વર્ગ તેથી સંતોષ નહી પામતા બહોળા પ્રકારના સુધારા માગે છે.

અમને વારેઘડી કહેવામાં આવે છે કે તમો બોમ્બ ફેંક વાના બનાવ તરફ નાપસંદગી બતાવો છો ત્યારે સરકારના કામ તરફ તમો કેમ પસંદગી બતાવતા નથી. ? લેવામાં આવતી આ તકરારનું ખંડન કરવા માટે મેં ઉપલું લખાણ કીધું હતું. તેમાં જણાવવામાં આવ્યું છે કે બોમ્બ ફેંકવાનાં કામ અમો નાપસંદ કરી એ છીએ. પણ તેજ વેળા સરકાર તરફથી લેવામાં આવતા જાબ તાના ઈલાજો તરફ પણ અમો ના પસંદગી બતાવીએ છીએ.

સને ૧૮૯૪ માં "કોનટેમપરરી રીવ્યુ" નામના ચોપાન્યા માં "એથીકસ ઓફ ધી ડીનેમાઇટ" નામનાં આવેલાં લખાણમાં ડીનેમાઇટ નામના દારૂગોળાની તવારીખના સબંધમાં વીવેચન કરવામાં આવ્યું હતું, જેમાંથી વોઇસરાયની ધારાસભાના એક સભાસદે એક ઉતારો પણ વાચી સંભળાવ્યો હતો, અને તે ઉપરથી મારા લખાણમાં વીવેચન કરવામાં આવ્યું હતું. સને ૧૮૯૩ માં ડીનેમાઇટ જાતના દારૂગોળા ફેંકવાના બનાવ ઇગ્લાંડમાં બનવા પામ્યા હતા. તે ઉપરથી ત્યાં હીંદના બોમ્બ ફેંકવાના બનાવથી એકદમ સળગી ઉઠનારી ચીજોને લગતો કાયદો બાધવામાં આવ્યો છે તેવો કાયદો પસાર કર

મા આવ્યો હતો. આ ઉપરથી " કોનટેમપરરી રીવ્યુ " મનાં ચોપાન્યામાં છાપવું લખાણ આવ્યું હતું.

રઘુનાથરાવની સ્ત્રીએ પેશવાનું ખુન કરવા માટે રચેલો પ્રપંચ.

મી૦ તીલકે તે બાદ જણાવ્યું કે ઘડીભર આપણે ું કબુલીએ કે એકાદ બે જણાનાં ઉશ્કેરણી ભરેલાં ભાષણ વા લખાણથી અંગ્રેજોનાં ખુન થવા પામ્યાં હોય, તો તેથી સરકારને કેટલાકો તરફથી આપવામાં આવતી આવી સ કે,આપેલી વાજબી ગણાશે કે કોઈને પણ ભાષણ અથવા લખાણ કરવા દેવાં નહી ? દાખલા તરીકે નારાયણરાવ પે નાનો હતો ત્યારે રઘુનાથરાવે પેશ્વાની બધી સત્તા પો ના હાથમા લેવા માટે પોતાના એક અમલદાર ઉપર એક ું પત્ર લખ્યું હતું. કે નારાયણ પેશ્વાને પકડવો. આ પત્ર ાઠી ભાષામાં લખવામાં આવ્યું હતું. તેમાં પકડવા માટે " ધરા ' બોલ વાપરવામાં આવ્યો હતો. પણ રઘુનાથરાવની સ્રી એટલા સંતોષ ,પામી નહીં. તેણી નારાયણરાવનું તદન કાટલુંજ ાડવા માગતી હતી, કે જેથી પોતાનો ધણી પેશ્વાની સત્તા ાવે, તેમજ ખુદ પેશ્વા તરીકે પોતાને ઓળખાવી શકે. ાથી તેણીએ "ધરાવા" બોલ આગળનો "ધ" બોલ ભુસી ખી તેને બદલે " મા " બોલ મુક્યો હતો, જેથી વાકય નારાયણરાવલા ધરાવા " નેબદલે " નારાયણરાવલા મારાવા "

એટલે કે નારાયણરાવને મારી નાખો એવું થયું હતું. તે મરાઠા સ્ત્રીઓમાની થોડીકજ લખતા વાંચતા શીખતી છે અને આવી રીતે એક કેળવણી પામેલી સ્ત્રીએ પોતે લીધે કેળવણીનો ગેરઉપયોગ કરી એક પેશવાને મારી નાખ... પ્રપંચ રચ્યો હતો, તેથી શું એમ કહેવાશે કે મરાઠી સ્ત્રી હવે લખતા વાચતા શીખવવાનુ સદંતર બંધ કરવું ?

તોપ વિરૂદ્ધ બોમ્બ.

એ પછી મી૦ તીલકે તા૦ ૨૨ જી જુનનું પોતાનું ભાષણ વાંચવા માંડ્યુ હતું આ લખાણમાં બંદુક તોપ વગે ની શોધથી સત્તાવાળાઓના હાથમાં કેટલી મોટી સત્તા આ. છે તે પ્રથમ બતાવવામાં આવ્યુ છે તેના ટેકામાં એક દા. આપના જણાવવામા આવ્યુ છે કે, જો ઇંગ્લાંડનુ લશ્કર ની દાગ શેહેનશાહ સાતમો એડવર્ડ જે કહે તે મુજબ ચાલવા તથા તે નામદારના દરેક હૂકમ માનવાને તૈયાર થાય તો પો તા પાસેના હથિયાર તથા દારૂગોળાના ડોવતને સબબે ઇં. ડની પ્રજાને લદન લાઓલાજ કરી નાખી શકે, તથા તેના થમાની બધી સત્તા લઇ શકે. "પ્રજાના હાથમાં લશ્કરની સ. થવા માટે ફક્ત બોમ્બનો ઉપયોગ કરવાનો ઇલાજ છે, તે ફક્ત થોડા વખત માટેજ કામમા આવી શકે, કારણ થોડા ઘણાઓના મરણ નીપજાવ્યા ઉપરાત બોમ્બથી કાઇ થઈ શકે નહીં. હીંદમા પણ બોમ્બનો ઉપયોગ કરવાથી હીંદ

. નો અંગ્રેજી અમલ કહાડી નાખી શકાય એવું નથી, એવું
ાદ ખોમ્બ વાપરનારાઓ કબુલ કરે છે, પણ બોમ્બનો ઉપ
ોગ કીધથી દેશમા ચાલતી અશાતી ઉપર સરકારનુ ધ્યાન
ખેચાય છે મારા લખાણમા,પણ એવુજ બતાવવાની ,મન
ાળ હતી કે બંગાળમાં હાલમાં બોમ્બ ફેંકવાના જે બનાવે
ાને છે તેનો એટલોનો લાભ થવા પામશે કે આ દેશમા જે અ
ાાતી ચાલે છે તે ઉપર સરકારનુ ધ્યાન ખેચાશે મારી આ
ાકગના ટેકામા મે સને ૧૮૯૭ મા બે અગ્રેજ અમલદા
ાના કરવામા આવેલા ખુનનો દાખલો આપ્યે હતો મેં જણાવ્યુ
ાતુ કે મરકીને મારી હટાવવાના સરકાર તરફથી લેવામા
આવતા ઇલાજ લોકોને મોટી હેરાનગતીમા ઉતારનાર છે એ
ાી,ફર્યાદ જોગસર ઉઠાવવામા આવતી હતી, પણ તે ઉપર
ાાઇએ ધ્યાન આપ્યુ હતું નહીં. પણ બે અગ્રેજ અમલદારે
ાા ખુન થયા ત્યારે મરકી મારી લેવામા આવતા ઇલાજથી
ાોકોમા ફેલાયલા અસતોષ ઉપર સત્તાવાળાઓનુ ધ્યાન ખે
ચાર્યુ હતુ તે બાદ આગળ ચાલતા મે સરકારને સલાહ આ
પી છે કે આગલા અનુભવનો લાભ લઇ બોમ્બ ફેંકવાન
કાલના બનાવ વેળા ફકત જાપતાના ઇલાજો લેવા ઉપરજ
ધ્યાન નહી આપતા લોકોમા ફેલાયલો અસતોષ દુર કરવા
માટે અમલમા સુધારા કરવાના પગલા ભરવા નહી તો એવા
બનાવો ભવિષ્યમા બનતા અટકાવવાનુ અશક્ય થઇ પડશે.

મુલતવી રહેલો મુકદમો.

અત્રે પોણાછ થવા આવ્યાથી મી० તીલકે તા० ૨ જી પોતાનાં લખાણ ઉપરનું વીવેચન પુરૂં કરી તા० ૯ મી લખાણ ઉપર વીવેચન કરવાનું આજ ઉપર મુદ... રાખવાની ખાહેશ દર્શાવી હતી.

નામદાર જજ્જ—તમને જો હરકત નહીં હોય તો તમારૂં બોલવાનું ચાલુ રાખો.

મી० તીલક—આખો દીવસ ઉભો રહી બોલ્યાથી હું થાકી ગયો છું.

નામદાર જજ્જ—ત્યારે મુકદમો હું આવતી કાલે સવારે સાડાઅગીયાર વાગતા ઉપર મુલતવી રાખું છું.

ઓચરયાંના આધારે દલીલ.

મી० તીલકે પોતાનું અધુરૂં રહેલું ભા. આગળ ચલાવ્યા આગમચ નામદાર જજ્જને જણાવ્યું કે મકાનની જડતી લેતી વેળા જે ઓચરયાંઓ પોલીસે જપ્ત કીધાં હતાં, તેમાંના નંબર ૧૭, ૨૨, ૫૬, ૫૮, ૫૯, ૬૨ ૬૩ તથા ૬૫ નંબરવાળાં ઓચરયાં મને આપવાં, કારણકે તેના સંબંધમાં હું મારાં ભાષણમાં ઇશારો કરવા માગું છું.

ઉપલાં ઓચરયાં આપવામાં આવ્યા બાદ મી. તીલકે પોતાનું ભાષણ આગળ ચલાવતાં જણાવ્યું કે, મારૂં તા० ૯ મી જુનનું લખાણ એકદમ ફાટી ઊઠનારી ચીજો તથા વર્તમાનપત્રો સામેનો જાપતાનો કાયદો તા० ૮ મી જુનની વાઇસરાયની ધારા સભામાં એકીવેળા પસાર કરવામાં આવ્યો હતો

ઊપર કરવામા આવ્યુ હતું. એકદમ ફાટી ઉઠનારી ચીજો
લગતો કાયદો હીંદમા પેહેલવેહેલીજ વાર દાખેલ કરવામાં
આવ્યો છે. તથા તે સને ૧૮૮૩ ના ઇંગ્લાંડના કાયદા ઉપરથી
લાવવામા આવ્યો છે. તા૦ ૮ મી જુને જે તાર મારફતે ખબર
મળી હતી તે ઉપરથી તા૦ ૯ મીનું લખાણ લખવામા આવ્યું
હતુ, જ્યારે વધુ વીગતો મળ્યા ઉપરથી તા૦ ૧૬ મી જુનનુ
લખાણ કરવામા આવ્યુ હતું. વર્તમાનપત્રોને લગતાં કાયદા
ઉપર વાઇસરાયની ધારાસભાના હીંદી સભાસદોએ નાપસંદગી
બતાવી હતી તેઓએ તેની સામે મત આપ્યુ હતું નહી. પણ
ધારાસભામાં એ કાયદો રજુ કરનાર સભાસદ તથા બીજાઓ
તરફથી જે બોલાયુ હતું તે સામે તેઓએ પોતાના વિચાર
જણાવ્યા હતા ધારાસભાના હીંદી સભાસદોની સંખ્યા ઘણી
નાની હોવાથી તેઓને ફક્ત વાંધો બતાવી ચુપ બેસવા ઉપર
જ સંતોષ પકડવો પડે છે એકદમ સળગી ઉઠનારી ચીજોને
લગતો કાયદો આગમચથી પ્રગટ કીધા વગર એકદમ ધારા
સભામા દાખેલ કરી પસાર કરવામા આવ્યો હતો. અલબતે
કાંઇથી એમ નહી કહી શકાશે કે મુજફરપોરના જેવા બનાવ
અને તેના તકસીરવારોને મજા કરવી નહી. પણ જે સામે વાંધો
લેવામા આવ્યો હતો તે એ હતો કે એ કાયદામા પોલીસને
મોટી સત્તા આપવામા આવી હતી. દાખલા તરીકે કેરોસીન
તેલ પણ બોમ્બ બનાવવા માટે વાપરી શકાય એવુ હોવાથી
[illegible] તે કાંઇ

ખરાબ નીયતથી રાખવામાં આવ્યુ હતું નહિ, એવું પુરવાર કરવા જોખમદારી નાખવામાં આવી છે અલબત્તે સને ૧૮૮૩ ના ઇંગ્લાંડના કાયદા ઉપરથી એ કાયદો લેવામાં આ- છે તે કાયદામાં પણ એવી કલમ નાખવામાં આવી છે પણ એ કાયદાનો વહીવટ ઉપર પાર્લામેન્ટ નજર રાખે છે. જ્યારે તો પોલીસના હાથમાં બધી સત્તા જઇ પડે છે. આ સંબંધે ઉપરથી મેં તા. ૯ મી જુનવાળું લખાણ કીધું હતું. તેનું મથાળુ " આ ઇલાજો કામ માટે અસરકારક થઇ પડે એવા નથી એવું કરવામાં આવ્યુ છે." મે એ લખાણમાં અલંકારી ભા- ફરયાદ કીધી છે કે અહેના સત્તાવાળાઓ ઉપેર અંકુશ રા વાની હિંદી પ્રધાન લોર્ડ મેરૂલીની ફરજ છે. પણ તે તે રતો નથી. એ અલંકારવાળું વાકય એ છે કે " હમણા આકાશી પ્રાણીઓ બાહેર પડ્યા-પણ તેને અંકુશમાં રાખના કોઇ નથી." મે આ લખાણમાં જાબતાની રાજ્યનિતી એ- રું તેના અર્થ સમજાવ્યા છે. તેમાં જણાવવામા આવ્યું છે જાપતાની રાજ્યનિતી દેશની ભવીષ્યની કેળવણીનો અ- કરીનેજ અટકતી નથી, પણ આગલા વખતમાં જે સુધારા વધા કરવામાં આવ્યા છે તે પણ નીરૂપયોગી બનાવે છે. આગળઆ- મે જણાવ્યું છે કે બાપણ તથા વર્તમાન પત્રોનુ છુટા જાહેર મતની ખીલવણી કરે છે, તથા તેને ટેકવી આપે

બીજાએ માર્ગ નથી પણ પ્રખ્યાત કીલમકોએ પોતે ૯

છે અત્રે મી૦ તીલકે ફીલસુફીના પુસ્તોકો માથી એવા ફરા ટોકી બતાવ્યા હતો.

બારણું આગળ દેખાએલો ધુમાડો.

મી૦ તીલક પોતાનુ ભાષણ કરતા હતા તેટલામાં બાર તે જે બાજુએ જુરીના ગૃહસ્થો બેઠેલા હતા તે બારણાની નજીક સામે, એકદમ ધુમાડો નીકળતો માલમ પડયો હતો. થોડીજ સેકંડમા ગુમ થઇ ગયો હતો, પણ તેટલામા ઘણાઓનુ ધ્યાન તે ઉપર ખેંચાયુ હતું તે શાનો ધુમાડો હશે, તેના વીચારમા તેઓ પડી ગયા હતા. તથા આ બનાવ ઉપર પોત પોતામા ટીકા કરવા મંડી ગયા હતા. પણ તેમ કરતા તેઓને કોર્ટના બેલીફે તુરત અટકાવ્યા હતા તથા કોર્ટનું કામ જરા પણ હરકત વગર ચાલુ રહ્યુ હતુ.

આ ધુમાડો ફ્લેશ લાઇટની મદદથી જુરીના ગૃહસ્થોની તસવીર લેવામા આવ્યાથી થયો હતો.

બોમ્બ ફેંકવાના બનાવોમાં આસમાન જમીનનો ફરક

મી૦ તીલકે આગળ ચાલતા જણાવ્યું કે મારા લખાણમાં મેં આગળ વધતો જણાવ્યુ છે કે અમેરીકામા લક્ષાધીપતીઓ સાંમે બોમ્બ ફેંકવામા આવે છે તેની તથા હીંદમા દેશમા સુધારા કરાવવા ની નેમથી બોમ્બ ફેંકવામા આવે છે તેમાં આસમાન જમીનનો ફરક છે. એડવોકેટ— જનરલે ગઇ એ લખાણને ખીતુરી જણા વી તે ઉપર મોટી ચાવણી કાઢી છે. પણ મે આ લખાણ એકદમ સમજી ઉકે [illegible] તેને વગતો કાયદો વાન્ડરોસની ધારા સમ

દાખેલ કરતી વેળા સર હારવીએડમસને જે ભાષણ કીધું હતું, તે વેળા તેના દરશાવેલા વીચારો નો જવાબ આપવાની મતલબથી કીધું હતું, તેણે જણાવ્યું કે પશ્ચીમ તરફના રીતુરીઓનાં હથિયારો આ દેશમાં દાખેલ કરવામાં આવ્યાં છે. જે રીતુરીઓને એનારકીસ્ટ તરીકે ગણી સજા કરવાની નેમ રાખવામાં આવી છે. હીંદના તથા પરદેશના બોમ્બ ફેંકનારાઓને એક સરખા ગણવામાં ભુલ કરવામાં આવે છે એવુ જણાવવાની મારા લખાણમાં નેમ રાખવામાં આવી હતી. તથા પરદેશોમા એનારકીસ્ટોને બરાબર રીતે પીછાની ઘટતા એલાજ લેવાથી કેવી અસર થાય છે તે બતાવવા માગ્યું હતું. મેં લખાણમાં જણાવ્યું છે કે પોર્તુગાલમા બોમ્બ ફેંકનારાઓની નેમ રાજ્યમાં સુધારો કરાવવાની હતી. સતા વાળાઓ તેઓની નેમ જોઇ શકયા હતા, તથા એટલુ પણ જોઇ શકયા હતા કે બોમ્બથી ખુન થવાના બનાવો અટકાવવા માટે દેશમાં સુધારા દાખેલ કરવાની જરૂર છે. રશીઆની સરકાર પણ જરૂર જોઇશકી હતી તથા તે સબબે બન્ને રાજ્યોના સતાવાળાઓએ પોતાના દેશમાં યોગ્ય સુધારા દાખેલ કરવાના જોઇતા એલાજ લીધા હતા. અને તેને પરીણામે એ દેશોમાં બોમ્બ ફેંકવાના વધુ બનાવો બનતા વહેવાર રીતે અટકયા હતા. આ બનાવોની યાદ આપી હીંદમાં પણ એવા એલાજો લેવાની અગત્યતા મેં દર્શાવી હતી.

ભળતી બાબતો ઉપરનું મી૰ તીલકનું વીવેચન.

" પામોનીઆર " પત્રે સને ૧૯૦૬ માં રશીઆમાં બોમ્બ ફેંકાવામાં આવ્યા હતા ત્યારે એજ મુજબના વીચારો દર્શાવ્યા હતા. જણાવ્યું હતુ કે બોમ્બથી કરવામાં આવતા ખુનો કમકમાટ ભરેલાં

પણ એટલુંતો કબુલ કરવુ જોઇએ કે, એક દેશના લોકો દેશમાં સુધારો થવાની સદંતર આશા છોડે છે ત્યારે તેઓને બોમ્બ ઉપર આધાર રાખવો પડે છે. લોકો રાજ્યનાં મોટા લશ્કરના હથિયાર તથા દારૂ ગોળા સામે કાંઇ પણ કરવાને સામર્થવાન થતાં નથી, પણ બોમ્બની મદદથી તેઓ સત્તાવાળાઓને ખુબ ખુબ ડરાવી શકે છે; તથા રૂશીયાના શહેનશાહને એ હથિયાર આગળ નમી જવા વગર છુટકો રહેનાર નથી. તમો જાણો છો જેમ પૂણામાં મરકીની શરૂઆતમાં એક અમલદાર એક હીંદુના મકાનમાં દાખેલ થયો હતો તથા ઘરની પવીત્ર જગ્યામાં ગયો હતો. આ ઉપરથી ખટ પટ ઊભી થઇ હતી.

મી૦ બ્રાન્સન — મી૦ તીલક પોતાના મગજમાં આવે તે બાબતો ગમે તેમ તકરારમાં મોંઢેથી રજુ કરી શકે નહી તે બાબતની કાંઇ સાહદનો રજુ થવી જોઇએ. આવો બનાવ ખરેખર બન્યો છે કે કેમ? તેજ પહેલાં તો એક સવાલ છે.

નામદાર જજ— મી૦ તીલક પોતાનાં ભાષણમાં ઘણી એવી બાબતો લાવ્યા છે કે જેને આ મુકદમાં સાથે કાંઇ પણ નીસબત નથી. પણ તેઓને પોતાનાં બચાવમાં કામે લાગે એવી લાગતી બધી બાબતો અત્રે રજુ કરવાનો હક હોવાથી મેં તેઓની વચ્ચે પડી બોલતા અટકાવ્યા નથી. પણ અલબત્ત તેઓ મરજી ગમે તેમ વગર આધારે દાખલા આપી શકે નહીં

મી૦ તીલક— આ દાખલો ધારવાડમાં મળેલા કમીશનના રિપોર્ટમાં નોંધાએલો છે પણ આ રીપોર્ટ કમ નસીબે હાલ મારી પાસે નથી. આથી હું એ બાબત ઉપર વધુ નહી બોલીશ.

બોમ્બ બનાવવાનું સહેલું કામ

મી૦ તીલકે તે બાદ આગળ ચાલતાં જણાવ્યું કે બોમ્બ દેશક.

ના બનાવ બનતા અટકાવવાનું સરકારને માટે કેટલું અશક્ય છે તે બતાવતાં મેં લખ્યું છે કે એક રૈયત પાસેથી બંદુક તલવાર વગેરે સેહેલથી લઇ શકાય છે પણ બોમ્બ કાંઇ તેવી રીતે લઇ શકાતા નથી. એક માણસ બોમ્બ કેમ બનાવવા તેનુ ગ્નાન ધરાવે કે પછી તેને બોમ્બ બનાવતાં કોઇ અટકાવી શકનાર નથી બોમ્બ બનાવવા માટે કાંઇ ખાસ કારખાનું સ્થાપવાની જરૂર નથી. ફક્ત થોડીક ચીજોને સાથે મેળવી કોઇ પણ સાધારણનો શખ્સ પોતાને જોઇતા હમ બાર બોમ્બ સપાટામાં બનાવી શકે. આવાજ વીચારો કલકત્તા તથા મુંબઇના અંગ્રેજી રોજીંદા પત્રોએ બોમ્બથી ખુન કરવાના મુકદમા વેળા અનુભવીઓએ આપેલી જુબાની ઉપરથી દર્શાવ્યા હતા. આવુ લખાણ કરવામા મેં લોકો ને બોમ્બ બનાવવા માટે ઉશ્કેરવાની નેમ રાખી હતી એવુ જણાવી મને તમો ફીતુરી ગણવા માગતા હો, તો બીજા પત્રોએ એવા જ વિચારો દર્શાવ્યા છે, તેઓને પણ ફીતુરી ગણી તેઓને સજા કરો. કલકત્તા તથા મુંબઇના બધા અંગ્રેજી પત્રોએ બોમ્બ ફેંકી ખુન કરવા ના મુકદમામા બોમ્બ કેવી રીતે બનાવવામાં આવે છે તે વગેરેને લગતી અનુભવીઓએ આપેલી જુબાની વીગત વાર પ્રગટ કીધી છે, તેઓએ પણ લોકોમા બોમ્બ બનાવવાનું ગ્નાન ફેલાવવાની નેમ રાખેલી ગણાવી જોઇએ: એવી રીતની તમો તકરાર લેવા બેઠો તો તમે એકે એક પત્રને ફીતુરી ગણી શકશો.

નવી ખબરો બાહાર પાડવાની વર્તમાન પત્રોની અધિરાઇ

હાલના જમાનામાં ચોરી લુટફાટકે ખુનનો બનાવ બનવા પામતા વર્તમાન પત્રો તેને લગતી વીગતો એકદમ બાહેર પાડવાની ઉલટ ધરાવે છે, તથા એ ગુન્હાને લગતો મુકદમો ચાલે તે આગમચ તો તેને લગતી તેરેહવાર વીગતો બાહેર મુકે છે. તેમ કરવામાં તેઓની નેમ ચો

શ્રદ્ કે ખુન કેમ કરવુ તેની લોકોને શુ સમજણ આપવાની ગણ્યુ
? એમ તો તરેહવાર ગુનાઓને લગતી વીગતા આપનારી ચોપડીઓ
ટ કરવામાં આવે છે તે ચોપડી પ્રગટ કરવાની નેમ શું લોકોને ઝેર
ઉપયોગ કરી ખુના કરતાં શીખવવાની ગણાશે !

ફકરાઓ વચાવા સામે મી૦ બ્રાન્સનનો વાંધો.

અત્રે મી૦ તીલકે ઓરીએન્ટલ રીવ્યુ ચોપાનીયામાં આવેલુ
ક ખબર પત્રીનુ લખાણ વાંચવા માંડયું હતું જે સામે મી૦ બ્રાન્સને
ધો લીધો હતો

નામદાર જજ (મી૦ તીલકને) તમે તકરારી લખાણ લખ્યુ
આગમચ ઓરીએન્ટલ રીવ્યુ માનું આ લખાણ તો લખવામાં
વ્યુ નહી હોય.

મી૦ તીલક–નહી પણ એવું બતાવવા માગું છુ કે મેં જે વી
રો દરશાવ્યા છે, તેજ વીચારો બીજાં પત્રોએ પણ દરશાવ્યા છે.

નામદાર જજ (મી૦ બ્રાન્સનને) જો આરોપી એવું ધારતો
ય કે આ લખાણ વાંચવાથી પોતાનો બચાવ કરવામાં મદદ મળશે
હું તેને તે વાચવા દઇશ.

મી૦ બ્રાન્સન–ત્યારે મારે વાંધો લેવો નક્રમો છે.

મી૦ તીલકે જણાવ્યું કે એ વાંચવાથી મારા બચાવમા મદદ
મળશે એવું હુ માનું છું.

મી૦ તીલકે તે બાદ જણાવ્યું કે ઓરીએન્ટલ રીવ્યુ ચોપાની
મા લખાણ કરનાર જણાવે છે કે હીંદમા છુટ ભાટ મુકી કામ લેવાની
રર છે અને તેની રાજનીતિ જ્યાં સુધી અખત્યાર કરવામા નહી આવને
સુધી એમ્બ ફેંકવા જેવા બનાવો બનતા અટકે તે અશક્ય છે.

ચારો, મી૦ તીલકે પોતે લખેલી ચોપડીને લગતી યાદી, સુરતમાં મી૦ તીલકે આપેલાં ભાષણની નકલ, કેટલીક અંગ્રેજી તથા ગુજરાતી વર્તમાન પત્રો વગેરે પરચુટણ ઓચરયાં હતાં. આ વેળા મને ફાટી ઉઠનારી ચીજોને લગતું કાંઇ જ્ઞાન આપનારી ચોપડીઓની જરૂર હતી, કારણ કે ફાટી ઉઠનારી ચીજોને લગતા કાયદા ઉપર વીવેચન કરવાનો મારો ઇરાદો હતો. અને તે મુજબ મેં તા૦ ૧૬ મી જુનના મારા અ ક્રમા " બે નવા કાયદા" એવા મથાળા હેઠળ વીવેચન પણ દીધું છે. આ વીવેચનમા આવેલા ઍકજ વાકય ઉપર હું તમારૂં ધ્યાન ખેંચીશ. તેમા મેં જણાવ્યું છે કે બોમ્બ બનાવવા માટેની ચીજ તરીકે કેરોસીન તેલ જેવી ઘરગતુ ચીજને પણ જણાવી શકાય તથા તેના ઉપયોગ સામે સત્તાવાળાઓ અંકુશ મુકી શકે.

મી૦ તીલકે અત્રે અઢી વાગવા આવ્યાથી પોતાનું ભાષણ ખાણા પછી કોર્ટ બેસતા કરવાનો ઇરાદો જણાવતા નામદાર જજે પૂછયુ કે તમો ભાષણ કરતાં હજુ કેટલો વખત લેશો તેનો તમે મને કાઇ ખ્યાલ આપશો ?

તેના જવાબમા મી૦ તીલકે જણાવ્યુ કે હવે મને ઝાઝું બોલવાનું રહ્યુ નથી અને હું ખરેખર મારૂં ભાષણ આજે કોર્ટ ઉઠે તેટલામા પુરૂં કરીશ.

બાદ કોર્ટ ખાણા માટે ઊઠી હતી,

મી૦ તીલકનું વધુ ભાષણ

ખાણા પછી સાડા ત્રણ વાગને કોર્ટ પાછી બેસના મી.

લકે પોતાનું ભાષણ આગળ ચલાવતાં જણાવ્યું કે હવે હું ૫૩ क ની કલમ હેઠળ મારી ઉપર મુકવાતા આવેલા આરોપ પર આવું છું. કાયદાસર મારી સામે એકી વેળા ૧૨૪ क. લમ તથા ૧૫૧ क. કલમ મુજબ કામ ચલાવી શકાય પણ થી એમ ઠરાવી શકાય કે એક કલમ હેઠળ બીનગુન્હા કરતાં બીજી કલમ મુજબ તકસીરવાર મને ઠરાવી શકાય. અથવા તો બન્ને કલમો હેઠળ સામટો તકસીરવાર ઠરાવી શકાય તે ખુલ્લું થી. ૧૫૩ क. કલમમા શત્રુતાની લાગણી ઉશ્કેરવાની જે કોશેશ કરે એવા બોલ આવ્યા છે.

ઘડિયાળ ભાંજવાની કોશેશ

મેં તમને આગળ જણાવ્યુ છે તેમ કાયદાસર ત્યારેજ કોશેશ કીધેલી કહેવાય કે જ્યારે કોશેશ કરવામાં કાંઈ નેમ રાખવામાં આવી હોય દાખલા તરીકે હું ફક્ત એક પથ્થરો ઉપાડી તે ફેંકું તો કાયદા મુજબ મેં કોઇ પણ પ્રકારની કોશેશ કીધેલી ગણાય નહી પણ જો હું એક પથ્થર રાજાબાઇ ટાવરના મીનારા ઉપરના ઘડીયાળને ભાંજવા માટે ફેંકું તો એ ઘડીયાળ ઘણું ઉંચે હોવાથી હું તેને કંઇ પણ નુકશાન નહી કરી શકું તથા પથ્થરો ઘડીયાળને જઇ નહી લાગતા બીજી જગમ જઇ પડે તે છતા મેં નુકશાન કરવાની કોશેશ કીધેલી ગણાય મેં કોશેશ કીધી એવું કાયદા સર બતાવવા માટે એટલુજ પુરવાર કરવાનુ રહે છે કે મેં રાજાબાઇ ટાવર ઉપરના ઘડીયાળ તરફ

પથ્થરો ટાંકયો હતો. આ કલમમાં એવું જણાવવામાં આવ્યું છે અંગ્રેજી રૈયતના વર્ગમાં ઉશ્કેરણીની ફેલાવવાની કોશીશ. કરવામાં આવે છે. હવે વર્ગો એટલે શું ? આ મુકદમામાં કહેવામાં આવ્યું છે તેમ એ વર્ગો અંગ્રેજો તથાહીંદીઓના થઇ શકે. અથવા તો એસલામીઓ તથા,હીંદીઓ એવો થઇ શકે. એટલે કેજે વર્ગો કાયદાના હોય તે વર્ગો ગણી શકાય. પણ એ રાજદ્વારી પક્ષો પડી ગયા હોય તેને કાંઇ વર્ગો કહી નહી શકાય. હીંદ દેશ ઘણી કોમોમાં વેહેચાઇ ગયેલો છે તથા આ કાયદાની નેમ એ છે કે કોઇ કોમો વચ્ચે દુશ્મનની નહી ઉભી કરવી. કે જેથી કોમો એક બીજા સાથે વઢી પડે. પણ આ કલમમાં જણાવવામાં આવ્યું છે કે આરોપીને ગુન્હેગાર ઠરાવી શકાય ને માટે તેણે લખાણું કરવામાં ગનુવટ ભરેલી લાગણી ઉત્પન્ન કરવાની નેમ રાખેલી પુરવાર કરવી. જોઇએ છે. દાખલા તરીકે હું એક ચોપડી પ્રગટ કરી એસ્લામી તથા હીંદીઓ કેવી રીતે વેંહેચાઇ ગયલા છે. તેઓ વચ્ચે અંતર શા સબબસર પડી ગયો છે. તે વગેરેનું વર્ણન આપુ તેથી કાંઇ મેં એ બે કોમો વચ્ચે દુશ્મની ઉભી કરવાની કોશીશ કીધેલી ગણાય નહી. મારા બીજા લખાણના સંબંધમાં મારી ઉપર ૧૨૪ ક. તથા ૧૫૩ક કલમ મુજબ આરોપ મુકવામાં આવ્યો છે. આ લખાણુ એકદમ સળગી ઉઠનારા ચીજો તથા વર્તમાન પત્રોને* લગતા કાયદા ઉપર વીવેચન કરવા માટે આવ્યું છે એ લખાણુ કંઇ મોટા સરકારી અમલદારોના અમલ સામે લખવામાં આવ્યું નથી. આથી એવુ કહી શકાશે કે આ લખાણુ કોઇ પણ વર્ગના સંબંધમાં કરવામાં આવ્યું નથી. વખતે એમ કહેવામાં આવશે

* મારા બીજાના લખાણુમાં સળગી ઉઠનારી ચીજને લગતા કાયદા

ાપર મેં વીવેચન કીધેલું હોવાથી તેમા લોકોને એમ્ન કે કહેવાની ાકેશ્ણી કરવામાં આવી છે લોકો એટલે ચોકસ વર્ગો એવો અર્થ ારી શકાય. પણ સરકારી અમલદારોને અંગ્રેજી રૈયતના વર્ગમાં કેવી ાતે ગણી શકાય તે હું સમજી શકતો નથી. સરકારી અમલદારો પોતા ા અમલ કરનારાઓ તરીકે ઓળખાવે છે જેથી તેઓ તેજ વખતે ૈયતના વર્ગમાં કેવી રીતે આવી શકે ? તમે નામદાર મારા ઉપર મુકવામાં આવેલો આરોપ વાંચશો તો મારી બોલવાની મતલબ સમજી શકશો.

નામદાર જજ—તમો ઉપર મુકવામાં આવેલા આરોપોમાં અંગ્રેજી ૈયતના વર્ગો વચે ઉશ્કેરણી ઉત્પન્ન કરવાની કોશેશ કરવામાં આવી કે એમ જણાવવામા આવ્યું છે,

મી૦ તીલક—પણ તેમાં ક્યાં ખાસ વરગોમા ઉશ્કેરણી ઉત્પન્ન ારવાની કોશેશ કરવામાં આવી છે તે નીશ્ચીત રીતે જણાવવામા આ વ્યું નથી.

નામદાર જજ—હા

મી૦ તીલકે તે બાદ જણાવ્યું કે એવી રીતે નીશ્ચીત આરોપ કરાવેલો નહીં હોવાથી મને બચાવ કરવામા મુશ્કેલી નડે છે. હું હાલમાં તો એવું માની લઇ મારા વીચારો જણાવીશ કે મારી ઉપર હીંદીઓ તથા અંગ્રેજો વચ્ચે દુસ્મનની ઉત્પન્ન કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે. જોકે ખરું જોતાં નીશ્ચીત આરોપ નહીં મુકવામા આવેલો હોવાથી મારી ઉપરથી કહાડી નાખવો જોઇએ. પણ તે વાત બાજુએ મુકતાં હુ જણાવીશ કે મારા તા૦ ૧૨ મી જુનનાં લખાણને હીંદીઓ તથા અંગ્રેજો વચેના સંબંધ સાથ

કાંઇ પણ લાગતું વળગતું નથી. એ લખાણ ફક્ત એકદમ સળગી ઊઠનારી ચીજોને લગતા તથા વર્તમાનપત્રો ઉપરના જાપતાને લગતા કાયદાઓ ઉપર વીવેચન કરવામાં આવ્યું છે. મારી સામે એકજ આરોપ માટે બે કલમ એટલે ૧૨૪ ક. કલમ તથા ૧૫૩ ક. કલમ મુજબ કામ ચલાવવામાં આવ્યું છે. આપણે વારે ઘડી આ કહેવત સાંભળીએ છીએ કે એક કાંકરે બે પક્ષી મારવાં આ કહેવત જો પથરો પુરતાં જોરથી ફેંકવામાં આવ્યો હોય તો તે બે પક્ષીઓનાં મરણ નીપજાવી શકે એવું હોવાથી ખરી પડી શકે. પણ એકજ કામ બે જુદા જુદા કાયદા મુજબ ગુનાહ ભરેલું કેવી રીતે ગણી શકાય? તથા એક બારગી ગુનાહ ભરેલું ગણીએ તો પણ એકજ કામ માટે બે જુદા જુદા કાયદાઓ હેઠળ કેવી રીતે સજા કરી શકાય તે મારાં ધ્યાનમાં ઉતરતું નથી. આથી હું પહેલેથીજ જણાવતો આવ્યો છું કે ફરીયાદપક્ષે મારી ઉપર કોઇ પણ રીતના નીશ્ચીત આરોપો મુકવા જોઇતા હતા. વળી જુરીએ યાદ રાખવાનું છે કે પોતાનો અભીપ્રાય તેણે મુકવામાં આવેલા આરોપો ઉપરથીજ નહી પણ આરોપ કેવા સંજોગો વચ્ચે કરવામાં આવ્યો હતો તે ધ્યાનમાં રાખી આપવાનો છે. મારી સામેનાં "કેસરી" પત્રમાં ફીતુરી લખાણ કરવા માટેના કેસના મુકદમામાં નામદાર જજ મી૦ સ્ટ્રેચીએ જુરીને જુબાનીનો સાર કહી સંભળાવતાં જણાવ્યું હતું કે તમારે આ લખાણ કેવે વખતે તથા કયા સંજોગો વચ્ચે કરવામાં આવ્યું હતું તે ઉપર ધ્યાન આપવાનું છે. હું ઉમેદ રાખું છું કે તમો નામદાર પણ જુરીને જુબાનીનો સાર કહી સંભળાતાં તે લખાણ કેવે વખતે, કઇ તરેહ, ક્યા મથક તથા આસપાસના કેવા સંજોગો વચ્ચે કરવામાં આવ્યું હતું તે ધ્યાનમાં રાખવાને જણાવશો, જુરી

આસપાસના સંજોગોથી બરાબર રીતે વાકેફ થઇ શકે તે માટે મેં ભાગ લખાણની સમજણ આપતી વેળા કેવા સંજોગો વચ્ચે તે લખવામાં આવ્યું હતું તે લંબાણથી દર્શાવ્યું છે.

હવે હું એક ખાનગી આસામીને પોતાનો બચાવ કરવાનો હક રહે છે તે વિષે બોલીશ. જોકે હીંદી ફોજદારી કાયદાની કલમમાં સ્વબચાવ કોને કહેવો તે વિષે કાંઇ ખોલાસો આપવામાં આવ્યો નથી હું પુછીશ કે એક જણે કોઇની બદનક્ષી કીધી હોય તો જેની બદનક્ષી થઇ હોય તેણે ઇન્સાફ મેળવવા માટે કોર્ટમાંજ જવું જોઇએ એમ છે કે તે પોતે પોતાનો બચાવ કરી તેનો જવાબ નહી આપી શકે ? હું આજ મુકદમાના સંબંધમાં એને લગતો દાખલો આપીશ. અંગ્રેજી પત્રો હીંદીઓ ઉપર સખ્ત હુમલા કરતા હતા. સરકારને જણાવવામાં આવ્યું હતું કે હીંદીઓ ઉપર અંગ્રેજી પત્રો તરફથી આવી રીતે હુમલો કરવામાં આવે છે, તેમાંથી તેઓનો બચાવ કરવા માટે અંગ્રેજી પત્રો સામે કાયદા મુજબ કામ ફક્ત સરકારજ ચલાવી શકે એવું છે. પણ સરકારે તેમ કરવાને ના પાડી હતી ત્યારે શું હીંદી પત્રોને હીંદીઓ ઉપર થતા હુમલામાંથી પોતાના બચાવ માટે લખવાનો હક નહી હતો ?

વર્તમાન પત્રોનું છુટા પણું,

